श्रीसनातनवेदधर्मोविजयतेतराम् ॥

ब्रह्मर्षिकृतग्रंथमालाचतुर्थमणि

ॐ

ब्रह्मर्षि गीता.

कर्त्ता

ब्रह्मर्षिश्री हरेराम शर्मा.

श्री सनातन वेदधर्मो विजयतेतराम् ।

ब्रह्मर्षिकृत ग्रन्थमाला चतुर्थमणिः

ॐ

ब्रह्मऋषि गीता.

कर्त्ता अने प्रकाशक

(ગુજરાતી ખંભાતી ઔદિચ્ય ટોળક જ્ઞાતીય ગોત્ર
શાંડિલ્ય શુકલ યજુર્વેદ માધ્યન્દિનીય શાખાધ્યાયી)

બ્રહ્મર્ષિ પંડિતશ્રી હરેરામ સુજ્ઞરામ શર્મા.

ઠે. સારંગપુર, તળીઆની પોળ ઋષ્યાશ્રમ

અમદાવાદ.

સંવત ૧૯૭૯. શાકે ૧૮૪૪.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

મૂલ્ય ૦-૮-૦

समुद्रतीरे विमले [illegible] स्तंभाख्यतीर्थे [illegible] गुर्जरेषु । वस[illegible]हितत्राग्निविधानदक्षोः य[illegible]स्यकर्ता श्रुतिसारवक्ता ॥१॥ श्रीविष्णुदेवी न[illegible] यस्यमाता पितातिपूज्यश्चहि सुज्ञरामः । पत्नी महादेव्यथ-सुप्रसिद्धा ब्रह्मर्षि पूर्वो हरेराम शर्मा ॥२॥ यस्य-शुक्लं यजुर्वेदो राजयोगी च पाण्ड[illegible]ः । श्रीसद्गुरु-देवाख्योहि गीता प्रबन्धकारकः ॥३॥

જ્યાં આગળ સ્વચ્છ જલ છે એવા સમુદ્રને કીનારે ગુજરાત દેશમાં (સ્તંતીર્થ) ખંભાત નામના પવિત્ર ગામમાં રહેનાર અગ્નિહોત્રી ને યજ્ઞ કરનાર તથા વેદ ધર્મના ઉપદેશક તથા જેનાં માતા વિષ્ણુદેવી છે તથા પીતા શ્રી સુજ્ઞરામ છે તથા સ્રી મહાદેવી નામના છે તથા જેનો શુક્લયજુર્વેદ છે એવા રાજયોગી ને પંડિત શ્રી સદ્દગુરૂ દેવ નામના બ્રહ્મર્ષિ હરેરામ શર્મા આ ગીતાનો પ્રબન્ધકર્તા છે.

શ્રી " જ્ઞાનમન્દિર " પ્રિન્ટીંગ પ્રેસમાં
શંકરરાય અમૃતરાયે છાપ્યું.
રાયપુર, વાઘેશ્વરની પોળ
અમદાવાદ.

॥ ॐ नमस्तत्सत्परमात्मने ॥

प्रस्तावना.

आसमुद्रात्तु वै पूर्व्वादा समुद्रात्तु पश्चिमात् ।
तयोरेवान्तरं गिर्य्योरार्य्यावर्तं विदुर्बुधाः ॥
एतद्देश प्रसूतस्य सकाशादग्रजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन्पृथिव्यां सर्व्वमानवाः ॥

સનાતન વૈદિકધર્મપ્રિય જીજ્ઞાસુગણ ?

પ્રયોજન વિના સામાન્ય મનુષ્યની પણ કાર્યમાં પ્રવૃત્તિ અશકય છે, એ ન્યાયે આ પુસ્તકના સંબંધમાં પણ પ્રયોજન જાણવાને અવશ્ય આકાંક્ષા થવાની જ. અને તે આકાંક્ષા પુસ્તકને વાંચવાથી જ પૂર્ણ થાય તેમ છે, છતાં પ્રસ્તાવનાથી પ્રકરણને પુષ્ટિ મળે, ગ્રન્થકર્તાના ઉદ્દેશો સ્હમજાય, લાભ અલાભનો વિવેક સુઝે ને પુસ્તકની યોગ્યતાનું સંરક્ષણ થાય; એવાં કૈંક કારણોને લઇને બે ચાર સુવાકયો અમ્હે પણ આ ગ્રન્થારંભમાં મૂકીશું. ચોપાસ અધર્મની જ્વાળાઓ ઝગી રહી હોય, બેબાકળો ધર્મ આત્મરક્ષાના અર્થે અહિં તહિં લપાતો હોય, અનાચારના ધુમે સદાચારિયોનાં નેત્રોને વ્યાકુળ બનાવ્યાં હોય, શિષ્ટતા અને શુદ્ધ વંશ પરંપરા બ્હીતી

બ્હીતી ગિરિકંદરાઓ ખોળતી હોય, ધર્માભાસો પોતાનાં વિજયનિશાન ફરકાવતા હોય, છલ ધર્મ દિવસે દિવસે વૃદ્ધિ પામી રહ્યો હોય, ઉપધર્મનાં લચંડોનુ બંડ જ્યહાં ત્યહાં સ્પષ્ટ પ્રતીત થતું હોય એટલે ટુંકાણમાં અનાર્યોની ઉછૃંખલતાએ આર્યોને અનાર્ય થવા જેવો પ્રસંગ ઉભો કર્યો હોય ત્યારે શું કરવું એવા એક કે વધારે પ્રશ્ન કયા પવિત્ર મહા પુરૂષના હૃદયમાં નથી ઉદ્‌ભવતા ? રે આર્યાવર્ત ! આ દુર્દશા !! પૂર્વ અને પશ્ચિમ મહાસાગરની નિકટના પર્વતોનો મધ્ય ભાગ આર્યાવર્તને નામે ઓળખાય છે ને તે પ્રદેશમાં રહેનારા દરેક મનુષ્યને પોતાનાં વર્તન કયા રૂપમાં મૂકવાં, ધર્મ કોને કહેવો, કયો પુરૂષ બોલે ને તે ધર્મ કહેવાય, તે બોલનારનું જ્ઞાન શિક્ષણ વિગેરે કેવાં હોવાં જોઇએ ઇ૦ તે પ્રદેશમાં રહેનારને અવશ્ય જાણવાનું છે, પણ કયાં છે એ મર્ય્યાદા ! કયાં છે હવે તેવા સદાચારિ દ્વિજો ! ને કયાં છે ત્હેમને શિક્ષણ આપનાર મહાભાગદ્વિજાગ્રણી ? કાળે કરીને અસ્તવ્યસ્ત થઈ ગયેલી શુદ્ધ પુરાતન પદ્ધતિનો ઉદ્ધાર કરવા કયો આપ્ત પુરૂષ ઉત્સાહ ધરાવે છે ! જો સાહિત્યનો અભાવ હોય ને આવાં આંખમીચામણાં થતાં હોય તો તે યોગ્ય કહેવાય. પરન્તુ આ તો પ્રમાદની તન્દ્રા પવિત્ર મહાજનને પ્રભાતમાં મધ્યરાત્રિ બતાવે છે. પ્રાચીન મહર્ષિગણનો અપ્રતિમ ઉપકાર આ દેશમાં અનેક જન્મ લેનારને

પણ ભૂલવા જેવો નથી, તેઓએ પોતાના અમૂલ્ય અવસરને પ્રજાજીવનના લાભમાં કેટલો ખર્ચ્યો છે તે ત્હેમના ઉદ્દેશો જોતાં સ્હમજી શકાય, એવા ઉપદેશો આપી વર્ણાશ્રમ વ્યવસ્થાના નિયામક થવા ત્હેમના કેટલા વંશજો વારસો ધરાવે છે. આ બધાનું નિરાકરણ વાંચક મહાશયના હૃદયને સોંપી પ્રસ્તુત ઉપર ધ્યાન આપીશું.

જગન્નિયન્તાના આશ્ચર્યજનક સામ્રાજ્યમાં કયો પદાર્થ નિરીક્ષણ કરતાં આશ્ચર્ય વિનાનો છે, બધું સરસ છે. સરસ –નીરસની વ્હેંચણી પાત્ર ઉપર નિર્ભર રહેવાની. આ પુસ્તકનું નામ સાંભળતાં જ આશ્ચર્ય થશે. ગીતા એ બે અક્ષરના શબ્દને અતિશયોક્તિ ન કરીએ ને એમને એમ કહી જઇએ તોહે ઘણા ખરા જાણે છે એમ કહેવું પડે.

પૂર્વ સમયમાં જ્હેમ **तदेष श्लोको भवति**–તે આ આ શ્લોક છે એટલું કહેવાથી આખી સભા ચકિત થઇ ઉઠતી તેવો હાલનો સમય નથી પણ હવે તો ભગવાન કૃષ્ણની વાણીમાં ભગવદ્ગીતાના ગાન વડે ઘણું કરીને આખી દુનિયાં ડોલી રહી છે, એ ગાને ઘણા જાગ્રત થયા છે ને ઘણાએ **कर्मण्ये वा धिकारस्ते-मा फलेषु कदाचन.** ત્યારે કર્મ કરવાનાં છે ફળની લાલચ રાખવાની નથી. એ સૂત્રને સારી રીતે સ્હમજી લીધુંછે. ભગવદ્ગીતાની પાછળ રાગડા તાણનારમાં આની

ગણના કરવી તેતો એની નિન્દાજ કહેવાશે પોતે દોષરૂપ કલંકથી મુક્ત છે એટલું જ નહિ પણ જરૂર જણાયે ભગવદ્ગીતાનુ સાહચર્ય પણ એના ભૂલવામાં નથી આવ્યું તે હ્‌નેની પ્રશંસા વિના આપણે સ્હમજવાનું ને કહેવાનું છે. કૃષ્ણ યજુર્વેદના તૈત્તિરીયોપનિષદની શિક્ષાઓએ આ ગ્રન્થનું બીજ છે ને હ્‌નેને બીજી શ્રુતિ સ્મૃતિયોના સમર્થને સીંચન કરી અંકુરિત કર્યું છે, સુવાકયો અને સારા ઉદ્દેશોએ પલ્લવિત થયું છે. વર્ણાશ્રમધર્મની મર્યાદા સાચવે પુષ્પનો વિકાસ દેખાશે ને છેવટનાં સુચારિત્ર્યો દ્વારા આધ્યાત્મિક ફળનો આસ્વાદ તો જાણે તે મ્હાણે? બ્રહ્મર્ષિઓયે જે કૈં ધાર્મિક કર્તવ્યોના ઉહાપોહનું ગાન કર્યું હોય ને તે જ્ઞાન પોતાના જેવા પરસ્પરથી ભિન્ન ન પડતું હોય, અવળે રસ્તે ચઢી જતા સમાજની રક્ષાનો ભાર પોતાના ગાનને જ અવલંબીને રહ્યો છે એમ કલ્પનાથી વા કોઇ દૈવી સિદ્ધિ કે હૃદયના આન્દોલનોથી તેમજ પ્રિય શિષ્યની જીજ્ઞાસાથી પ્રકટ થતું હોય તે યોગ્ય છે કે બ્રહ્મર્ષિ-ગાન વા બ્રહ્મર્ષિ ગીતા એ નામે ઓળખાય જ.

આ પુસ્તકની યોજનામાં પ્રયોજન એજ કે વેદ ઉપર શ્રદ્ધા રાખનાર વર્ણાશ્રમનો અભિમાની હરેક મનુષ્ય પોતાનો અધિકાર ને પોતાનાં કર્મ સ્હમજે. ભારતના પ્રાચીન નિવાસીઓના વંશમાંથી ઉતરી આવેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય

તથા શૂદ્ર એ દરેક હાલમાં પોતાનાં પ્રાચીન કર્મથી વિમુખ થયા છે, પૂર્વેના મહર્ષિઓએ એ દરેકને માટે વિભાગ પ્રમાણે ધર્મ–કર્તવ્ય કહ્યાં છે ને દરેકે આ પ્રમાણે જ વર્તવું એમ મર્યાદા ફક્ત નામ માત્રની જ છે તો એ મર્ય્યાદા ફરીથી પાછી પોતાનું પૂર્વરૂપ ગ્રહણ કરે ને આ ધીમે ધીમે હ્રાસ પામતા વૈદિક ધર્મને પુષ્ટિ મળે.

આપણાં ધર્મશાસ્ત્રો પ્રમાણે પુરૂષ તથા સ્ત્રી ધર્મનું એક ચોક્કસ નિરૂપણ ટુંકાણમાં કર્યું છે જો કે આને માટે ધર્મશાસ્ત્રના અનેક ગ્રન્થો છે પણ તે સંસ્કૃત ભાષામાં છે જેથી અભ્યાસ કરવા લાયક છે. ઉપરાંત હાલના સમયને અનુસરી થયેલાં ઘણાંખરાં ગ્રન્થોના ભાષાન્તરો ગ્રન્થ પ્રમાણે ગૌરવભર્યાં હોવાથી સામાન્ય મનુષ્યને શું કરવું ને શું ન કરવું તે બાબતમાં સંદેહ રહે છે અને વળી તેવાં પુસ્તકોનાં નામ પણ ઘણાખરાએ સાંભળ્યાં નહિ હોય એમ કહીએ તો ચાલે. શાસ્ત્રીય વિષયનું નિયમિત જ્ઞાન થયા પછી પ્રફુલ્લ બુદ્ધિવાળો મનુષ્ય પોતે જ ત્હેની વૃદ્ધિ માટે પ્રયત્નશીલ થશે જ, સંક્ષેપથી લખાયલો આ ગ્રન્થ બ્રહ્મર્ષિઓની શિક્ષાઓને પ્રધાન–પદ આપીને જ પુષ્ટ વિપુષ્ટ થયો છે એકજ વૈદિક શિક્ષાના પ્રવચનને બીજા શ્રુતિ–સ્મૃતિના ઉદ્દેશોથી સમર્થન આપ્યું છે તેટલુંજ જાણવું બસ છે; જેઓને પોતાના સનાતન વૈદિક ધર્મના સિદ્ધાન્તો જાણવાની ને તે

પ્રમાણે વર્તવાની ઉમેદ હોય તેઓ આ પુસ્તકના અધિકારી છે, તેમજ આ શિક્ષાને માન આપી આ પુસ્તક વિના બીજા ધર્મશાસ્ત્રીય પુસ્તકો વાંચનારા, તે પ્રમાણે કર્મ કરનારા અન્યને આ પ્રમાણે ઉપદેશ આપી ત્હેને અજ્ઞાનથી છોડાવનારા વિગેરે હરકોઇ સજ્જન થોડા કે ઝાઝાઓ અધિકારી છે જ.

મનુષ્ય માત્રને દુરાચરણથી હઠી સદાચારનું શિક્ષણ મેળવવું આવશ્યક છે, પરંતુ જ્યહાં સુધી ધાર્મિક સિદ્ધાતો યે હૃદયને પવિત્ર ન કર્યું હોય ત્યહાં સુધી પાપથી નિવૃત્તિને પુણ્યમાં પ્રવૃત્તિ થવી અશક્ય તેમજ અસંભવિત છે. આરંભથી અન્તપર્યંત વિના ઉમેરણે આ પુસ્તકની યોજના થઇ છે, સારૂં છે એવા ઉદ્ગારોને લાયક તો પ્રાચીન મહર્ષિયોનું હૃદય વિના કહે સુપ્રસિદ્ધ છેજ.

પ્રિયજન ? વિશેષ પ્રસ્તાવનાથી વિરામ પામી આટલું અને આમ જ પૂછવું કે કહેવું યોગ્ય છે કે, આર્ય ? ભારતવાસિન્ ?

આ શિક્ષાઓના પરિપાલનની પદ્ધતિનો સ્વીકાર કરી પુરૂષાર્થ કરવું એજ કર્તવ્ય છે.

શુભેચ્છુ

બ્રહ્મર્ષિશ્રી હરેરામ સુજ્ઞરામ શર્મા.



"શ્રી સનાતન ધર્મોપદેશક બ્રહ્મર્ષિજી"

A 2121 Lakshmi Art, Bombay 8

॥ ॐ तत्सत्परमात्मने नमः ॥

॥ अथ ब्रह्मर्षि गीता ॥

ॐ सहनाववतुसहनौभुनक्तुसहवीर्यंकरवावहै ।
तेजास्विनावधीतमस्तुमाविद्विषावहै ॥१॥

॥ ॐ शान्तिः ॥ शान्तिः ॥ शान्तिः ॥

मंगलम् ॥

अशुभानिनिराचष्टेतनोतिशुभसंततिम् ।
स्मृतिमात्रेणयत्पुंसांब्रह्मतन्मङ्गलंपरम् ॥१॥

સ્મરણુ માત્રવડે જે મનુષ્યોનાં સંકટોને દૂર કરે છે, તથા કલ્યાણુ પરંપરા વિસ્તારે છે; તે પરંબ્રહ્મ પરમાત્માજ શ્રેષ્ઠ મંગલસ્વરૂપ છે. ૧

यस्माज्जातंजगत्सर्व्वंयस्मिन्नेवविलीयते।
येनेदंधार्यतेचैवतस्मैविश्वात्मनेनमः ॥२॥

આ સંપુર્ણુ જગત જ્હેનાથી ઉત્પન્ન હોઈ જ્હેમાં લય પામે છે અને જે ત્હેને ધારણુ-પાલન કરે છે; તે વિશ્વાત્મા પ્રભુને પ્રણુામ હો! ૨.

चित्सदानन्दरूपायसर्व्वधीवृत्तिसाक्षिणे
नमोवेदान्तवेद्यायब्रह्मणेऽनन्तरूपिणे ॥३॥

બુદ્ધિની તમામ વૃત્તિયોના સાક્ષી, અનેક રૂપવાળા, વેદા-ન્તથા જાણી શકાય તેવા; ચિત્-જ્ઞાન, સત્-નિત્ય, આનન્દ સ્વ-રૂપને પ્રણુામ હો! ૩

उत्तिष्ठत ॥ जाग्रत ॥ प्राप्यवरान्निबोधत ॥

शिक्षा

वेदमनूच्याऽऽचार्योऽन्तेवासिनमनुशास्ति।सत्यंवद। धर्मंचर।स्वाध्यायान्माप्रमदः।आचार्य्यायप्रियंधनमाहृत्यप्रजातन्तुंमाव्यवच्छेत्सीः। सत्यान्नप्रमदितव्यम्। धर्म्मान्नप्रमदितव्यम्। कुशलान्नप्रमदित-

व्यम् । भूत्यैनप्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यांन प्रमदितव्यम् । देवपितृकार्य्याभ्यांनप्रमदितव्यम् । मातृदेवोभव । पितृदेवोभव । आचार्य्यदेवोभव । अतिथिदेवोभव । यान्यनवद्यानिकर्म्माणितानिसेवितव्यानि । नोइतराणि । यान्यस्माकंसुचरितानि तानित्वयोपास्यानि । नोइतराणि । येकेचास्मच्छ्रेयांसोब्राह्मणास्तेषांत्वयासनेनप्रश्वसितव्यम् । श्रद्धयादेयम् । अश्रद्धयादेयम् । श्रियादेयम् । ह्रियादेयम् । भियादेयम् । संविदादेयम् । अथयदितेकर्मविचिकित्सावास्यात् । येतत्र ब्राह्मणाःसंमर्शिनोयुक्ताआयुक्ताअलुक्षाधर्मकामाःस्युः । यथातेतत्रवर्तेरन् । तथा तत्रवर्तेथाः ॥

ઉઠો ? જાગો ? આશીર્વાદ મેળવીને સહમજો ?

વેદ ભણાવીને આચાર્ય્ય પાસે રહેનાર (શિષ્ય)ને ઉપદેશ કરે છે–સાચું બોલ્ય ? ધર્મનું આચરણ કર ; સ્વાધ્યાય (હમ્મે-

શના અભ્યાસ)થી ભૂલ ન કર ! આચાર્યને વ્હાલું ધન ઉપહાર કરીને સંતાન-તાર ને ન છેદીશ ? સત્યથી, ધર્મથી અને કુશળ-થી ભૂલ ન કરવી જોઇએ, સમ્મૃદ્ધિને માટે ન ભૂલવું, નિત્ય-પાઠ અને પ્રવચનથી પ્રમાદ ન કરવો, દેવ અને પિતૃકાર્યોથી ભૂલ ન કરવી; માતાને, પિતાને, આચાર્યને તથા અતિથિને દેવ સ્હમજી સેવા કર ? જે અનવદ્ય-અનિન્ધ-પ્રશસ્ત કર્મ હોય તે સેવવાં, બીજાં નહિ; જે અમ્હારાં સુચારિત્ર્યો હોય તે ત્હારે ઉપાસવાં, બીજાં નહિ; જે કોઇ અમ્હારા કલ્યાણકારક બ્રાહ્મણો હોય ત્હેના આસન ઉપર ત્હારે ન બેસવું, શ્રદ્ધાથી દાન કરવું, શ્રદ્ધા ન હોય તોહ્યે દાન કરવું, લક્ષ્મી-શોભાને હેતુ ગણીને દાન કરવું, લાજથી, ભયથી અથવા જ્ઞાનને પણ કારણ સ્હમ-જીને દાન કરવું જોઇએ; જો ત્હને કર્મ કરવાની કે વ્રત કર-વાની ઇચ્છા હોય તો ત્ય્હાં જે વિચારશીલ, પ્રેમી, યોગ્ય, પવિત્ર અને ધર્મિષ્ટ બ્રાહ્મણો હોય તેઓ તે સમયે જ્હેમ વર્તે તેમ તું વર્તન રાખજે. એ શિક્ષા.

सत्यंवद ।

सत्यमेवजयतेनानृतंसत्येनपन्थाविततोदेवयानः । येनाक्रमन्तृषयोह्यासकामायत्रतत्सत्यस्यपरमंनि-धानम् ॥१॥

સાચું બોલવ.

સત્યજ જય પામે છે, અસત્ય નહિ, સત્ય વડે સ્વર્ગનો માર્ગ વિસ્તારવાળો ખુલ્લો છે, જે સત્ય વડે ઋષિઓ પોતાની કામનાઓને પૂર્ણ કરીને ઘૂમી રહ્યા છે કે જ્યહાં તે સત્યનો પરમ-ભંડાર છે. ૧

सत्येनवायुरावातिसत्येनादित्योरोचतेदिवि,
सत्यंवाचःप्रतिष्ठासत्येसर्व्वंप्रतिष्ठितंतस्मात्सत्यं-
परमंवदन्ति,नहितीव्रतरंकिञ्चिदनृतादिहविद्यते॥२॥

સત્ય વડે વાયુ વાય છે તથા સૂર્ય આકાશમાં પ્રકાશે છે, સત્ય એ વચનની પ્રતિષ્ઠા છે અને તેથીજ મહાત્માઓ સત્યને શ્રેષ્ઠ કહે છે કારણ કે આ જગતમાં અસત્યથી વધારે ખરાબ બીજું કશું નથી. ૨

धर्मंचर ।

विद्वद्भिःसेवितःसद्भिर्नित्यमद्वेषरागिभिः ।
हृदयेनाभ्यनुज्ञातोयोधर्मस्तंनिबोधत ॥३॥

ધર્મનું આચરણ કર્ય ?

રાગદ્વેષ વિનાના સજ્જન વિદ્વાનોએ હમ્મેશ સેવેલો અને હૃદય વડે માનેલો જે ધર્મ છે ત્હેને જ્ઞાનપૂર્વક સ્હમજો. ૩

वेदःस्मृतिःसदाचारःस्वस्यचप्रियमात्मनः ।
एतच्चतुर्विधंप्राहुःसाक्षाद्धर्मस्य लक्षणम् ॥४॥

વેદ, સ્મૃતિ, સારાં આચરણ અને પોતાના આત્માનું પ્રિય કરવું એમ ચાર પ્રકારે મહાપુરૂષોએ ખરૂં ધર્મ-લક્ષણ કહ્યુંછે. ૪

धारणाद्धर्ममित्याहुर्धर्मोधारयतेप्रजाः ।
यत्स्याद्धारणसंयुक्तंसधर्मइतिनिश्चयः ॥५॥

મહાત્માઓ ધારણ કરનાર હોવાથી ધર્મ ને ધર્મની સંજ્ઞાથી કહે છે, ધર્મ પ્રજાઓને ધારણ કરે છે—નિયમમાં રાખે છે, જે ધારણયુક્ત હોય તે ધર્મ કહેવાય એ નિશ્ચય ૫

आरंभोन्याययुक्तोयःसहिधर्मइतिस्मृतः ।
अनाचारस्त्वधर्मोहिएतच्छिष्टानुशासनम् ॥६॥

ધર્મ તમામ જગતની પ્રતિષ્ઠા છે, લોકોમાં પ્રજાઓ ધર્મનિષ્ટની પાસે જઇ ઉપદેશ ઇચ્છે છે, લોકો ધર્મવડે પાપને દૂર કરે છે ધર્મમાં સર્વ રહ્યું છે; તેથીજ ધર્મ મુખ્ય કહે છે, જે

આરંભ ન્યાયયુક્ત હોય તે ધર્મ અને જે અનાચાર ભર્યો હોય તે અધર્મ તેમ આર્ય પુરૂષોની શીખામણ છે. ૬

धर्मोविश्वस्यजगतःप्रतिष्ठालोकेधर्मिष्ठंप्रजाउपसर्पन्ति

धर्मेणपापमपनुदंतिधर्मेसर्व्वंप्रतिष्ठितं तस्माद्धर्म्मं परमंवदन्ति। यन्त्वार्याःक्रियमाणंप्रशंसन्तिसधर्मो यंगर्हन्तेसोऽधर्मः । यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः सधर्म्म ॥७॥

જે આચરણને શિષ્ટ પુરૂષો વખાણે તે ધર્મ અને જ્હેને નિન્દે તે અધર્મ સ્હમજવો; જ્હેનાથી અભ્યુદય અને સંપૂર્ણ કલ્યાણ સધાય તે ધર્મ જાણવો. ૭

धर्म्मेणहन्यतेव्याधिर्ग्रहोधर्म्मेणहन्यते ।
धर्मेणहन्यतेशत्रुर्यतोधर्मस्ततोजयः ॥८॥

ધર્મ વડે રોગ, ગ્રહ–પીડા તથા શત્રુને હણાય છે જેથી જ્યહાં ધર્મ ત્યહાં જય સ્હમજવો. ૮

श्रुतिस्मृत्युदितंकर्ममनुतिष्ठन्हिमानवः ।
इहकीर्त्तिमवाप्नोतिप्रेत्यचानुत्तमंसुखम् ॥९॥

જે મનુષ્ય શ્રુતિસ્મૃતિમાં કહેલા ધર્મનું પાલન કરે છે તે આ લોકમાં કીર્તિ પામે છે અને અહિંથી જઇને પરલોકમાં અત્યુત્તમ સુખ [મોક્ષ] પામે છે. ૯

श्रुतिस्तुवेदोविज्ञेयोधर्मशास्त्रंतुवैस्मृतिः ।
तेसर्वार्थेष्वमीमांस्येताभ्य.धर्मोहिनिर्बभौ ॥१०॥

શ્રુતિ કહેવાથી વેદ અને સ્મૃતિ કહેવાથી ધર્મશાસ્ત્ર સ્હમજવાં, તે બન્ને કોઇપણ બાબતમાં વિચાર કરવા લાયક નથી કારણ કે તે બન્નેથીજ ધર્મ નીકળ્યો છે. ૧૦

योऽवमन्येततेमूलेहेतुशास्त्राश्रयोद्विजः ।
ससाधुभिर्बहिष्कार्योनास्तिकोवेदनिन्दकः ॥११॥

જે દ્વિજ યુક્તિ તથા શાસ્ત્રને આધારે મૂળરૂપ શ્રુતિ સ્મૃતિની અવગણુના કરે તે વેદોની નિંદા કરનાર નાસ્તિકને સજ્જનોએ પોતાના [આસ્તિક] સમૂહથી બહાર કાઢવો. ૧૧

स्वाध्यायान्माप्रमदः ।

यथायथाहिपुरुषःशास्त्रंसमधिगच्छति ।
तथातथाविजानातिविज्ञानंचास्यरोचते ॥१२॥

હમ્મેશના અભ્યાસથી ભૂલ ન કર ?

પુરૂષ જ્હેમ જ્હેમ શાસ્ત્ર-ગ્રંથો વાંચે છે તેમ તેમ તે જાણકાર થાય છે અને ત્હેને જ્ઞાન તરફ અભિરૂચિ થાયછે. ૧૨

विद्याह्यनन्ताश्चकलाःसंख्यातुंनैवशक्यते ।
यद्यत्स्याद्वाचिकंसम्यक्कर्मविद्याभिसंज्ञकम् ॥१३॥

વિદ્યા તથા કળાઓ અનન્ત હોવાથી ગણી શકાય તેમ નથી. જે જે કર્મ વચને કરીને સારી રીતે બને તે વિદ્યા કહેવી ૧૩

शक्तोमुकोऽपियत्कर्तुंकलासंज्ञंतुतत्स्मृतम् ।
एकापिविद्यागुणवतराणांयाचित्तमारोहतिसैव-
धन्या ॥१४॥

મૂગો પણ જે કર્મ કરી શકે તે કળા કહેવાય; ગુણવાન લોકોને પ્રિય થનારી એકાદ વિદ્યા હોય તોપણ તે સારી સ્હમજવી. ૧૪

स्थाणुरयंभारवाहःकिलाभूदधीत्यवेदान्नविजाना-
तियोऽर्थम् ।

योऽर्थज्ञःसन्सकलंभद्रमश्नुतेनाकमेतिज्ञानविधूत-
पाप्मा ॥१५॥

જે મનુષ્ય વેદો ભણીને ત્હેના અર્થ સ્હમજતો નથી તે જડ કેવળ ભાર ઉપાડનારજ કહેવાય; પણ જે અર્થને જાણે છે તે તમામ ભદ્ર (કલ્યાણ) નો ભોગી થાય છે અને જ્ઞાન થકી પાપોને દૂર કરીને સ્વર્ગ પામે છે. ૧૫

यथाखरश्चन्दनभारवाहीभारस्यवेत्तानतुचन्दनस्य।
एवंहिशास्त्राणिवहून्यधीत्यचार्थेषुमूढाःखर वद्ब-
हन्ति ॥१६॥

જ્હેમ ચન્દન—કાષ્ટના ભારને ઉચકનાર ગધેડો માત્ર ભારનેજ જાણે છે, પરન્તુ ચન્દનના સુગન્ધને ઓળખતો કે અનુભવતો નથી; તેજ પ્રમાણે બહુ શાસ્ત્રો ભણીને અર્થના અજ્ઞાનીઓ ગધેડાની પેઠે બોજજ ઉપાડી રહ્યા છે. ૧૬

चातुर्वर्ण्यंत्रयोलोकाश्चत्त्वारश्चाश्रमाःपृथक् ।
भूतंभव्यंभविष्यञ्चसर्व्ववेदात्प्रसिद्ध्यति ॥१७॥

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્ર એમ ચારે વર્ણ, સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળ એમ ત્રણ લોક અને બ્રહ્મચર્ય ગાર્હસ્થ્ય

વાનપ્રસ્થ તથા સંન્યાસ એ ચાર આશ્રમો, ભૂત, વર્તમાન અને ભવિષ્ય ઇત્યાદિ જે કૈં છે તે બધું વેદ થકીજ પ્રસિદ્ધ છે-જાહેર થઈ રહ્યું છે. ૧૭

बिभर्तिसर्व्वभूतानिवेदशास्त्रंसनातनम् ।
तस्मादेतत्परंमन्येयज्जन्तोरस्यसाधनम् ॥१८॥

સનાતન વેદશાસ્ત્ર સર્વ ભૂતો (પંચમહા ભૂતાદિ) ને ધારણ કરે છે તે કારણથી વેદ એ કર્મનિષ્ઠ મનુષ્યનું પરમ સાધન છે તેમ હું માનું છું. ૧૮

पितृदेवमनुष्याणांवेदश्चक्षुःसनातनम् ।
अशक्यंचाप्रमेयञ्चवेदशास्त्रमितिस्थितिः ॥१९॥

પિતૃ, દેવ તથા મનુષ્યોના પ્રથમ નેત્રરૂપ વેદ છે અને તે વેદશાસ્ત્ર અશકય તથા બીજા શાસ્ત્રોથી ન માપી શકાય તેવું ગણાય છે. ૧૯

यावेदबाह्याःस्मृतयोयाश्चकाश्चकुदृष्टयः ।
सर्व्वास्तानिष्फलाःप्रेत्यतमोनिष्ठाहिताःस्मृताः॥२०॥

જે સ્મૃતિયો વેદથી ઉલટી હોય અને બીજી જે કૈં ચાર્વાકાદિકની કુદ્રષ્ટિવાળી હોય તે બધી પરલોકમાં નિષ્ફળ તથા

ત્હેમાં કહેલાં કર્મોનું પાલન કરવાથી અજ્ઞાનમાં નાંખનારી સ્હમજવી. ૨૦

उत्पद्यन्तेच्यवन्तेचयान्यतोऽन्यानिकानिचित् ।
तान्यर्व्वाक्कालिकतयानिष्फलान्यनृतानिच ॥२१॥

વેદથી ભિન્ન થયેલાં જે કોઇ શાસ્ત્રો છે તે બધાં પુરૂષોનાં રચેલાં હોવાથી " કારણ ગુણ કાર્યમાં " એ ન્યાયે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. વળી તે સાંપ્રતકાળમાં બનેલાં હોવાથી જુઠાં તથા નિષ્ફળ છે. ૨૧

आचार्य्यायप्रियंधनमाहृत्यप्रजातन्तुं
माव्यवच्छेत्सीः ॥

वेदानधीत्यवेदौवावेदंवापियथाक्रमम् ।
अविप्लुतब्रह्मचर्य्योगृहस्थाश्रममावसेत् ॥२२॥

આચાર્યને પ્રિય ગુરૂદક્ષિણા આપીને સંતાન તારને ન છેદીશ ?

ચાર, ત્રણ બે અથવા એક વેદનું અધ્યયન કરીને અસ્ખલિત બ્રહ્મચર્યવાળા દ્વિજે ગ્રહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો ૨૨

यथावायुंसमाश्रित्यवर्तन्तेसर्वजन्तवा ।
तथागृहस्थमाश्रित्यवर्तन्तेसर्वआश्रमाः ॥२३॥

જેમ પ્રાણવાયુને આશ્રય કરીને સર્વ પ્રાણિયે સ્થિતિ કરી રહ્યાં છે તેમ ગૃહસ્થાશ્રમીના આશ્રયથી બીજા ત્રણ આશ્રમે સ્થિતિ કરી રહ્યા છે. ૨૩

ऋषयःपितरोदेवाभूतान्यतिथयस्तथा ।
आशासतेकुटुम्बिभ्यस्तेभ्यःकार्य्यंविजानता॥२४॥

ઋષિયે, પિતૃઓ, દેવે તથા અતિથીઓ એ બધા કુટુંબિયે (ગૃહસ્થાશ્રમી) ની પાસેથી આશા રાખે છે જેથી શાસ્ત્રજ્ઞ મનુષ્યે તેઓ માટે અવશ્ય પંચમહાયજ્ઞ કરવા. ૨૪

सत्यान्नप्रमदितव्यम् ।

सत्यधर्म्मार्य्यवृतेषुशौचेचैवारमेत्सदा ।
शिष्यांश्चशिष्याद्धर्म्मेणवाग्बाहूदरसंयता ॥२५॥

સત્યથી ન ભૂલવું ?

વાણી, હાથ તથા ઉદરને વશ રાખીને સત્ય, ધર્મ, સદા-

ચાર અને પવિત્રતા ઉપર પ્રીતિ રાખવી વળી ધર્મ પ્રમાણે શિષ્યવર્ગને શાસન કરવું. ૨૫

नास्तिसत्यात्परोधर्म्मोनानृतात्पातकंपरम् ।
श्रुतिर्हिसत्यंधर्मस्यतस्मात्सत्यंनलोपयेत् ॥२६॥

સત્યથી શ્રેષ્ઠ ધર્મ નથી અને અસત્યથી અધિક પાપ નથી કારણ કે "ધર્મનુ સર્વસ્વ સત્ય છે" તેમ સંભળાય છે તેથી સત્યનો લોપ થવા દેવો નહિ. ૨૬

सत्येकृत्वाप्रतिष्ठांतुप्रवर्तन्तेप्रवृतयः ।
सत्यमेवगरीयस्तुशिष्टाचारसमन्वितम् ॥२७॥

તમામ પ્રવૃત્તિયો સત્યમાં રહિનેજ ચાલી રહી છે માટે શિષ્ટાચારયુક્ત સત્યજ ગૌરવ ભર્યું સ્હમજવું ૨૭

धर्म्मान्नप्रमदितव्यम् ।

सकलवेदशास्त्रसिद्धान्तरहस्यजन्मजन्माभ्यस्तात्यन्तोत्कृष्टसुकृतपरिपाक वशात्सद्भिःसंगोजायते सचसत्संगः–तस्माद्विधिनिषेधविवेकोभवति

ततःसदाचारप्रवृत्तिस्तत्राखिलदुरितक्षयोय-
तश्चान्तःकरणमतिविमलंभवतियतोऽभ्युदयः॥२८॥

ધર્મથી ન ભૂલવું.

તમામ વેદશાસ્ત્રોનાં રહસ્ય રૂપ ઘણા જન્મનાં શીખેલાં, અનેક સારાં પુણ્યોનો ઉદય થવાથી, સજ્જનોનો સંગ થાય છે ત્હેનું નામજ સત્સંગ. ત્હેનાથી શું કરવું શું ન કરવું ઇત્યાદિ વિધિનિષેધનો વિવેક થાય છે, વિવેક થવાથી સદાચારમાં પ્રવૃત્તિ થાય; અને તેમ થતાં બધાં પાપો નાશ પામે પછી અન્તઃકરણ નિર્મળ થાય જેથી ચોપાસ ઉદય દેખાય. ૨૮

उत्तमैरुतमैर्नित्यंसंबन्धानाचरेत्सह ।
निनीषुःकुलमुत्कर्षमधमानधमांस्त्यजेत् ॥२९॥

પોતાના કુળને શ્રેષ્ઠ બનાવવાની ઇચ્છાવાળા પુરૂષે પોતાનાથી ઉત્તમ ઉત્તમજનો સાથે સંબંધ રાખવો અને હુલકા હુલકાઓનો ત્યાગ કરવો. ૨૯

साधूनांदर्शनंपुण्यंतीर्थभूताहिसाधवः ।
कालेनफलतेतीर्थंसद्यःसाधुसमागमः ॥३०॥

સજ્જન મનુષ્યોનું દર્શન કરવું તે પણ પુણ્ય છે, કારણકે

સજ્જનો પોતેજ તીર્થરૂપ છે વળી તીર્થ તો કાળે કરીને ફળે પણ સત્સંગ તો તરતજ ફળે છે. ૩૦

यदिसत्संगनिरतोभविष्यसिभविष्यसि ।

अथदुर्जनसंसर्गैपतिष्यसिपतिष्यसि ॥३१॥

જો તું સત્સંગમાં તત્પર રહીશ તો જાણ્યકે રહીશ અને જો તું દુર્જનના સંગમાં પડીશ તો જાણ્યકે પડીશ. ૩૧

भूक्तिमुक्तिकृदेकान्तसमादेशनतत्परः ।

कस्यनानन्दनिस्यन्दंकरोतिचसदागमः ॥३२॥

ભોગ તથા મોક્ષને સિદ્ધ કરી આપનાર અને સત્ય ઉપદેશ આપવામાંજ તૈયાર રહેનાર સત્પુરૂષોનું આગમન કોને આનન્દ ન ન્હેવરાવે ? ૩૨

यदावैश्रद्दधात्यथमनुते नाश्रद्दधन्मनुते श्रद्दधदेवमनुतेश्रद्धात्वेवविजिज्ञासितव्येतिश्रध्धांभगवोविजिज्ञासइति ॥३३॥

જ્યહારે શ્રદ્ધા રાખે છે ત્યહારે આવે છે, શ્રદ્ધા ન હોય તો ન માને, શ્રદ્ધા રાખનારજ માની શકે, માટે શ્રદ્ધાને જાણુવા ઇચ્છા રાખવી જોઇએ. હે ભગ્રવન્ ? હું શ્રદ્ધાને સારી રીતે સ્હમજવા ઇચ્છું છું. ૩૩

शास्त्रस्यगुरुवाक्यस्यसत्य‍ुद्धयवधारणम् ।
साश्रध्धाकथिताऽसद्भिर्ययावस्तूपलभ्यते ॥३४॥

ગુરૂનું વાકયરૂપ શાસન સત્યજ છે એમ નિશ્ચય પૂર્વ્વક જાણવું; સજ્જનોએ ત્હેનું નામજ શ્રદ્ધા કહી છે જેથી સત્ય-વસ્તુની પ્રાપ્તિ થાય ૩૪

श्रुतिस्मृतिरसास्वादंश्रद्दधानानवंनवम् ।
स्वदन्तेपरयाप्रीत्याश्रध्धाहीनानतल्लवम् ॥३५॥

શ્રદ્ધાળુ મનુષ્યોજ શ્રુતિ સ્મૃતિના નવા નવા રસને પ્રેમ-પૂર્વ્વક આસ્વાદ લે છે, શ્રદ્ધાહીન મનુષ્યને તો ત્હેનો લેશ પણ ન મળે. ૩૫

अश्रध्धयाहुतंदत्तंतपस्तप्तंकृतश्चयत् ।
असदित्युच्यतेपार्थ नचतत्प्रेत्यनोइह ॥३६॥

હે અર્જુન ? શ્રદ્ધા વિના હોમેલું, દાન કરેલું, તપ તપ્યું હોય તે અથવા જે કૈં કર્યું હોય તે અસદ્–ખોટું કહેવાય છે જેથી તેવું જુઠાણું આલોક કે પરલોકમાં ના પ્હોચી શકે. ૩૬

अहिंसासत्यमस्तेयंशौचमिन्द्रियनिग्रहः।
दानंदमोदयाक्षान्तिःसर्वेषांधर्मसाधनम् ॥३७॥

અહિંસા (કોઈની હિંસા ન કરવી તે), સત્ય અસ્તેય (ચોરી) ન કરવી, પવિત્રતા, ઇન્દ્રિયોને નિયમમાં રાખવી, દાન, દમ-મન વશ રાખવું, તથા ક્ષમા આ બધાં દરેકને માટે (ચારે વર્ણોનાં) ધર્મનું સાધન છે તેમ સ્હમજવું. ૩૭

तदेतदेवैषादैवीवागनुवदतिस्तनयित्नुर्ददइति। दाम्यतदत्तदयध्वमितितदेतत्त्रयंशिक्षेद्दमंदानंदयामिति,त्रयोधर्मस्कन्धायज्ञोऽध्ययनंदानमिति॥३८॥

આ દૈવી વાણી પોતાની ગંભીર ગર્જનાથી દ, દ, દ, એમ ત્રણવાર કહી રહી છે એટલે કે ઇન્દ્રિય દમન કરો ? દાન કરો ? અને દયા રાખો માટે એ દમ, દાન અને દયા એ ત્રણ અવશ્ય શીખવાં; ધર્મના યજ્ઞ અધ્યન અને દાન એમ ત્રણ ટેકા છે. ૩૮

चतुर्णामपिवर्णानामाचारोधर्मपालकः।
आचारभ्रष्टदेहानांभवेद्धर्मःपराङ्मुखः।
आचारःपरमोधर्मःश्रुत्युक्तःस्मार्तएवच ॥३९॥

ચારે વર્ણોના ધર્મને સાચવનાર આચાર છે. જ્હેમનો દેહ આચાર ભ્રષ્ટ હોય ત્હેમનાથી ધર્મ પરાંમુખ રહે. શ્રુતિએ કહેલો તથા સ્મૃતિથી નીકળેલો આચાર જ મુખ્ય ધર્મ માનવો. ૩૯

अद्रोहःसर्व्वभूतेषुकर्म्मणामनसागिरा।
अनुग्रहश्चदानंचसतांधर्मःसनातनः ॥४०॥

મનવચન તથા કર્મથી કોઇપણ પ્રાણિ ઉપર દ્રોહ ન કરવો, કૃપા રાખવી તથા દાન કરવું તે સત્પુરૂષોનો અનાદિ ધર્મ છે.૪૦

ब्रह्मक्षत्रियविट्शूद्रावर्णास्त्वाद्यास्त्रयोद्विजाः ।
निषेकाद्याःश्मशानान्तास्तेषांवैमन्त्रतःक्रियाः॥४१॥

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એમ ચાર વર્ણ છે, ત્હેમાં પ્હેલાંના ત્રણ દ્વિજ કહેવાય છે જેથી ત્હેમને ગર્ભાધાનથી આરંભીને અન્ત્યેષ્ટિપર્યંતની ક્રિયાયો મન્ત્રથીજ થાયછે. ૪૧

कंडनीपेषणीचुल्लीउदकुंभीचमार्जनी ।
पञ्चसूनागृहस्थस्यबध्यतेयास्तुवाहयन् ॥४२॥

ખાંડણીઓ, ઘંટી, ચૂલો, પાણિયારૂં અને સાવરણી આ પાંચદ્વારા થતી હિંસાઓ, ગૃહસ્થને છે અથવા જે કોઇ ત્હેનો ઉપયોગ કરાવે તે બન્ધાય છે ૪૨

अध्यापनंब्रह्मयज्ञःपितृयज्ञस्तुतर्पणम् ।
दैवोहोमोबलिर्भौतोनृयज्ञोऽतिथिपूजनम् ॥४३॥

[આ પાંચ હિંસાઓને દૂર કરવા દરરોજ પંચમહાયજ્ઞ

કરવા જોઇએ તે] બ્રહ્મયજ્ઞ એટલે કે ભણાવવું, પિતૃયજ્ઞ–તર્પણ, દેવયજ્ઞ-વૈશ્વદેવ હોમ, ભૂતયજ્ઞ–બલિ મૂકવા અને મનુષ્યયજ્ઞ એટલે કે અતિથિ સત્કાર કહેવાય છે. ૪૩

सन्ध्यास्नानंजपोहोमःस्वाध्यायोदेवतार्चनम् ॥
वैश्वदेवातिथेयञ्चषट्कर्माणिदिनेदिने ॥४४॥

સ્નાન, સંધ્યા–જપ, હોમ, સ્વાધ્યાય–બ્રહ્મયજ્ઞ, તર્પણ, તથા વૈશ્વદેવ પૂર્વક આતિથેય, [અતિથિ–સત્કાર] આ છ કર્મ દરરોજ કરવાં જોઇએ. ૪૪

शमोदमस्तपःशौचंशान्तिरार्जवमेवच ।
ज्ञानंविज्ञानमास्तिक्यंब्रह्मकर्मस्वभावजम् ॥४५॥

કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયોનો નિગ્રહ, તપ, પવિત્રતા, શાન્તિ, કોમળતા, જ્ઞાન, અનુભવ તથા આસ્તિકપણું આટલાં બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે ૪૫

अध्यापनमध्ययनंयजनंयाजनंतथा ।
दानंप्रतिग्रहंचैवब्राह्मणानामकल्पयत् ॥४६॥

ભણવું ભણાવવું, યજ્ઞ કરવો અને કરાવવો, દાન કરવું તથા દાન લેવું આ પ્રમાણે બ્રાહ્મણોના કર્મની વ્યવસ્થા પરમાત્માએ કરી છે. ૪૬

शौर्यंतेजोधृतिर्दाक्ष्यंयुध्धेच प्यपल यनम् ।
दानमीश्वरभावश्चक्षात्रकर्मस्वभावजम् ॥४७॥

શૌર્ય, તેજ, ધીરજ, ડહાપણ, યુદ્ધમાં ન નાસવું [પાછા ન હઠવું] દાન આપવું તથા ઐશ્વર્ય રાખવું એ ક્ષત્રિયોનાં સ્વાભાવિક કર્મ છે. ૪૭

प्रजानांरक्षणंदानमिज्याध्ययनमेवच ।
विषयेष्वप्रसक्तिश्चक्षत्रियस्यसमासतः ॥४८॥

પ્રજાઓનું રક્ષણ, દાન આપવું, યજ્ઞ કરવો, ભણવું અને વિષયોમાં આસક્ત ન રહેવું એ ક્ષત્રિયનાં કર્મ ટુંકાણમાં સહમજવાં. ૪૮

कृषिगोरक्षवाणिज्यंवैश्यकर्मस्वभावजम् ।
पशूनांरक्षणंदानमिज्याध्ययनमेवच ।
वणिक्पथंकुसीदंचवैश्यस्यकृषिमेवच ॥४९॥

ખેતી, ગાયો ઇત્યાદિ પશુની રક્ષા અને વ્યાપાર આ ત્રણ વૈશ્યોનાં સ્વાભાવિક કર્મ છે. ખેતી, પશુરક્ષા, દાન આપવું, યજ્ઞ કરવો, ભણવું, વ્યાપાર તથા વટાવ લેવો એ વૈશ્યનાં કર્મ જાણવાં. ૪૯

परिचर्यात्मकंकर्मशूद्रस्यापिस्वभावजम् ।
एकमेवतु शूद्रस्यप्रभुःकर्मसमादिशत् ।
एतेषामेववर्णानांशुश्रूषामनसूयया ॥५०॥

બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની સેવા કરવી તે શૂદ્રનું અતિ કર્મ છે, અદેખાઈ રાખ્યા વિના દ્વિજાતિની સેવા કરવી તે એકજ કર્મ માત્ર પરમાત્માએ શૂદ્રોને બતાવ્યું છે. ૫૦

स्वेस्वेकर्मण्यभिरतःसंसिध्धिंलभतेनरः ।
श्रेयान्स्वधर्मोविगुणःपरधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतंकर्मकुर्व्वन्नाप्नोतिकिल्बिषम् ॥५१॥

પોતપોતાના જાતિકર્મમાં તત્પર મનુષ્ય સારી રીતે સિદ્ધિ મેળવે છે, નિયમ પૂર્વક સેવેલા પરધર્મ કરતાં ગુણરહિત પણ પોતાનો ધર્મ કલ્યાણકારક છે, સ્વભાવ પ્રમાણે નક્કી કરેલા કર્મનું આચરણ કરનાર મનુષ્યને પાપ લાગતું નથી. ૫૧

यत्रानुकुल्यंदंपत्योस्त्रिवर्गस्तत्रवर्ध्धते ।
अन्योन्य च्चाव्यभिचारोभवेदामरणांतिकः ।
एषधर्मःसमासेनज्ञेयःस्त्रीपुंसयोःपरः ॥५२॥

જે ઘરમાં સ્ત્રી અને પુરૂષ પરસ્પર પ્રેમી હોય છે ત્યહાં ત્રિવર્ગ [ધર્મ, અર્થ, કામ] ની વૃદ્ધિ થાય છે, દુકાણમાં સ્ત્રી પુરૂષનો આટલોજ ઉત્તમ ધર્મ જાણવો કે એકબીજાં મરણ સુધી હળીમળીને રહે. પર

संतुष्टोभार्य्ययाभर्ताभर्त्राभार्यातथैवच ।
यस्मिन्नेवकुलेनित्यंकल्याणंतत्रवैध्रुवम् ॥५३॥

જે કુળમાં હમ્મેશાં સ્ત્રીથી પુરૂષ અને પુરૂષથી સ્ત્રી સંતુષ્ટ રહે ત્યહાંજ કલ્યાણ છે એમ નક્કી સ્હમજવું. ૫૩

यत्रनार्य्यस्तुपूज्यन्तेरमन्तेतत्रदेवताः ।
यत्रैतास्तुनपूज्यन्तेसर्व्वास्तत्राफलाःक्रियाः ॥५४॥

જ્યહાં સ્ત્રીઓનો ખાન, પાન વ્યવહારમાં સત્કાર થાય છે ત્યહાં દેવતાઓ ખુશ રહે છે અને જ્યહાં તેવો સત્કાર થતો નથી ત્યહાં તમામ ક્રિયાઓ નકામી જાણવી. ૫૪

स्त्रियांतुरोचमानायांसर्व्वंतद्रोचतेकुलम् ।
तस्यांत्वरोचमानायांसर्व्वमेवनरोचते ॥५५॥

જે કુળમાં સ્ત્રી શોભે છે તે આખું કુળ શોભે છે અને કંકાસી તથા મલિન હોય તો તમામ કુળ તેવું દેખાય. ૫૫

तथानित्यंयतेयातांस्त्री ुंसौतुकृतक्रियौ ।
यथानाभिचरेतांतौवि युक्ताावितरेतरम् ॥५६॥

લગ્ન થયા બાદ સ્ત્રીપુરૂષે તેવો યત્ન કરવો કે તેઓ એક-બીજાથી છૂટાં પડતાં પણ અવળે રસ્તે ન જાય. ૫૬

स्त्रीधर्मः-

नान्योत्पन्नाप्रजास्तीहनचाप्यन्यपरिग्रहे ।
नद्वितीयश्चसाध्वीनांक्वचिद्भर्त्तोपदिश्यते ॥५७॥

સ્ત્રીઓનો ધર્મ—

આલોકમાં બીજા પુરૂષ [પતિ વિના] થી થયેલી પ્રજા શાસ્ત્રીયરીતે પોતાની પ્રજા કહેવાય નહિ તેમજ પર સ્ત્રીમાં ઉત્પન્ન કરેલી પ્રજા ઉત્પન્ન કરનારની પણ કહેવાતી નથી વળી લોકમાં કે શાસ્ત્રમાં સાધ્વી સ્ત્રિયોને બીજો પતિ કરવાનો ઉપદેશ નથી. ૫૭

सदाप्रहृष्टयाभाव्यंगृहकार्य्येषुदक्षया ।
सुसंस्कृतोपस्करयाव्ययेचामुक्तहस्तया ॥५८॥

સ્ત્રિયે નિરંતર પ્રસન્ન રહેવું, ઘરકામમાં ડાહ્યા થવું, સર્વે સામગ્રીઓ ચોખ્ખી રાખવી અને ખરચ કરવામાં હાથને નિયમમાં રાખવો. ૫૮

पतिप्रियहितेरक्तास्वाचाराविजितेन्द्रिया ।
सेहकीर्तिमवाप्नोतिप्रेत्यचानुतमांगतिम् ॥५९॥

પતિના પ્રિય તથા હિત થવામાં તત્પર રહેનારી. સારો આચાર રાખનારી અને ઇન્દ્રિયેને કાબુમાં રાખનારી સન્નારી આલોકમાં કીર્તિ તથા મરણ પછી અત્યુત્તમ ગતિ પામે છે.૫૯

विशीलःकामवृत्तोवागुणैर्वापरिवर्जितः ।
उपचर्य्यःस्त्रियासाध्व्यासततंदेववत्पतिः ॥६०॥

સૌભાગ્યવતીએ પોતાનો પતિ ખરાબ આચરણવાળો કે વિદ્યાદિ સદ્ગુણો વિનાનો અથવા સ્વતન્ત્ર ચાલનો હોય તોપણ તે હમ્મેશ દેવની માફક આરાધના કરવા લાયક છે તેમ સહમજવું. ૬૦

पतिंयानाभिचरतिमनोवाग्देहसंयता ।
साभर्तृलोकमाप्नोतिप्रेत्यचानुतमांगतिम् ॥६१॥

જે સ્ત્રી મન, વચન તથા શરીરથી પતિ વિના અન્ય

(પુરૂષ) ને ચ્હાતી નથી તે સ્ત્રી પોતાના પતિલોકને અને ઉત્તમ સદ્ગતિને પામે છે. ૬૧

क्रीडाशरीरसंस्कारंसमाजोत्सवदर्शनम् ।
हास्यंपरगृहेयानंत्यजेत्प्रोषितभर्तृका ॥६२॥

સાધ્વી સ્ત્રિયે પોતાનો પતિ વિદેશ હોય ત્યારે ક્રીડા (રમત ગમ્મત) શરીરની વધારેની શોભા, સમાજ તથા ઉત્સવ જોવા જવું, હસવું અને પરગૃહગમન (પારકે ઘેર ભટકવુ) ઇત્યાદિક મનોવિકાર કરનારા પદાર્થો ત્યાગ કરવા. ૬૨

पतिंहित्वापकृष्टंस्वमुत्कृष्टंयानिषेवते ।
निन्द्यैवसाभवेल्लोकेपरपूर्वेतिचोच्यते ॥६३॥

જે સ્ત્રી પોતાના અપકૃષ્ટ (નીચ) પતિનો ત્યાગ કરીને બીજા ઉત્કૃષ્ટનો (ઉંચ) નો આશ્રય કરે છે તે લોકમાં નિન્દવા લાયક થાય છે અને પરપૂર્વા (પ્હેલાં બીજા પતિવાળી હતી) એ પ્રમાણે કહેવાય છે. ૬૩

नास्तिस्त्रीणांपृथग्यज्ञोनव्रतंनाप्युपोषणम् ।
पतिंशुश्रूषतेयेनतेनस्वर्गेमहीयते ॥६४॥

સ્ત્રિયોને પતિથી જુદો યજ્ઞ વ્રત કે ઉપવાસ કંઇ પણ

શાસ્ત્રમાં કહ્યું નથી. કેવળ પતિની સેવા કરવા વડે સ્વર્ગમાં સત્કાર પામે છે. ૬૪

यदि स्त्रीनरोचेतपुमांसंन प्रमोदयेत् ।
अप्रमोदात्पुनःपुंसःप्रजननंन प्रवर्तते ॥६५॥

જો સ્ત્રી શોભારહિત હોયતો પુરૂષને ખુશ કરી શકે નહિ. વળી પુરૂષની હોંશવિના પ્રજનન ન રહે. ૬૫

बालयावायुवत्यावावृद्धयावापियोषिता ।
नस्वातन्त्र्येणकर्तव्यंकिञ्चित्कार्य्यंगृहेष्वपि ॥६६॥

સ્ત્રી બાળક યુવાન કે વૃદ્ધ હોય તો પણ ત્હેણિયે ઘરનું કાંઇ પણ કામ પોતાની ઇચ્છા પ્રમાણે ન કરવું. ૬૬

बाल्येपितुर्वशेतिष्ठेत्पाणिग्राहस्ययौवने ।
पुत्राणांभर्तरिप्रेतेनभजेत्स्त्रीस्वतन्त्रताम् ॥६७॥

સ્ત્રી બાલ્યાવસ્થામાં પિતાને, યુવાવસ્થામાં પતિને અને પતિ મરણ પામ્યા બાદ પુત્રોના તાબામાં રહે પણ સ્વાતન્ત્ર્ય સેવે નહિ. ૬૭

पाणिग्राहस्यसाध्वीस्त्रीजीवतोवामृतस्यच ।
पतिलोकमभीप्सन्तीनाचरेत्किञ्चिदप्रियम् ॥६८॥

પતિલોક (પતિની સાથે ગૃહસ્થાશ્રમમાં રહી ધર્મ્માચરણ કરવાથી સંપાદન કરેલો લોક) ની ઇચ્છા કરનારી સાધ્વી સ્ત્રીએ પોતાનો પરણેલ પતિ જીવતો હોય કે મરણ પામ્યો હોય તોપણ ત્હેને ખોટું લાગે તેવું કાંઈ પણ કરવું નહિ.૬૮

पितृमातृसुतभ्रातृश्वश्रूश्वसुरमातुलैः ।
हीनानस्याद्विनाभर्त्रागर्हणीयाऽन्यथाभवेत् ॥६९॥

પતિ વિનાની સ્રીયે પોતાનાં મા, બાપ, ભાઇ, પુત્ર, સાસુ, સસરો, અથવા મામો ઇત્યાદીથી વિખુટાં પડવું નહિ (રહિત ન થવું કહ્યા પૈકી ચાહ્ય ત્હેની દેખરેખમાં રહેવું) જો તેમ ન કરે તો તે નિન્દવા લાયક થાય. ૬૯

अनेननारीवृत्तेनमनोवाग्देहसंयता ।
इहाग्र्यांकीर्तिमाप्नोतिपतिलोकंपरत्रच ॥७०॥

મન વચન અને શરીરને નિયમમાં રાખનારી સદ્ગુણી સ્રી આ સ્રીઓનાં સદાચરણ (પા૭.વા) વડે આલોકમાં શ્રેષ્ઠ કીર્તિ અને પરલોકમાં પતિનું સાન્નિધ્ય (પતિલોક) પામે છે. ૭૦

कुशलान्नप्रमदितव्यम् ।

येहिसंस्पर्शजाभोगादुःखयोनय ग्वते ।
आद्यन्तवन्तःकौंतेयनतेषुरमतेबुधः ॥७१॥

કુશળથી ભૂલ ન કરવી.

હે અર્જુન ? જે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારા ભોગો (વિષયો) છે તે દુઃખનાં કારણ તથા આદિઅન્તવાળા જ છે જેથી ડાહ્યો મનુષ્ય ત્હેમાં ખુશ થતો નથી. ૭૧

दिवास्वापंनकुर्वीतयतोऽसौस्यात्कफावहः ।
ग्रीष्मवर्जेषुकालेषुदिवास्वप्नोनिषिध्यते ॥७२॥

દિવસે સૂઈ રહેવું નહિ, કારણ કે તેથી કફ વધે છે, ઉન્હાળા વિનાના વખતમાં દિવસે સૂઈ રહેવાનો નિષેધ છે. ૭૨

नं चरोमनखश्मश्रुःसुवेषोऽ ल्बणोज्वलः ।
सातपत्रपदत्राणोविचरेद्युगमात्रदृक् ॥७३॥

મનુષ્યે કેશ, નખ તથા મુછ દાઢી ટુંકાં રાખવાં, સારો વેષ અને ચોખ્ખાઈ રાખવી. ઉદ્ધતાઈનો ત્યાગ કરવો તેમજ છત્રી તથા જોડા પ્હેરી પોતાનાથી ચાર હાથ આગળ નજર રાખીને ચાલવું ૭૩

विद्याशौर्य्यंचदाक्ष्यंचबलंधैर्य्यंचपञ्चमम् ।
मित्राणिसहजान्याहुर्वर्तयंतिहितैर्बुधाः ॥७४॥

વિદ્યા, શૌર્ય, ડહાપણ, બળ અને ધીરજ એ પાંચ મનુષ્યના કુદરતી મિત્રો છે કારણ કે ડાહ્યાં મનુષ્યો તે વડેજ પોતાનો વ્યવહાર ચલાવે છે. ૭૪

सर्व्वंपरवशंदुखंसर्वमात्मवशंसुखम् ।
एतद्विद्यात्समासेनलक्षणंसुखदुःखयोः ॥७५॥

પરતન્ત્રપણામાં બધું દુઃખ અને સ્વતન્ત્રપણામાં બધું સુખ એ ટુંકાણમાં સુખ દુઃખનું લક્ષણ સ્હમજવું. ૭૫

हितंयत्सर्व्वभूतानामात्मनश्चसुखावहम् ।
तत्कुर्य्यात्सर्व्वदाह्येतन्मूलंसर्व्वार्थसिध्धये ॥७६॥

જે સર્વ પ્રાણિયોને હિતકારક તથા પોતાને સુખકારક હોય ત્હેનુંજ હમ્મેશ આચરણ કરવું, સર્વાર્થ સિદ્ધિને માટે આજ નિદાન સ્હમજવું. ૭૬

पापंकुर्वन्पापकीर्तिःपापमेवाश्नुतेफलम् ।
पुण्यंकुर्व्वन्पुण्यकीर्तिःपुण्यमत्यन्तमश्नुते ॥७७॥

પાપ કરનારને લોકો પાપી કહે અને તે પાપરૂપી ફળને

જ ભોગવે તથા પુણ્ય કરનારને લોકો પુણ્યશાળી કહે અને તે અત્યન્ત પુણ્યને જ ભોગવે છે. ૭૭

यथाकारीयथाचारीतथाभव तसाधुचारीसा-
भवति ।
पापकारीपापोभवतिपुण्यःपुण्येनकर्म्मणापापःपा-
पेनच ॥७८॥

જેવાં કામ કરે અને જ્હેમ ચાલે તેવો થાય છે, સારૂં કરનાર સત્પુરૂષ, પાપ કરનાર પાપી, પુણ્યકર્મવડે પુણ્યશાળી તથા પાપ કરનાર પાપી થાય છે. ૭૮

भूत्यैनप्रमदितव्यम् ।

भोक्तातृप्यतिनाभोक्तागन्तागच्छतिनागतिः ।
वक्तावक्तिनचावक्तापौरुषंसफलंनृणाम् ॥७९॥

સમૃદ્ધિ માટે પ્રમાદ ન કરવો.

જમનાર તૃપ્ત થાય છે, નહિ જમનાર તૃપ્ત થતો નથી; જનાર જાય છે, ન જનાર જતો નથી, અને બોલનાર બોલે

છે, નહિ બોલનાર બોલતો નથી; આ ઉપરથી સ્હમજવું કે મનુષ્યોનો ઉદ્યમજ ફળવાળો છે. ૭૯

यश्चदिष्टपरोलोकेयश्चायंहठवादिकः ।
उभावापेशठावेतौकर्म्मबुद्धिःप्रशस्यते ॥८०॥

લોકમાં જે દૈવનેજ માનનાર અને વળી જે હઠવાઇ છે તે બન્નેને શઠ જાણવા ને જે કર્મ ઉદ્યોગમાં બુદ્ધિવાળો હોય તેજ વખાણાય છે. ૮૦

योहिदिष्ट॰पासानोनिर्विचेष्टःसुखंशयेत् ।
अवसीदेत्सुदुर्बुद्धिरामोघटइवोदके ॥८१॥

તેમજ જે દૈવને મુખ્ય માનીને કાંઇ પણ ઉદ્યોગ કર્યા વિના ઘરમાં સુખે સુઇ રહે તે દુષ્ટબુદ્ધિવાળો પાણીમાં મૂકેલા કાચા ઘડાની પેઠે નાશ પામે. ૮૧

न त्मानमवमन्येतपूर्वाभिरस॰ द्धिभिः ।
आ॰त्योःश्रियमन्विच्छेन्नैनाम्मन्येतदुर्लभाम्॥८२॥

પ્હેલાંના નિષ્ફળ ઉદ્યોગોથી (ધન ન મળ્યું હોય તોયે) આત્માની અવગણના કરવી નહિ પણ મરતાં સુધી લક્ષ્મી મેળવવા ઉદ્યોગ કરવો અને એને દુર્લભ માનવી નહિ. ૮૨

निश्चित्यःयःप्रक्रमते नांतर्वसति कर्मणाम् ।
अवन्ध्यकालोवश्यात्मासवैपण्डितउच्यते ॥८३॥

જે નિશ્ચય કરીને કર્મનો આરંભ કરે કર્મોની વચમાં ન રહે—આરંભ પછી ત્યાગ ન કરે, સમયને નકામો ન જવા દે તથા મનને વશ રાખે તેજ, પંડિત કહેવાય છે. ૮૩

यस्य दोपमुत्स्रुज्यस्थितादैवपरायणाः ।
तेधर्ममर्थकामश्चनाशयन्त्यात्मविद्विषः ॥८४॥

જેઓ પોતાના ઉદ્યોગનો ત્યાગ કરી નસીબ ઉપર વિશ્વાસ રાખીને બેસી રહે છે તે આત્મદ્વેષી મનુષ્યો ધર્મ, અર્થ અને કામ એમ ત્રણ પુરૂષાર્થોનો નાશ કરે છે. ૮૪

एकाकीचिन्तयेन्नित्यंविविक्तेहितमात्मनः ।
एकाकीचिन्तयानोहिपरंश्रेयोऽधिगच्छति ॥८५॥

મનુષ્યે હમ્મેશ એકાંતમાં પોતેજ પોતાનું હિત વિચારવું કારણ કે પોતે એકલોજ ચિન્તવન કરે છે તો અત્યંત કલ્યાણ પામે છે. ૮૫

स्वाध्यायप्रवचनाभ्यांनप्रमादितव्यम् ।

नतेनवृद्धोभवतियेनास्यपलितंशिरः ।
योवैयुवाप्यधीयानस्तंदेवाःस्थविरंविदुः ॥८६॥

નિત્યપાઠ અને પ્રવચનથી પ્રમાદ ન કરવો.

માથા ઉપર પળીઆં આવવાથી વૃદ્ધ થતો નથી, પરંતુ જો યુવાન છતાં પણ વિદ્વાન હોય ત્હેને દેવો વૃદ્ધ જાણે છે.૮૬

वेदमेवसदाभ्यस्येत्तपस्तप्स्यन्द्विजोत्तमः ॥
वेदाभ्यासोहिविप्रस्यतपःपरमिहोच्यते ॥८७॥

તપ કરનાર બ્રાહ્મણે હમ્મેશ વેદ પાઠજ કરવો કારણ કે બ્રાહ્મણને વેદાભ્યાસ તેજ ઉત્તમ તપ છે. ૮૭

आहैवसनखाग्रेभ्यःपरमंतप्यतेतपः ।
यःस्त्रग्व्यपिद्विजोऽधीतेस्वाध्यायंशक्तितोऽन्वहम्।८८

જે દ્વિજ ગૃહસ્થાશ્રમી થતાં પણ હમ્મેશ શક્તિ મુજબ સ્વાધ્યાય ભણે છે તે નખશિખાપર્યંત તપ તપે છે તેમ સ્હ-મજવું ૮૮

वेदाभ्यासोऽन्वहंशक्त्यामहायज्ञक्रियाक्षमा ।
नाशयन्त्याशुपापानिमहापातकजान्यपि ॥८९॥

નિરંતર શક્તિ મુજબ વેદાભ્યાસ, પંચમહાયજ્ઞ ક્રિયા, અને ક્ષમા એ બધું મહાપાતકથી થયેલાં પાપોને પણ જલદીથી નાશ કરે છે. ૮૯

यथैधस्तेजसावन्हिःप्राप्तंनिर्दहतिक्षणात् ।
तथज्ञानाग्निनापापंसर्व्वंदहतिवेदवित् ॥९०॥

જ્હેમ પાસે આવેલા કાષ્ટને અગ્નિ પોતાના તેજથી ઘડીવારમાં બાળી નાખે છે તેમ વેદજ્ઞાની મનુષ્ય જ્ઞાનાગ્નિ વડે તમામ પાપ બાળી નાખે છે. ૯૦

सर्व्वान्परित्यजेदर्थान्स्वाध्यायस्यविरोधिनः ।
यथातथाऽध्यापयँस्तुसाह्यस्यकृतकृत्यता ॥९१॥

સ્વાધ્યાયના વિરોધી તમામ પદાર્થોના ત્યાગ કરવો, જ્હેમ બને તેમ પોતાની જીવનવૃત્તિ માટે બીજાને ભણાવવા તેજ સ્નાતક બ્રાહ્મણનું કૃતાર્થ પણું સ્હમજવું ૯૧

बुद्धिवृद्धिकराण्याशुधन्यानिचहितानिच ।
नित्यंशास्त्राण्यवेक्षेतनिगमांश्चैववैदिकान् ॥९२॥

બુદ્ધિની વૃદ્ધિ કરનારાં હિતકારક અને ધનપ્રાપ્તિના સાધક શાસ્ત્રો હમ્મેશ જોવાં, વાંચવાં તથા સાંભળવાં તેમજ વેદાર્થ પ્રતિપાદક નિરૂક્ત અને બ્રાહ્મણાદિ ગ્રન્થો પણ જોવા. ૯૨

यःशास्त्रविधिमुत्सृज्यवर्ततेकामकारतः ।
नससिद्धिमवाप्नोतिनसुखंनपरांगतिम् ॥९३॥

જે મનુષ્ય શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને મરજી પ્રમાણે ચાલે છે તે સિદ્ધિ સુખ કે સદ્ગતિ કાંઇ પણ પામતો નથી. ૯૩

वाच्यर्थानियताःसर्व्वेवाङ्मूलावाग्विनिःसृताः ।
तांस्तुयःस्तेनयेद्वाचंससर्वस्तेयकृन्नरः ॥९४॥

શબ્દમાં સર્વ અર્થ રહેલા છે અને તે શબ્દોનું મૂળ વાણીજ છે જેથી તે વાણી માંથીજ નીકળેલા કહેવાય છે માટેજ જે મનુષ્ય વાણીની ચોરી કરે છે તે સર્વની ચોરી કરે છે તેમ સમજવું. ૯૪

देवपितृकार्य्याभ्यांनप्रमदितव्यम् ।

अथहैनंविदग्धःशाकल्यःप्रपच्छ । कतिदेवायाज्ञ-
वल्क्येति, सहैतयैवनिविदाप्रतिपेदे, यावन्तोवैश्व-

देवस्यनिविद्युच्यन्ते ॥ ....प्राणइतिसब्रह्मेत्याच-
क्षतेसदेवः ॥९५॥

દેવ તથા પિતૃકાર્યોથી પ્રમાદ ન કરવો.

હવે યાજ્ઞવલ્કય મહામુનિને ચતુર એવા શાકલ્યમુનિના પુત્રે પ્રશ્ન કર્યો કે હે યાજ્ઞવલ્કય ? દેવો કેટલા છે. યાજ્ઞવલ્કય આ સંખ્યાની સ્હમજણથી પામી શકયા કે જેટલા વૈશ્વદેવના નિવેદનમાં કહ્યા છે તેટલા. ત્હેમણે ગણના કરતાં ફક્ત પ્રાણ દેવને મુખ્ય અને એક કહ્યો, કે જ્હેને દેવ અને બ્રહ્મ કહેવામાં આવે છે. ૯૫

सहस्रशीर्षापुरुषःसहस्राक्षःसहस्रपात् ।
सभूमिंसर्वतस्पृत्वात्यातिष्ठद्दशांगुलम् ॥९६॥

તે એ દેવ કે જ્હેને હજારો મસ્તક, હજારો આંખો અને હજારો પગ છે તથા દેહે દેહમાં રહેનારા છે વળી તે આ ભુવનને ચોપાસ અન્તર્બાહ્ય વીંટાઈને પેલી બાજુ એ દશ ગણા છે. ૯૬

देवकार्य्याद्विजातीनांपितृकार्यंविशिष्यते ।
दैवंहिपितृकार्य्यस्यपूर्व्वमाप्यायनंश्रुतम् ॥९७॥

દ્વિજાતિ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યોને દેવ (દેવોને ઉદ્દેશીને થતા) કાર્યથી પિતૃકાર્ય વિશેષ કહ્યું છે કારણ કે દેવકાર્ય પ્રથમ છતાં પિતૃકાર્યનું પોષક છે. ૯૭

यएवंविद्वान्पितृन्यजतेवसवोरुद्राआदित्याश्चास्य-
प्रीताभवन्तीत्यवश्यंपितृयजनंयथाकथंचिदपि-
कार्य्यम् ॥९८॥

જે આ પ્રમાણે જાણીને પિતૃયજન કરે છે ત્હેને વસુ, રુદ્ર તથા આદિત્ય નામના દેવગણો પ્રસન્ન થાય છે માટે અવશ્ય બને તેટલું પણ પિતૃકાર્ય કરવું. ૯૮

यदेवतर्पयन्त्यद्भिःपितृन्स्नात्वाद्विजोत्तमः ।
तेनैवकृत्स्नमाप्नोतिपितृयज्ञक्रियाफलम् ॥९९॥

ઉત્તમ દ્વિજ-બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય કેવળ સ્નાન કરીને જળથી જે પિતૃતર્પણ કરે છે ત્હેનાથીજ તે પિતૃયજ્ઞ ક્રિયાના સંપૂર્ણ ફળને પામે છે. ૯૯

मातृदेवोभव। पितृदेवोभव। आचार्य्यदेवोभव।

सइममेवात्मानंद्वेधापातयत्ततश्च ।
पतिःपत्नीचाभवतांतस्मादिदम् ॥१००॥

માતા પિતા તથા આચાર્યને દેવ સમાન જાણી
ત્હેમની સેવા કર્ય?

તે પરમાત્માએ પોતાના આત્માના બે ભાગ પાડીને ત્હે-માંથી પતિ અને પત્ની સ્ત્રીપુરૂષ બનાવ્યાં ને તેથીજ આ બધું દેખાય છે. ૧૦૦

पितामाताप्रजामातृमान्पितृमानाचा- ।
र्य्यवा- ब्रूयाद्यद्वाश्रेयऐहिकमामुष्मिकञ्च ॥१०१॥

પ્રજા કહેવા માત્રથી નથી પરંતુ માતાપિતા એજ પ્રજા-રૂપ છે, જ્હેણે માતાપિતા તથા આચાર્યની સેવા કરી હોય તેજ આલોક કે પરલોક સંબંધી કલ્યાણ રૂડે પ્રકારે બોલી શકે. ૧૦૧

यंमातापितरौक्लेशंसहेतेसंभवे॰ णाम् ।
नतस्यनिष्कृतिःशक्याकर्तुंवर्षशतैरपि ॥१०२॥

મનુષ્યોની જન્મ ઉત્પત્તિ બાબતમાં માતાપિતા જે ક્લેશ સહન કરે છે ત્હેનો બદલો સેંકડો વર્ષે પણ વાળી શકાતો નથી. ૧૦૨

तयोर्नित्यंप्रियंकुर्य्यादाचार्य्यस्यचसर्व्वदा ।
तेष्वेवत्रिषुतुष्टेषुतपःसर्व्वंसमाप्यते ॥१०३॥

તેટલા માટે માતપિતા અને આચાર્યને વ્હાલું લાગે તેમ કરવું કારણ કે તે ત્રણેને સંતોષ થતાં તમામ તપો પૂરાં થયાં જાણવાં ૧૦૩

पितावैगार्हपत्योऽ[illegible]ातग्निर्दक्षिणःस्मृतः ।
गुरुराहवनीयस्तुसाग्नित्रेतागरीयसी ॥१०४॥

પિતાએ ગર્હપત્યાગ્નિ માતાએ દક્ષિણાગ્નિ તેમજ ગુરૂ-આચાર્ય્ય એ આહવનીયાગ્નિ છે તે ત્રણે થઇને શ્રેષ્ઠ અગ્નિત્રયી સ્હમજવી. આ ત્રણેની સેવા કરવાથી ત્રણે અગ્નિની ઉપાસનાનું ફળ મળે છે. ૧૦૪

तेषांत्रयाणांशुश्रूषापरमंतपउच्यते ।
नतैरभ्यननुज्ञातोधर्म्ममन्यंसमाचरेत् ॥१०५॥

તે ત્રણેની સેવા કરવી તે પરમ તપ કહેવાય છે ત્હેમની આજ્ઞા વિના બીજાં ધાર્મિક કાર્ય (ધર્મ) આચરવાં નહિ.૧૦૫

सर्व्वेतस्यादृताधर्म्मायस्यैतेत्रयआदृताः ।
अनादृतास्तुयस्यैतेसर्व्वास्तस्याफलाःक्रियाः॥१०६।

જ્હેણે માત, પિતા તથા આચાર્યે એ ત્રણેનો આદર કર્યો ત્હેણે તમામ ધર્મોનો આદર કર્યો અને જ્હેણે ત્હેમની અવગણના કરી ત્હેની બધી ક્રિયાઓ નિષ્ફળ સ્હમજવી. ૧૦૬

इमंलोकंमातृभक्त्यापितृभक्त्यातुमध्यमम् ।
गुरुशुश्रूषयात्वेवब्रह्मलोकमुपाश्नुते ॥१०७॥

માતૃભક્તિથી આલોક, પિતૃભક્તિથી પરલોક તથા ગુરૂની સેવાથી તો બ્રહ્મલોકનો આનંદ પમાય. ૧૦૭

अल्पंवाबहुवायस्यश्रुतस्योपकरोतियः ।
तमपीहगुरुंविद्याच्छ्रुतोपक्रिययातया ॥१०८॥

જે પોતાની વાણીના શ્રવણદ્વારા બીજાને થોડો વા ઓછો

ઉપકાર કરે છે ત્હેમને પણ તે શ્રવણજન્ય ઉપકારથી ગુરૂ જાણવા. ૧૦૮

उपाध्यायोऽध्यापकोऽथस्यान्निषेकादिकृद्गुरुः ।
आचार्य्यस्तुतेगतिंवक्ताआचार्य्यवान्पुरुषोवेद ।
आचार्य्याध्द्येवविदिताविद्यासाधिष्टंप्रापयति।१०९

એક વેદ ત્હેની શાખા અથવા અંગ ભણાવનાર–ઉપાધ્યાય, દર્શનાદિ અન્ય ગ્રન્થો ભણાવનાર–અધ્યાપક અને રેત સીંચનાર પિતા આ ત્રણે ગુરૂ કહેવાય છે આચાર્ય–ગુરૂ ત્હારી ગતિ કહેશે, આચાર્યવાળો પુરૂષ જ્ઞાનવિજ્ઞાનમાં જાણકાર હોય તેમજ આચાર્થ્યથી પ્રાપ્ત કરેલી વિદ્યાજ કલ્યાણ સાધી આપે. ૧૦૯

ध्यानमूलंगुरोर्मूर्तिःपूजामूलंगुरोःपदम् ।
मन्त्रमूलंगुरोर्वाक्यंमोक्षमूलंगुरोःकृपा ॥११०॥

ધ્યાનનું મૂળ ગુરૂની પ્રતિમા પૂજાનું મૂળ ગુરૂનાં ચરણ મન્ત્રોનું મૂળ ગુરૂનાં વાકય અને મોક્ષનું મૂળ ગુરૂદેવની કૃપા જાણવી. ૧૧૦

अज्ञानतिमिरान्धस्यज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितंयेनतस्मैश्रीगुरवेनमः ॥१११॥

અજ્ઞાનરૂપી અન્ધકારથી આંધળા થયેલાના નેત્રને જ્ઞાનરૂપી સુરમાની સળીથી જ્હેમણે તેજસ્વી કર્યું-ઉઘાડયું છે તે સદ્‌ગુરૂ દેવને પ્રણામ હો! ૧૧૧

नित्यशुद्धंनिराभासंनिराकारंनिरञ्जनम् ।
नित्यबोधंचिदानन्दंगुरुंब्रह्मसनातनम् ॥११२॥

अखण्डमण्डलाकारंव्याप्तंयेनचराचरम् ।
तत्पदंदर्शितंयेनतस्मैश्रीगुरवेनमः ॥११३॥

નિરંતર શુદ્ધ, આભાસ આકાર તથા અંજન (અવિદ્યાના) રહિત, નિત્ય બોધવાળા જ્ઞાનમાં આનન્દ પામનારા સનાતન બ્રહ્મરૂપ અખંડ મંડળરૂપ આકારવાળા ચરાચરમાં વ્યાપી રહેલા તથા જ્હેમણે તે પરમાત્માનું દિવ્ય સ્થાન-તત્પદ બતાવ્યું તેવા શ્રી સદ્‌ગુરૂદેવને પ્રણામ હો! ૧૧૨-૧૧૩

गुरोर्यत्रपरीवादोनिन्दावापिप्रवर्तते ।
कर्णौतत्रपिधातव्यौगन्तव्यंततोऽन्यतः ॥११४॥

જ્યહાં ગુરૂનો તિરસ્કાર અથવા ગુરૂની નિન્દા ચાલતી હોય ત્યાં (ત્યહાં થઇને જતાં સાંભળવામાં આવે તો) કાન ઢાંકી દેવા અથવા ત્યહાંથી બીજી તરફ ચાલ્યા જવું. ૧૧૪

परींवादात्खरोभवतिश्वावैभवतिनिन्दकः ।
परीभोक्ताकृमिर्भवतिकीटोभवतिमत्सरी ॥११५॥

ગુરૂનો તિરસ્કાર કરનાર ખર, નિન્દા કરનાર શ્વાન, અયોગ્ય ગુરૂ દ્રવ્યનો ઉપભોગ કરનાર કૃમિ તથા ત્હેમના તરફ મત્સર રાખનાર કીડો થાય છે. ૧૧૫

अतिथिदेवोभव ।

संप्राप्तायात्वतिथयेप्रदद्यादासनोदके ।
अन्नंचैवयथाशक्तिसत्कृत्यविधिपूर्वकम् ॥११६॥

અભ્યાગતને દેવસમાન જાણવ.

આવેલા અતિથિનો રિવાજ પ્રમાણે સત્કાર કરીને આસન, જળ તથા યથાશક્તિ અન્ન આપવું. ૧૧૬

तृणानिभूमिरुदकंवाक्चतुर्थीचसुनृता ।
एतान्यपिसतांगेहेनोच्छिद्यन्तेकदाचन ॥११७॥

સત્પુરૂષોના ઘરમાં આવેલા અતિથિ માટે આસન, જળ, શય્યા અને મીઠીવાણી કોઈ પણ દિવસે નાશ પામતાં નથી (અવશ્ય આપવાનાં હોય છે). ૧૧૭

अप्रणोद्योऽतिथिःसायंसूर्य्योढोगृहमेधिना ।
कालेप्राप्तस्त्यकालेवानास्यानश्नन्गृहेवसेत्॥११८॥

ગૃહસ્થાશ્રમી મનુષ્યે સાયંકાળે આવેલા અતિથિનો તિરસ્કાર કરવો નહિ યા ત્હેને બીજી કંઇ પ્રેરણા કરવી નહિ; સમયે અથવા અસમયે આવે તોપણ તે ભોજન કર્યા વિના રહે નહિ (જરૂર ત્હેને જમાડવો) ૧૧૮

नवैस्वयंतदश्नीयादतिथिंयन्नभोजयेत् ।
धन्यंयशस्यमायुष्यंस्वर्ग्यंवातिथिपूजनम् ॥११९॥

અતિથિ જે વસ્તુને પ્રેમપૂર્વક ઇચ્છે તે ત્હેને જમાડયા વિના પોતે જમવું નહિ. (ભોજનની બાબતમાં પોતાને વત્તુ અથવા અતિથિને ઓછું એમ અન્તર કરવું નહિ) કારણ કે– અતિથિ પૂજન (મેમાનની બરદાસ) ધન, યશ તથા આયુષ્યને માટે હિતકારક હોઇ આપનાર છે. ૧૧૯

वैश्वदेवेतुनिर्वृत्तेयद्यन्योऽतिथिराव्रजेत् ।
तस्याप्यन्नंयथाशक्तिप्रदद्यान्नबलिंहरेत् ॥१२०॥

વૈશ્વદેવ થઇ રહ્યા પછી પણ જો બીજો અતિથિ આવે તો ત્હેને પણ યથાશક્તિ અન્ન આપવુ, પરંતુ વૈશ્વદેવબલિ બહાર લઇ જવા નહિ ૧૨૦

नैकग्रामिणमतिथिंविप्रंसाङ्गतिकंतथा ।
उपा स्थितंगृहेविद्याद्भार्य्यायत्राग्नयोऽपिवा ॥१२१॥

ગૃહસ્થાશ્રમી પુરૂષે જો એક ગામનો રહેનાર તથા લોકોમાં ઠઠ્ઠામશ્કરી ટેલટકોરો કરી રળી ખાનાર બ્રાહ્મણ પોતાને ઘેર આવે તો અતિથિ જાણવો નહિ. ૧૨૧

आसनावसथौशय्यामनुव्रज्यामुपासनाम् ।
उत्तमेषूत्तमंकुर्य्याद्धीनेहीनंसमेसमम् ॥१२२॥

આસન, સ્થાન, શય્યા પાછળ જવું ઇત્યાદિક વળાવવાની રીત તથા સત્કાર એ બધું મોટા ન્હાના અને સરખાને તે પ્રમાણે કરવું ૧૨૨

उपासतेयेगृहस्थाःपरपाकमबुद्धयः ।
तेनतेप्रेत्यपशुतांव्रजन्त्यन्नादिदायिनाम् ॥१२३॥

જે બુદ્ધિ વિનાના ગૃહસ્થો અતિથ્ય સત્કારના લોભે ગામે ગામ રખડીને પારકાં અન્ન ઇચ્છે છે તેઓ મરણ પામ્યા પછી

જ્હેનાં ત્હેનાં અન્ન ઇત્યાદિ લીધાં હોય ત્હેમને ત્ય્યાં પશુ-પણાને પામે-(પશુ થઇને પુરૂ કરી આપે) છે. ૧૨૩

इतरानपिसख्यादीन्संप्रीत्यागृहमागतान् ।
प्रकृत्यान्नंयथाशक्तिभोजयेत्सहभार्य्यया ॥१२४॥

બીજા સ્નેહી મિત્ર ઇત્યાદિ પ્રેમે કરીને મળવા માટે ઘેર આવ્યા હોય તો ત્હેમને પણ યથાશક્તિ પોતાની સાથે જમાડવા. ૧૨૪

दूराध्वोपगतंश्रान्तंवैश्वदेवउपस्थितम् ।
अतिथिंतंविजानीयान्नातिथिःपूर्वमागतः ॥१२५॥

દૂરના રસ્તેથી આવતો થાકેલો તથા વશ્વદેવ સમયે આવેલો હોય ત્હેનેજ અતિથિ જાણવો; પરંતુ પ્હેલાં એક બે વાર આવ્યો હોય તેને અતિથિ જાણવો નહિ. ૧૨૫

यान्यनवद्यानिकर्म्माणि। तानि-सेवितव्यानि। नोइतराणि।

त्रिवि॰ नरकस्येदंद्वारंनाशनमात्मनः ।
कामःक्रोधस्तथालोभस्तस्मादेतत्त्रयंत्यजेत् ॥१२६॥

વખાણવા લાયક કર્મો હોય તે સેવવાં, બીજાં નહિ.

આત્માની અધોગતિ કરનાર કામ, ક્રોધ તથા લોભ એમ ત્રણ પ્રકારે નરકનું દ્વાર છે માટે તે ત્રણેનો ત્યાગ કરવો. ૧૨૬

नवृथाशपथंकुर्य्यात्स्वल्पेऽप्यर्थेनरोबुधः ।
वृथाहिशपथंकुर्वन्प्रेत्यचेहचनश्यति ॥१२७॥

ડાહ્યા પુરૂષે થોડાપણ કામમાં નકામા સોગન ખાવા નહિ કારણ કે નકામા સોગન ખાનાર આલોક અને પરલોકમાં વિનાશ પામે છે. ૧૨૭

अवश्यमेवभोक्तव्यंकृतंकर्मशुभाशुभम् ।
कृतकर्मक्षयोनास्तिकल्पकोटिशतैरपि ॥१२८॥

મનુષ્યે પોતાના હાથે કરેલું ખોટું અથવા સારૂં કર્મ (ભોગવ્યા વિના) ઓછું થવાનુ નથી ૧૨૮

उद्धरेदात्मनात्मानंनात्मानमवसादयेत् ।
आत्मैवह्यात्मनोबन्धुरात्मैवरिपुरात्मनः ॥१२९॥

પોતાની આપે પોતાનો ઉદ્ધાર કરવો આત્માની અધો-

ગતિ થવા દેવી નહિ, પોતાનો બન્ધુ તથા પોતાનો શત્રુ પોતાનો આત્માજ છે. ૧૨૯

नजातुकामःकामानामुपभोगेनशाम्यति ।
हविषाकृष्णवर्त्मैवभूयएवाभिवर्धते ॥१३०॥

વિષયોનો ઉપભોગ કરવાથી કોઈપણ દિવસે વિષય શાન્ત થતો નથી પરન્તુ ઘીથી જેમ અગ્નિ વધે છે તેમ વૃદ્ધિજ પામે છે. ૧૩૦

अनित्यानिशरीराणिविभवोनैवशाश्वतः ।
नित्यंसन्निहितोमृत्युःकर्तव्योधर्मसंग्रहः ॥१३१॥

શરીરો અનિત્ય છે વૈભવો કાયમના નથી મરણુ હમેશાં પાસેજ (નજીકમાં) રહ્યું છે માટે ધર્મ એકઠો કરવો. ૧૩૧

यात्रामात्रप्रसिद्ध्यर्थंस्वैःकर्मभिरगर्हितैः ।
अक्लेशेनशरीरस्यकुर्वीतधनसञ्चयम् ॥१३२॥

શરીરને ક્લેશ ન થાય તેમ પોતાનાં સારાં (અનિન્દિત) કર્મો વડે ફક્ત દેહયાત્રા (પોષણ) પૂરતોજ દ્રવ્ય સંગ્રહ કરવો. ૧૩૨

ऋतामृताभ्यांजीवेत्तु तेनप्रमृतेनच ।
सत्यानृताभ्यामपिवानश्ववृत्त्याकदाचन ॥१३३॥

જગતમાં ઉંચ્છશીલવૃત્તિ એટલે પોતાની મેળે અન્ન તથા ઘાસ ઉગે તે પાકીને ભોંયમાં દાણા પડે તે વીણી લેવા એવાથી (વીણેલા દાણાથી) શરીર પોષણ કરવું એ અત્યંત શ્રેષ્ઠ છે. તે ન બને તો માગ્યા વગર મલી આવે તે અન્નથી, એમ ન બને તો યાચના કરીને, તેમ ન હોય તો ખેતી કરીને, ને તેમ ન બને તો વેપાર કરીને જીવન ચલાવવું પણ શ્વવૃત્તિ (એટલે નીચની નોકરી) કરીને કદાપી ન ગાળવું; આમાં જીવન પૂર્વપૂર્વવત ચઢીયાતી છે. ૧૩૩

संतोषंपरमास्थायसुखार्थीसंयतोभवेत् ।
संतोषमूलंहिसुखंदुःखमूलंविपर्ययः ॥१३४॥

સુખની ઇચ્છા રાખનરાએ પરમ સંતોષ ધારણ કરીને નિયમીત થવું કારણ કે સંતોષ એ સુખનું મૂળ છે અને દુઃખનું મૂળ અસંતોષ છે. ૧૩૪

वेदोदितं स्वकंकर्मकुर्य्यान्नित्यमतन्द्रितः ।
तद्धिकुर्व्वन्यथाशक्तिप्राप्नोतिपरमांगतिम् ॥१३५॥

હમ્મેશાં વેદમાં કહ્યા પ્રમાણે સાવધાનપણાથી પોતાનું કર્મ કરવું, કેમકે યથાશક્તિ તે પ્રમાણે કરનાર ઉત્તમ ગતિને પામે છે. ૧૩૫

इन्द्रियार्थेषुसर्वेषुनप्रसज्येतकामतः ।
अतिप्रसक्तिंचैतेषांमनसासंनिवर्तयेत् ॥१३६॥

ઇચ્છા પૂર્વક કોઈપણ ઇન્દ્રિયના અર્થ–વિષયમાં આસક્ત થવું નહિ અને વિષયોની વિશેષ આસક્તિને મનવડે હઠાવવી. ૧૩૬

वयसःकर्म्मणोऽर्थस्यश्रुतस्याभिजनस्यच ।
वेषवाग्बुद्धिसारूप्यमाचरन्विचरेदिह ॥१३७॥

આ સંસારમાં વયોવસ્થા (ઉમ્મર) કર્મ, દ્રવ્ય, જ્ઞાન તથા કુળને છાજતાં વેષ વાણી અને બુદ્ધિ રાખીને વિચરવું. ૧૩૭

पाषण्डिनोविकर्मस्थान्बैडालव्रतिकाञ्छठान् ।
हैतुकान्बकवृत्तींश्चवाङ्मात्रेणापिनार्चयेत् ॥१३८॥

વેદ વિરૂદ્ધ વ્રત તથા ચિહ્ન ધારણ કરનારા શાસ્ત્રમાં નિષેધ કરેલી વૃત્તિથી જીવન ચલાવનારા–બીલાડાને બગલાની પેઠે ઉપરથી ડોળ કરીને વખત આવે સામાના પ્રાણ દ્રવ્યને માટે

લેનારા વેદમાં શ્રદ્ધા નહિ રાખનારા, ને વેદ વિરૂદ્ધ તર્ક કર-કરનારા–એ બધાને મીઠી વાણીથી (આવો પધારો) એવો સત્કાર પણ કદાપી ન કરવો તો બીજો સંબન્ધ તો થાયજ કેમ. ૧૩૮

नाधार्मिकेत्रवसेद्ग्रामेनव्याधिबहुलेभृशम् ।
नैकःप्रपद्येताध्वानंनचिरंपर्वतेवसेत् ॥१३९॥

મનુષ્યે ધર્મરહિત તથા બહુ રોગવાળા ગામમાં વધારે વખત રહેવું નહિ તેમજ એકલા મુસાફરી કરવી નહિ, અને બહુ કાળ પર્વત ઉપર પણ નિવાસ કરવો નહિ. ૧૩૯

उपानहौचवासश्चधृतमन्यैर्नधारयेत् ।
उपवीतमलंकारंस्त्रजंकरकमेवच ॥१४०॥

જોડા, વસ્ત્ર, જનોઈ, અલંકાર, માળા તથા કડાં ઇત્યાદિક બીજાએ પ્હેરેલાં પ્હેરવાં નહિ. ૧૪૦

सत्यंब्रूयात्प्रियंब्रूयान्नब्रूयात्सत्यमप्रियम् ।
प्रियंचनानृतंब्रूयादेषधर्मःसनातनः ॥१४१॥

સાચું ને પ્રિય (મધુર) બોલવું પરન્તુ અપ્રિય (અણુ-ગમતું) ન બોલવું, વળી પ્રિય છતાં જુઠું ન બોલવું એ સનાતન ધર્મ છે. ૧૪૧

भद्रंभद्रमितिब्रूय ...त्येववावदेत् ।
शुष्कवैरंविवादश्चनकुर्य्यात्केनचित्सह ॥१४२॥

મનુષ્યે ભલે ભલે એમજ બોલવું અથવા ભલે, ઠીક એમ કહેવું, પણ કોઇની સાથે નકામાં વેર તથા વિવાદ કરવાં નહિ. ૧૪૨

दूरादावसथान्मूत्रंदूरात्पादावसेचनम् ।
उच्छिष्टान्ननिषेकंचदूरादेवसमाचरेत् ॥१४३॥

પેસાબ કરવો, પગ ધોવા તથા ઉચ્છિષ્ઠ (અન્ન નાખવાનું પોતાના રહેઠાણથી જહેમ બને તેમ વેગળુંજ રાખવું. ૧૪૩

अभिवादयेद्वृद्धांश्चदद्याच्चैवासनंस्वक ।
कृताञ्जलिरुपासी तग च्छतःपृष्ठतोऽन्वया ॥१४४॥

પોતાને ત્યહાં કોઇવૃદ્ધ આવે તો ત્હેમને પ્રણામ કરવા અને ત્હેમને બેસવાને પોતાનું આસન આપવું તથા હાથ જોડીને આદર સત્કાર કરવો વળી તેઓ જાય ત્યારે ત્હેમની પાછળ પાછળ જવું. ૧૪૪

...तिस्मृत्युदितंसम्याग्नबद्धंस्वेषुकर्म ।
...लंनिषेवेतसदाचारमतन्द्रितः ॥१४५॥

મનુષ્યે તેમજ શ્રુતિસ્મૃતિયે કહેલા પોતપોતાના કર્મમાં સારી રીતે ગોઠવેલા ધર્મના કારણરૂપ સદાચારને પ્રમાદ વિના સેવવો. ૧૪૫

येनास्यपितरोयातायेनयाताःपितामहाः ।
तेनयायात्सतांमार्गेतेनगच्छन्नरिष्यते ॥१४६॥

જે પ્રમાણે આ (મનુષ્ય) ના પિતાઓ ગયા હોય તથા જે પ્રમાણે દાદા પ્ર૦ વડીલો ગયા હોય તે પ્રમાણે સન્માર્ગે જવું તેમ ચાલનાર હલકો થતો (ન્હાનમ આવતી) નથી. ૧૪૬

यान्यस्माकंसुचरितानिता० ॥

अधीत्यविधिवद्वेदान्पुत्राँश्चोत्पाद्यधर्मतः ।
इष्ट्वाचशक्तितोयज्ञैर्मनोमोक्षेनिवेशयेत् ॥१४७॥

જે અમ્હારાં સુચારિત્ર્યો હોય તે ત્હારે સેવવાં બીજાં નહિ.

વિધિપૂર્વક વેદાધ્યયન કરીને, ધર્મ પ્રમાણે પુત્રોત્પત્તિ કરીને શક્તિ મુજબ યજ્ઞોવડે યજન કરીને મોક્ષમાં મન રાખવું. ૧૪૭

त्रयाणामृणानां ण्यपाकृत्यमनोमोक्षेनिवेशयेत् ।
अनपाकृत्यमोक्षंतुसेवमानोव्रजत्यधः ॥१४८॥

ત્રણ પ્રકારનાં ઋણુથી મુક્ત થઇને મોક્ષમાં મન જોડવું, ઋણમુક્ત થયા વિના મોક્ષની ઉપાસના કરનાર અધોગતિ પામે છે. ૧૪૮

जायमानोवैब्राह्मणस्त्रिभिर्ऋणैर्ऋणवाञ्जायते ।
यज्ञेनदेवेभ्यःप्रजयापितृभ्यःस्वाध्यायेनऋषिभ्यः
॥१४९॥

ઉત્પન્ન થતો બ્રાહ્મણ ત્રણ ઋણોથી ઋણવાળો થાય છે યજ્ઞવડે દેવોથકી પ્રજાવડે પિતૃથકી તેમજ સ્વાધ્યાયવડે ઋષિ ઋણથકી મુક્ત થઇ શકે. ૧૪૯

ब्रह्मचारीगृहस्थश्चवानप्रस्थोयतिस्तथा ।
एतेगृहस्थप्रभवाश्चत्वारःपृथगाश्रमाः ॥१५०॥

બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસી એ ચારે જુદા જુદા આશ્રમો ગૃહસ્થ થકી નીકળ્યા છે. ૧૫૦

धृतिःक्षमादमोऽस्तेयंशौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्यासत्यमक्रोधोदशकंधर्मलक्षणम् ॥१५१॥

ધીરજ, ક્ષમા મનોનિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ, પવિત્રતા, અસ્તેય (ચોરી ન કરવી તે) બુદ્ધિ, વિદ્યા, સત્ય તેમજ અક્રોધ (ક્રોધ ન કરવો) આ દશ ધર્મનાં લક્ષણો સ્હમજવાં.૧૫૧

चतुर्भिरपिचेवैतैर्नित्यमाश्रमिभिर्द्विजैः ।
दशलक्षणकोधर्मःसेवितव्यःप्रयत्नतः ॥१५२॥

ઉપરોક્ત ચારે (બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ, સંન્યાસ) આશ્રમવાળા દ્વિજો [બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય] એ પણ પ્રયત્નથકી આ દશ લક્ષણવાળો ધર્મ સેવવો જોઇએ. ૧૫૨

विधायवृत्तिंभार्य्यायाःप्रवसेत्कार्य्यवान्नरः ।
अवृत्तिकर्षिताहिस्त्रीप्रदुष्येत्स्थितिमत्यपि ॥१५३॥

વ્યવસાયી પુરૂષે સ્ત્રીની આજીવિકાની ગોઠવણ કરીને જ પ્રવાસ કરવો કેમકે સ્ત્રી સ્થિર મનવાળી હોય તોપણ આજીવિકા વિનાની હોવાથી દૂષિત બને. ૧૫૩

नान्यस्मिन्विधवानारीनियोक्तव्याद्विजातिभिः ।
अन्यस्मिन्हिनियुञ्जानाधर्महन्युःसनातनम् ॥१५४॥

દ્વિજોએ વિધવા સ્ત્રી [રાંડેલી] સ્ત્રીનો અન્ય પુરૂષ સાથે નિયોગ થવા દેવો નહિ, કારણ કે અન્ય પુરૂષમાં જોડાતી વિધવાઓ પ્રાચીન ધર્મનો નાશ કરે. ૧૫૪

आददीतनश्रूद्रोऽपेशुल्कंदुहितरंददत् ।
शुल्कंहिगृह्णन्कुरुतेछन्नंदुहितृविक्रयम् ॥१५५॥

શૂદ્ર જાતિના પુરૂષે પણ કન્યા આપતી [પરણાવતી] વખતે કોઇપણ જાતનું દ્રવ્ય [મૂલ્ય] લેવું નહિ, કારણ કે તેવી રીતે દ્રવ્ય લેનાર છૂપી રીતે કન્યાવિક્રય કરે છે. ૧૫૫

यथैवात्मातथापुत्रःपुत्रेणदुहितासमा ।
तस्यामात्मनितिष्ठन्त्यांकथमन्योधनंहरेत् ॥१५६॥

જેવો પોતે હોય તેવોજ પોતાનો પુત્ર છે અને પુત્રના જેવીજ પુત્રી છે તો પછી પોતાની પુત્રીની હયાતી છતાં અન્ય [પિતરાઇ વિગેરે] મનુષ્ય કેવી રીતે દ્રવ્ય લઈ શકે. ૧૫૬

धर्मप्रजासंपन्नेदारेनान्यांकुर्वीतअन्तरापा-
येतुकुर्वीतेत्यापस्तंबवचःप्रमाणंपत्नीविधौ॥१५७॥

ધાર્મિક તેમજ સંતાનવાળી સ્ત્રી હોય તો ત્હેના ઉપર બીજી સ્ત્રી કરવી નહિ જો વચમાં કંઈ વિઘ્ન દેખાય તો કરવી એ પ્રમાણે પત્ની વિધાનમાં આપસ્તંબ મુનિના વચનને પ્રમાણ માનવું ૧૫૭

कृमिकीटवयोहत्यामद्यानुगतभोजनम् ।
फलैधःकुसुमस्तेयमधैर्यंचमलावहम् ॥१५८॥

ન્હાના મોટા કીડા અને પક્ષિની હત્યા, દારૂવાળું ભોજન, ફળ, લાકડાં તથા પુષ્પની ચોરી કરવી તે તેમજ ધીરજ છોડવી આ બધું પાપદાયક છે. ૧૫૮

नविस्मयेततपसावदेदिष्ट्वाचनानृतम् ।
नार्तोऽप्यपवदेद्विप्रान्नदत्त्वापरिकीर्तयेत् ॥१५९॥

તપ વડે વિસ્મય ન પામવું, યજ્ઞ કરીને જૂઠું ન બોલવું, દુઃખી છતાં પણ બ્રાહ્મણોને અપશબ્દ ન કહેવો તેમજ દાન કરીને કહી બતાવવુ નહિ. ૧૫૯

एकःप्रजायतेजन्तुरेकएवप्रलीयते ।
एकोऽनुभुंक्तेसुकृतमेकएवचदुष्कृतम् ॥१६०॥

પ્રાણી એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ નાશ પામે છે, એકલોજ પોતાનાં સારાં ખોટાં કર્મો ભોગવે છે. ૧૬૦

नामुत्रहिसहायार्थंपितामाताचतिष्ठतः ।
नपुत्रदारानज्ञातिर्धर्मस्तिष्ठतिकेवलः ॥१६१॥

પરલોકમાં સહાય કરવા માટે પિતા, માતા, પુત્રી, સ્ત્રી કે જ્ઞાતી કોઇપણ રહેતાં નથી ફકત ધર્મજ રહે છે. ૧૬૧

योऽन्यथासन्तमात्मानमन्यथासत्सुभाषते ।

सपापकृत्तमोलोकेस्तेनआत्मापहारकः ॥१६२॥

જે પોતે બીજો છતાં સત્પુરૂષોમાં પોતાને બીજી રીતેજ કહી સંભળાવે તે લોકમાં અત્યંત પાપી ચોર તેમજ આત્માને છૂપાવનારો–ઠગ કહેવાય. ૧૬૨

सर्वेषामेवशौचानामर्थशौचंपरंस्मृतम् ।

योऽर्थेशुचिर्हिंसशुचिर्नमृद्वारिशुचिःशुचिः ॥१६३॥

સર્વ જાતની પવિત્રતામાં દ્રવ્ય [સારી દાનતના મેળવેલા] ની પવિત્રતા ઉત્તમ કહી છે કેમકે જે દ્રવ્યમાં પવિત્ર છે તે પવિત્રજ છે પરંતુ માટી અને પાણીથી પવિત્ર થએલો પવિત્ર કહેવાય નહિ ૧૬૩

क्षान्त्याशुद्ध्यन्तिविद्वांसोदानेनाकार्य्यकारिणः ।

प्रच्छन्नपापाजप्यनतपसावेदवित्तमाः ॥१६४॥

શાન્તિવડે વિદ્યાનો, દાનવડે ન કરવાનું કરનારાઓ, જપવડે છાનાં પાપ કરનારાઓ ને તપવડે ઉત્તમ વેદજ્ઞાનિયો શુદ્ધ થાય છે–નિર્મળ બને છે. ૧૬૪

मृत्तोयैःशुध्ध्यतेशोध्यंनदीवेगेनशुद्ध्यति ।
रजसास्त्रीमनोदुष्टासन्यासेनद्विजोत्तमः ॥१६५॥

માટી તથા જળ વડે શુદ્ધ કરવા લાયક વસ્તુઓ શુદ્ધ થાય છે, વેગથકી નદી, રજ વડે મનો દુષ્ટા [મનથી દુષણ પામેલી સ્ત્રી અને સન્યાસ વડે બ્રાહ્મણ શુદ્ધ થાય છે. ૧૬૫

अद्भिर्गात्राणिशुद्ध्यन्तिमनःसत्येनशुद्ध्यति ।
विद्यातपोभ्यांभूतात्माबुद्धिर्ज्ञानेनशुद्ध्यति॥१६६॥

જળથકી શરીરના અવયવો, સત્ય વડે મન, વિદ્યા તથા તપ થકી જીવાત્મા તેમજ જ્ઞાન વડે બુદ્ધિ શુદ્ધ થાય છે ૧૬૬

प्रायश्चित्तमकुर्व्वाणाःपापेषुनिरतानराः ।
अपश्चात्तापिनःकष्टान्नरकान्यान्तिदारुणान्॥१६७॥

પ્રાયશ્ચિત અને પશ્ચાતાપ નહી કરનાર છતાં પાપમાં મક્કમપણે રહેલા મનુષ્યો ભયંકર અને કષ્ટ આપનારાં નરકોમાં જાય છે. ૧૬૭

स्तेनोहिरण्यस्यसुरांपिबँश्चगुरोस्तल्पमावसन् ।
ब्रह्महाचैतेपतन्तिचत्वारःपञ्चमश्चाचरँस्तैरिति।१६८।

સુવર્ણની ચોરી કરનાર, મદ્ય પીનાર, ગુરૂપત્ની સાથે ગમન કરનાર તથા બ્રહ્મહત્યા કરનાર આ ચારે જણાઓ પ-તિત થાય છે તેમજ તેઓની સાથે જે સંબન્ધ મિત્રતા અથવા સહકારીતા રાખે ત્હેની પણ તેજ ગતિ થાય. ૧૬૮

ानिकानिचपापानिगुरोर्गुरुतराणिच ।
कृच्छ्रातिकृच्छ्रैश्च [illegible]ःशोध्यन्तेमनुरब्रवीत् ।१६९॥

મનુમહારાજે એમ કહ્યું છે કે મ્હોટાંથી મ્હોટાં અથવા ન્હાનાં જે કાંઈ પાપો હોય તે કૃચ્છ્ર, અતિકૃચ્છ્ર અને ચાન્દ્રા-યણવ્રત કરવા વડે શુદ્ધ કરી શકાય. ૧૬૯

अथकपूयचरणाअभ्याशोहयत्तेकपूयांयोनि-
मापद्यरन्श्वयोनिंवाशूकरयोनिंवाचण्डालयोनिं-
वेति ॥१७०॥

જેઓ ખરાબ આચરણવાળા છે ત્હેમને માટે નિયમ છે કે તેઓ ખરાબ યોનિ–ઉત્પતિ જેવી કે શ્વાન શૂકર-ભૂંડ યા ચાંડાલ યોનિને પામે. ૧૭૦

अभयंसत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानंदमश्चयज्ञश्चस्वाध्यायतपआर्जवम् ॥१७१॥

अहिंसासत्यमक्रोधस्त्यागःशांतिरपैशुनम् ।
दयाभूतेष्व लोलुप्त्वंमार्दवंह्रीरचाप लम् ॥१७२॥
तेजःक्षमाधृतिःशौचमद्रोहोनातिमानिता ।
भवन्तिसंपदंदैवीमभिजातस्यभारत ॥१७३॥

હે અર્જુન ? નિર્ભયપણું, ચિત્તશુદ્ધિ, જ્ઞાન અને યો-ગમાં સ્થિતી, [અભિરૂચિ] દાન, ઇન્દ્રિયનિગ્રહ, યજ્ઞ, વેદાભ્યાસ, તપ, સરલતા, અહિંસા, સત્ય અક્રોધ [ક્રોધ ન કરવો] ઉદારતા, શાંતિ, કોઇની ચાડી ન કરવી, પ્રાણિ ઉપર દયા, નિર્લોભપણુ, કોમળતા. લજ્જા, અચળપાણું [બેત્રકુશ્રી ભરેલું ચપળપણુ] ન રાખવું, તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ [વૈર ન રાખવું] તેમજ અત્યંત મનસ્વિપાણું ન રાખવું; આટલા ગુણો દૈવી સંપત્તિમાં ઉત્પન્ન થયેલા હોય છે. ૧૭૧ ૧૭૨, ૧૭૩.

दंभोदर्पो ऽभिमानश्चक्रोधःपारुष्यमेवच ।
अज्ञ नंचाभिजातस्यपार्थसंपदमासुरीम् ।
दैवीसंपद्विमोक्ष यानिबन्धायासुरीमत्ता ॥१७४॥

ડોળ મદોન્મત્તપણું, અભિમાન, ક્રોધ, કઠોરતા તથા તથા અજ્ઞાન એ અપગુણો આસુરી સંપત્તિમાં ઉત્પન્ન થયેલા

ના જાણવા. આ બે પ્રકારની સંપત્તિઓમાં દૈવી સંપત્તિ મોક્ષને માટે ને આસુરી સંપત્તિ બન્ધનને માટે છે એમ માનવું. ૧૭૪

परद्रव्येष्वभीध्यानंमनसानीष्टचिन्तनम् ।
वितथाभिनिवेशश्चत्रिविधंकर्ममानसम् ॥१७५॥

પારકા દ્રવ્યમાં ધ્યાન રાખવું, મન વડે ખરાબ વિચાર કરવા તથા ખોટી બાબતોમાં આગ્રહ રાખવો એ ત્રણ પાપો મનથી થાય છે. ૧૭૫

पारुष्यमनृतंचैवपैशुन्यंचापि सर्वशः ।
असंबद्धप्रलापश्चवाङ्मयंस्याच्चतुर्विधम् ॥१७६॥

કઠોરતા, જુઠાણું, ગમે ત્હેની ગમે તેવી રીતે ચાડી કરવી તેમજ સંબન્ધ વિના બબડવું એ ચાર વચનથી થતાં પાપ કર્મો છે. ૧૭૬

अदत्तानामुपादानंहिंसा चैवाविधानतः ।
परदारोपसेवाचशारीरंत्रिविधंस्मृतम् ॥१७७॥

આપ્યા વિના અન્યની વસ્તુ લેવી, [ચોરી કરવી] વ્યર્થ હિંસા કરવી તથા પરસ્ત્રીનુ સેવન કરવું એ ત્રણ શરીરથી થતા પાપકર્મો જાણવાં. ૧૭૭

मानसं नसैवायं पभुंक्तेशुभाशुभम् ।
वाचावाचाकृतंकर्मकायेनैवचकायिकम् ॥१७८॥

મન વચન કે શરીરથી થયેલાં સારાં અથવા ખોટાં કર્મો મન, વચન ને શરીર [ત્હેનાથી જે થયાં હોય તે] દ્વારા જ મનુષ્ય ભોગવે છે. ૧૭૮

शरीरजैःकर्मदोषैर्यातिस्थावरतांनरः ।
वाचिकैःपक्षिमृगतांमानसैरन्त्यजातिताम्॥१७९॥

શરીરથી થતા કર્મદોષ વડે પ્રાણી સ્થાવર [વૃક્ષ પર્વત ઈo જડ] પણાને પામે છે, વચનના દોષો થકી પક્ષિ કે મૃગાદી પશુપણાને પામે છે તથા મનના દોષોએ નીચ જાતિને પામે છે. ૧૭૯

ब्रह्मचर्यंपरिसमाप्यगृहीभवेद्गृहीभूत्वावनी-
भवेद्वनीभूत्वाप्रव्रजेदित्ययंसामान्यतआश्रमक्रमः
॥१८०॥

બ્રહ્મચર્ય સમાપ્ત કરીને ગૃહસ્થાશ્રમી થવું, ગૃહસ્થાશ્રમથી પરવારીને વાનપ્રસ્થ્ય લેવું ને ત્યાર પછી સન્યાસ ગ્રહણ કરવો એ સાધારણ રીતે આશ્રમનો ક્રમ સ્હમજવો.૧૮૦

इन्द्रियाणांनिरोधेनरागद्वेषक्षयेणच ।
अहिंसयाचभूतानाममृतत्त्वायकल्पते ॥१८१॥

ઇન્દ્રિયોને નિયમમાં રાખવાથી, રાગદ્વેષનો નાશ કરવાથી તથા પ્રાણીમાત્રની હિંસાથકી વિરામ પામવાવડે મનુષ્ય મોક્ષને માટે લાયક બને. ૧૮૧

येकेचास्मच्छ्रेयांसोब्राह्मणाः-

જે કોઈ અમ્હારા કલ્યાણકારક બ્રાહ્મણો હોય
ત્હેમના આસન ઉપર ત્હારે ન બેસવું.

तपस्तप्त्वासृजद्ब्रह्माब्राह्मणान्वेदगुप्तये ।
तृप्त्यर्थंपितृदेवानांधर्मसंरक्षणायच ॥१८२॥

વેદનું રક્ષણ કરવા માટે પિતૃ તથા દેવોની તૃપ્તિ વાસ્તે ને ધર્મના રક્ષણાર્થે બ્રહ્માએ તપશ્ચર્યા કરીને બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા. ૧૮૨

[illegible]वाज्ज्यैष्ठ्याद्ब्रह्मणश्चैवधारणात् ।
सर्व्वस्येवास्यसर्गस्यधर्मतोब्राह्मणःप्रभुः ॥१८३॥

ઉત્તમાંગથી ઉત્પન્ન થવાથી બીજીવર્ણોમાં મુખ્ય હોવાથી અને વેદને ધારણ કરવાથી બ્રાહ્મણ આ સંપૂર્ણ સૃષ્ટિનો ધર્મથી પ્રભુ છે. ૧૮૩

तंहिस्वयंभूःस्वादास्यात्तपस्तप्त्वाऽदितोऽसृजत् ।
हव्यकव्याभिवाह्यायसर्व्वस्यास्यचगुप्तये ॥१८४॥

આ સંપુર્ણ જગતનું રક્ષણ કરવા માટે દેવો ને હવ્ય તથા પિતૃઓને કવ્ય પ્હોંચાડવા સારૂ સ્વયંભૂ ભગવાને તપશ્ચર્યા કરીને બ્રાહ્મણોને પોતાના મુખથકી પેદા કર્યા છે. ૧૮૪

अविद्वाँश्चैवविद्वाँश्चब्राह्मणोदैवतंमहत् ।
प्रणीतश्चाप्रणीतश्चयथाग्निर्दैवतंमहत् ॥१८५॥

જહેમ પ્રણીત (નિયમ પ્રમાણે આવાહન કરાયલો) અથવા અપ્રણીત (તેવા સંસ્કાર વિનાનો) અગ્નિ એ પરમ દૈવત છે તેવીજ રીતે વિદ્વાન કે મૂર્ખ બ્રાહ્મણ એ પણ પરમ દૈવત છે. ૧૮૫

यस्यास्येनसदाऽश्नन्तिहव्यानित्रिदिवौकसः ।
कव्यानिचैवपितरःकिंभूतमधिकंततः ॥१८६॥

જહેના મુખથકી દેવો હવ્ય તથા પિતૃઓ કવ્યને

ઉપભોગ કરે (જમે) છે તો તે (બ્રહ્મણ) થી બીજું કયું પ્રાણી અધિક હોય. ૧૮૬

वैशेष्यात्प्रकृतिश्रैष्ठ्यान्नियमस्यचधारणात् ।
संस्कारस्यविशेषाच्चवर्णानांब्राह्मणःप्रभुः ॥१८७॥

બીજા વર્ણો કરતાં વિશેષ હોવાથી શ્રેષ્ઠ સ્વભાવ વાળા હોવાથી નિયમને ધારણ કરવાથી તેમજ કેટલાક સંસ્કારો વધારે કરવાથી બ્રાહ્મણ એ ત્રણે વર્ણોનો પ્રભુ (સમર્થ) અગ્રેસર છે. ૧૮૭

विप्राणांरूपमादायप्रचरन्तीहदेवताः
पूज्यन्तेब्राह्मणालाभेप्रतिमादिषुकुत्रचित् ॥१८८॥

આલોકમાં બ્રાહ્મણોનું રૂપ ધારણ કરીને દેવો ફરે છે પણ જ્યહારે બ્રાહ્મણ શરીર નથી મળતાં ત્યારેજ તેઓ પ્રતિમા ઇત્યાદિમાં પૂજાય છે તેમ સ્હમજવું. ૧૮૮

ब्राह्मणाजङ्गमंतीर्थंब्राह्मणासर्व्वदेवताः ।
तद्वचोनावमन्येतेत्याहपाराशरोमुनिः ॥१८९॥

બ્રાહ્મણો જંગમતીર્થ છે, બ્રાહ્મણો એ બધા દેવો છે, ત્હેમના વચનની અવગણના ન કરવી એમ પરાશર મુનિ કહી ગયા છે. ૧૮૯

ब्राह्मणस्यमुखंक्षेत्रंनिरूपममकंटकम् ।
वापयेत्सर्व्वबीजानिसाकृषिःसर्व्वकामिका॥१९०॥

બ્રાહ્મણોનું મુખ એ અનુપમ નિષ્કંટક ક્ષેત્ર છે. અને તે મુખક્ષેત્રમાં દરેક બીજો, વાવવાથી ઉત્પન્ન થયેલી ખેતી, દરેક પ્રકારનાં મનોરથોને પુર્ણ કરે છે. ૧૯૦

ब्राह्मणोजायमानोहिपृथिव्यामधिजायते ।
ईश्वरःसर्वभूतानांधर्मकोशस्यगुप्तये ॥१९१॥

પરમાત્મા દરેક પ્રાણીઓના ધર્મનું રક્ષણ કરવા માટે બ્રાહ્મણના સ્વરૂપેજ પૃથ્વીમાં ઉત્પન્ન થાય છે. ૧૯૧

उत्पत्तिरेवविप्रस्यमूर्तिर्धर्मस्यशाश्वती ।
सहिधर्मार्थमुत्पन्नोब्रह्मभूयायकल्पते ॥१९२॥

બ્રાહ્મણની ઉત્પત્તિજ ધર્મની કાયમની મૂર્તિ છે કારણ કે તે ધર્મને માટે ઉત્પન્ન થયેલ હોવથી બ્રહ્મરૂપજ મનાય છે. ૧૯૨

अनभ्यासेनवेदानामाचारस्यचवर्जनात् ।
आलस्यादन्नदोषाच्चमृत्युर्विप्राञ्जिघांसति॥१९३॥

વેદોનો અભ્યાસ ન કરવાથી આચારોને છોડી દેવાથી

આલસ્યથી ને અન્નદોષથી મૃત્યુ (અધર્મ) બ્રાહ્મણોને નાશ કરવા ઇચ્છે છે. ૧૯૩

दुःशीलोऽपिद्विजःपूज्योनतुशूद्रोजितेन्द्रियः ।
कःपरित्त्यज्यगांदुष्टांदुहेच्छीलवतीखरीम् ॥१९४॥

બ્રાહ્મણ ખરાબ આચરણવાળો હોય તોપણ તે પૂજ્ય છે પરંતુ શૂદ્ર જીતેન્દ્રિય હોય તોપણ તે પૂજ્ય ગણાય નહિ, એવો કોણ હોય કે જે ખરાબ આચરણવાળી ગાયને કાઢી મૂકીને ભલી ગધેડીને દોહશે. ૧૯૪

येपठन्तिद्विजावेदंपञ्चयज्ञरताश्चये ।
त्रैलोक्यंतारयन्तेतेपञ्चेन्द्रियरताअपि ॥१९५॥

જે બ્રાહ્મણો વેદ ભણે છે ને જેઓ પંચમહાયજ્ઞ કરે છે તેઓ પંચેન્દ્રિયમાં આસક્ત હોય તોહે ત્રણે લોકને તારે છે. ૧૯૫

श्रद्धयादेयम्......संविदादेयम् ॥

શ્રદ્ધાથી દાન કરવું, શ્રધ્ધા ન હોય તોહ્યે દાન કરવું, લક્ષ્મી શોભાને હેતુ ગણીને દાન કરવું, લાજથી ભયથી અથવા જ્ઞાનને પણ કારણ સહમ-જીને દાન કરવું જોઇએ.

दातव्यंप्रत्यहंपात्रेनिमित्तेषुविशेषतः ।
याचितेनापिदातव्यंश्रद्धापूतंस्वशक्तितः ॥१९६॥

સુપાત્રને દરરોજ દાન કરવું. અને નિમિત્તમાં વિશેષ તેમજ યાચના કરવાથી પણ શ્રદ્ધાયુક્ત સ્વશક્તિ અનુસાર દાન કરવું. ૧૯૬

पात्रस्यहिविशेषेणश्रद्दधानतयैवच ।
अल्पंवाबहुवाप्रेत्यदानस्यफलमश्नुते ॥१९७॥

અતિ શ્રદ્ધાથી સુપાત્રને કરેલું દાન, પરલોકમાં પણ સ્વાશ્રયી થવા વધુ ફલને તે જીવ ભોગવે છે. ૧૯૭

येनयेनतुभावेनयद्यद्दानंप्रयच्छति ।
तत्तत्तेनैवभावेनप्राप्नोतिप्रतिपूजितः ॥१९८॥

જીવાત્માઓ જે જે ભાવનાઓથી દાન કરે છે. તે તે ભાવનાથી ફલિત તેવાં તેવાં ફલોને સત્કૃત થઇ તેઓ મેળવી શકે છે. ૧૯૮

सर्व्वेषामेवदानानांब्रह्मदानंविशिष्यते ।
वार्य्यन्नगोमहीवासस्तिलकाञ्चनसर्पिषाम् ॥१९९॥

અન્ન, જલ, ગાય, પૃથ્વી, મકાન, તિલક, સુવર્ણ ઘૃત વિગેરે સર્વ પ્રકારનાં દાનોમાં બ્રહ્મનું [જ્ઞાનનું] દાન શ્રેષ્ઠ છે. ૧૯૯

येनकुक्षौगतंचान्नंवेदाभ्यासेनजीर्य्यते ।
तत्तारयतिदातारंदशपूर्वान्दशापरान् ॥२००॥

જેઓનું અન્ન વેદોનાં પ્રચંડ અધ્યયનથી ઉદરમાં પચે છે. તે અન્નના દાતાની દશ પાછલી અને દશ આગલી અને એક પોતે મલી ૨૧, એકવીશ પેઢીનો ઉદ્ધાર થાય છે. ૨૦૦

अथयदिते० तथातत्रवर्त्तेथाः ॥

વળી જો ત્હને કર્મ કે વ્રત કરવાની ઇચ્છા હોય તો ત્યહાં જે વિચારશીલ પ્રેમી યોગ્ય પવિત્ર અને ધર્મિષ્ઠ બ્રાહ્મણો હોય, તેઓ તે સમયે જેમ વર્તે તેમ તું વર્તન રાખજે.

आहारशुद्धौसत्त्वशुद्धिःसत्त्वशुद्धौध्रुवास्मृतिः ।
स्मृतिलम्भेसर्व्वग्रन्थीनांविप्रमोक्षोनिगद्यते॥२०१॥

આહારની શુદ્ધિ થતાં ચિત્ત શુદ્ધ થાય છે ને ચિત્ત શુદ્ધિ થતાં જરૂર સ્મરણ આવે છે તેમજ સ્મૃતિની પ્રાપ્તિ થતાં તમામ ગ્રન્થિયો પ્રમાદ અજ્ઞાન વિગેરે છુટી જાય-મુક્ત થવાય છે. ૨૦૧

प्रत्याख्यानेचदानेचसुखदुःखेप्रियाप्रिये ।
आत्मौपम्येनपुरुषःप्रमाणमधिगच्छति ॥२०२॥

તિરસ્કાર, દાન, સુખ, દુઃખ પ્રિય તથા અપ્રિય પદાર્થોની પ્રાપ્તિ થતાં મનુષ્ય પોતાની ઉપમાથી પ્રમાણ સ્વીકારે છે. ૨૦૨

नकालस्यप्रियःकश्चिदप्रियोवापिविद्यते ।
आयुष्येकर्मणिक्षीणेप्रसह्यहरतेजनम् ॥२०३॥

કાળને કોઇ વ્હાલો કે અળખામણો નથી કારણ કે તે ગમે તેવો મનુષ્ય હોય તોપણ ત્હેને આયુષ્ય કર્મ ક્ષીણ થતાં બળાત્કારે લઇ જાય છે. ૨૦૩

पञ्चधासम्भृतःकायोयदिपञ्चत्त्वमागतः ।
कर्मभिःस्वशरीरोत्त्थैस्तत्रकापरिदेवना ॥२०४॥

જો આ પાંચ તત્ત્વોથી બનેલું શરીર પોતાના શરીરથી નીકળેલાં કર્મો વડે કદાચિત પાંચતત્ત્વોમાં મળી જાય તો પછી તે બાબતમાં રડારોળ શી! ૨૦૪

ममपुत्रोममधनमहंसोऽयमिदंमम ।
इतीयमिन्द्रजालेनवासनैवविवल्गति ॥२०५॥

મ્હારો પુત્ર, મ્હારૂં ધન આતે હું, આ તો મ્હારૂં એ પ્રમાણે ઇન્દ્રજાળ વડે આ વાસનાજ ચેષ્ટા કરી રહી છે. ૨૦૫

सयथाकामोभवतितत्क्रतुर्भवतियत्क्रतु-
र्भवतितत्कर्मकुरुतेऽपिचसंकल्पमूलाःकामाः॥२०६॥

મનુષ્ય જેવી કામનાવાળો હોય તેવો યજ્ઞ કરે ને જેવો યજ્ઞ કરે તેવાં કામ આરંભે અને વળી કામનાઓ પણ સંકલ્પથી જ નીકળે છે. ૨૦૬

कामजानामितेमूलंसंकल्पादेवजायसे ।
नत्वं संकल्पयिष्यामियेनत्वंनभविष्यसि ॥२०७॥

હે કામ ? હું ત્હારૂં મૂળ જાણું છું તું સંકલ્પથી જ ઉત્પન્ન થાય છે હવેથી હું ત્હારા સંબંધી સંકલ્પ કરીશ નહિ જેથી ત્હારી હયાતી નહિ રહે. ૨૦૭

श्रुत्वास्पृष्ट्वाचभुक्त्वाचदृष्ट्वाघ्रात्वाचयोनरः ।
नहृष्यतिग्लायतिवासविज्ञेयोजितेन्द्रियः ॥२०८॥

જે મનુષ્ય સાંભળીને, સ્પર્શ કરીને, ઉપભોગ કરીને, જોઇને તેમજ સુંઘીને હર્ષ કે ગ્લાનિ પામતો નથી ત્હેને જીતેન્દ્રિય જાણવો. ૨૦૮

यस्यवाङ्मनसिशुध्धेसम्यग्गुप्तेचसर्व्वदा ।
सवैसर्व्वमवाप्नोतिवेदान्तोपगतंफलम् ॥२०९॥

જ્હેનાં મન તથા વચન શુદ્ધ છે તથા નિરંતર સારી રીતે રક્ષણ કરેલાં છે તેજ વેદાન્તમાં રહેલા સંપૂર્ણ ફળને પામે છે. ૨૦૯

तपसाप्राप्यतेसत्त्वंसत्त्वात्संप्राप्यतेमनः ।
मनसाप्राप्यतेत्वात्माह्यात्मापत्त्यानिवर्तते ॥२१०॥

તપ વડે સત્વ-બળ પ્રાપ્ત થાય છે ને સત્વથી મન-મનનશક્તિ મળે છે; મને કરીને આત્માનું અપરોક્ષજ્ઞાન મેળવાય છે વળી તેમ થતાં આત્મા આપત્તિથકી નિર્મુક્ત થાય છે.૨૧૦

मनएवमनुष्याणांकारणंबन्धमोक्षयोः ।
बन्धायविषयासक्तंमुक्त्यैनिर्विषयंस्मृतम् ॥२११॥

મનુષ્યોને બંધ તથા મોક્ષનું કારણ મનજ છે કારણકે તે વિષયોમાં આસક્ત થયું હોય ત્યારે બંધનકારક ને વિષય રહિત હોય તો મોક્ષકારક કહ્યું છે. ૨૧૧

यथानिरिन्धनोवन्हिस्वयोनावुपशाम्यति ।
तथावृत्तिक्षयाच्चित्तंस्वयोनावुपशाम्यति ॥२१२॥

કાષ્ટ વિનાનો અગ્નિ પોતાની ઉત્પતિરૂપ કાષ્ટમાં જ શમે છે તેમ વૃત્તિયોનો નાશ થવાથી ચિત્ત પણ પોતાની ઉત્પત્તિરૂપ ચિત્-જ્ઞાનમાં સમાઇ જાય છે. ૨૧૨

इन्द्रियस्येन्द्रियस्यार्थेरागद्वेषौव्यवस्थितौ ।
तयोर्नवशमागच्छेत्तौह्यस्यपरिपन्थिनौ ॥२१३॥

ઇન્દ્રિયને ઇન્દ્રિયના અર્થમાં રાગ તથા દ્વેષ રહ્યા છે માટે તે બન્ને (રાગ, દ્વેષ) ના અધીન થવું નહિ; કારણ કે મનુષ્યના પ્રતિબન્ધક તે બેજ છે. ૨૧૩

सदृशंचेष्टतेस्वस्याःप्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिंयान्तिभूतानिनिग्रहःकिंकरिष्यति ॥२१४॥

જ્ઞાની મનુષ્ય પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે ચેષ્ટાઓ કરે છે ને તમામ પ્રાણિયો પ્રકૃતિ-સ્વભાવને પામે છે પછી નિગ્રહ-નિયમન શું કરી શકશે ? ૨૧૪

आवृतंज्ञानमेतेनज्ञानिनोनित्यवैरिणा ।
कामरूपेणकौन्तेयदुष्पूरेणानलेनच ॥२१५॥

હે કુન્તાપુત્ર ? હમ્મેશના શત્રુ, દુઃખે પુરાય એવા, આ કામરૂપ અગ્નિયે જ્ઞાનિ મનુષ્યના જ્ઞાનને ઢાંકી દીધું છે. ૨૧૫

मनोमात्रमिदंसर्वंतन्मनोऽज्ञानमात्रकम् ।
अज्ञानंभ्रमइत्याहुर्विज्ञानंपरमंपदम् ॥२१६॥

આ સર્વ પ્રપંચ ફક્ત મનથી થયો છે, તે મન કેવળ અજ્ઞાનથી થયું છે, અજ્ઞાન ભ્રાંતિરૂપ છે, ને વિજ્ઞાન પરમ પદ છે; તેમ શિષ્ટ પુરૂષોએ કહ્યું છે. ૨૧૬

अहंममेत्ययंबन्धोममाहंनेतिमुक्तता ।
बन्धोमोक्षोगुणैर्भातिगुणाःप्रकृतिसंभवाः॥२१७॥

હું અને મ્હારૂં આ બન્ધ છે, ને હું અને મ્હારૂં નહિ એ મુક્તપણું છે, બન્ધ અને મોક્ષગુણો વડે દેખાય છે અને ગુણો પ્રકૃત્તિથી ઉપજ્યા છે. ૨૧૭

सर्व्वेषामपिचैतेषामात्मज्ञानंपरंस्मृतम् ।
तद्ध्यग्र्यंसर्व्वविद्यानांप्राप्यतेह्यमृतंयतः ॥२१८॥

આ બધાં જ્ઞાનોમાં આત્મજ્ઞાનને ઉત્તમ કહ્યું છે કારણ કે તે સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ કે જહેનાથી અમૃતપણુ [મોક્ષ] પ્રાપ્ત કરાય છે. ૨૧૮

सर्व्वमात्मनिसंपश्येत्सच्चासच्चसमाहितः ।
सर्व्वमात्मनिसंपश्यन्नाधर्मेकुरुतेमनः ॥२१९॥

મનુષ્યે સાવધાન થઇને સત્ અને અસત્ એ બધું પોતાનામાં [આત્મામાં] જોવું, આત્મમાં સર્વ કાંઇ જોનાર [જ્ઞાની] અધર્મમાં મન કરતો નથી. ૨૧૯

कामान्यःकामयतेमन्यमानःसकामभिजायतेतत्रत-

पर्याप्तकामस्यकृतात्मनस्तुइहैवसर्वेप्रविलीयन्ति
कामाः ॥२२०॥

જે મનુષ્ય દ્રઢમન વડે માનીને જે જે કામો [વિષયો] ની કામનાઓ કરે છે તે તે કામોને કારણે ત્યહાં [જેવી જેવી કામનાઓ હોય] ત્યહાં જન્મ લે છે, પરન્તુ સમાપ્ત કામવાળા કૃતાર્થ મહાપુરૂષના તો આલોકમાંજ સર્વ કામો લય પામેછે.૨૨૦

अविद्यायामन्तरेवर्तमानाःस्वयंधीराःपण्डितम्म-
न्यमानाः ।
जङ्घन्यमानाःपरियन्तिमूढाअन्धेनैवनीयमाना-
यथान्धाः ॥२२१॥

અવિદ્યાના મધ્યમાં રહેલા છતાં પોતે પોતાને ધીર અને પંડિત [બુદ્ધિશાળી] માનતા મૂઢજનો એક આંધળાએ દોરેલા બીજા આંધળાઓની પેઠે અથડાઇને નાશ પામે છે. ૨૨૧

परीक्ष्यलोकान्कर्मचितान्ब्राह्मणोनिर्वेदमायान्ना-
स्त्यकृतःकृतेन ।

तद्विज्ञानार्थंसगुरुमेवाभिगच्छेत्समित्पाणिःश्रो-
त्रियंब्रह्मनिष्ठम् ॥२२२॥

કર્મો વડે એકઠા થયેલા સ્વર્ગાદિ લોકોની તપાસ કરીને ને કર્મ કરવાથી નિષ્કર્મ થવાતું નથી તેમ જાણીને બ્રાહ્મણે નિર્વેદ પામવું [વૈરાગ્યશીલ થવું] તથા તે પરમાત્મ સંબંધી જ્ઞાન મેળવવા માટે હાથમાં સમિધાઓ લઈને બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરૂ પાસે જવું. ૨૨૨

तस्मैसविद्वानुपसन्नायसम्यक्प्रशान्तचितायशमा-
न्विताय ।
येनाक्षरंपुरुषंवेदसत्यंप्रोवाचतांतत्त्वतोब्रह्मविद्याम्
॥२२३॥

શરણે આવેલા, શાન્ત ચિત્તવાળા, શમાદિ સાધન-સંપત્તિયુક્ત એવા તે શિષ્યને બ્રહ્મજ્ઞાની આચાર્યે જે જ્ઞાનવડે પોતે સત્યને અવિનાશી પુરૂષ જાણ્યા છે તે બ્રહ્મવિદ્યાનો રહસ્ય પુર્વક ઉપદેશ કર્યો. ૨૨૩

योदेवानांप्रभवश्चोद्भवश्चविश्वाधिपोरुद्रोमहर्षिः ।
हिरण्यगर्भंजनयामासपूर्वंसनोबुद्ध्याशुभयासंयु-
नक्तु ॥२२४॥

જે પરમાત્મા દેવો (પંચમહાભૂત રૂપ) ની ઉત્પત્તિ તથા સત્તાના કારણ છે, ને જે વિશ્વના અધિપતિ અચળ તથા સર્વજ્ઞ છે, વળી જ્હેમણે આ સૃષ્ટિના આરંભમાં પ્રજાપતિને ઉપજાવ્યો છે; તે જગદીશ્વર અમોને શુભ બુદ્ધિએ સંયુક્ત કરો–સારી બુદ્ધિ આપો. ૨૨૪

ॐय्योब्रह्माणंविदधातिपूर्व्वंयोवैवेदांश्चप्रहिणोति-
तस्य ।
तंहदेवमात्मबुद्धिप्रकाशंमुमुक्षुर्वैशरणमहंप्रपद्ये
॥२२५॥

જે પરમાત્મા પુર્વે પ્રજાપતિને રચે છે ને ત્હેને વેદોની પ્રેરણા કરે છે તે આત્મબુદ્ધિના પ્રકાશક વિશ્વેશ્વરને મોક્ષની ઇચ્છાવાળો હું શરણ પામું છું–શરણે જાઉં છું. ૨૨૫

यस्याज्ञयावायवोवान्तिलोकेज्वलत्यग्निःसविता-
यातितप्यम् ।
शीतांशुःखेतारकासंग्रहश्चप्रवर्तन्तेतंपरेशंप्रपद्ये
॥२२६॥

જ્હેની આજ્ઞાથી લોકમાં વાયુ વાય છે, અગ્નિ સળગે

છે, તાપ આપતા સાવતાનારાયણ ગતિ કરે છે, તેમજ આકાશમાં ચન્દ્ર અને તારાઓનો સમૂહ કાર્યે પરાયણ રહે છે તે પરમેશ્વરને હું પામું છું અર્થાત્ એમને શરણે છું. ૨૨૬

कतरःसआत्मा ? येनवारूपंपश्यति ।
येनवाशब्दंशृणोतियेनवागन्धानाजिघ्रति ॥
येनवाचंव्याकरोतियेनवास्वादुचास्वादुविजानाति-
तमात्मानंवयमुपास्महे । ॐ ॐ ॐ ॥२२७॥

તે આત્મા કોણ ? તો કહે છે કે જહેની સત્તાએ પ્રાણિયો ચક્ષુવડે રૂપ દેખે છે, કર્ણવડે શબ્દ સાંભળે છે, નાકવડે ગન્ધ સુંઘે છે, મુખથકી વચન ઉચ્ચારે છે, જીભ્હાવડે સ્વાદ અને બેસ્વાદ જાણે છે તે આત્માની અમો ઉપાસના કરીએ છીએ. ૨૨૭

नतत्रचक्षुर्गच्छतिनवाग्गच्छतिनोमनोनविद्मो न-
विजानीमोयथैतदनुशिष्यादन्यदेवतद्विदितादथो-
अविदितादधि इतिशुश्रुमपूर्वेषांयेनस्तद्व्यचचक्षिरे ॥२२८॥

ત્હાં દ્રષ્ટિ પહોંચતી (દેખી શક્તિ) નથી, વાણી વદી

શકતી નથી, મન માની (જાણી) શકતું નથી તે શી રીતે શીખવી શકાય એ અમે પણ સ્હમજી કે અનુભવ કરી શકતા નથી પ્હેલાંના તત્ત્વજ્ઞાનિયો કે જ્હેમણે અમને ત્હેની વ્યાખ્યા કરી બતાવી છે તેઓ દ્વારા અમે એમ સાંભળ્યું છે કે તેતો જાણીએ છીએ તે થકી અને નથી જાણતા તે થકી જુદું જ છે. ૨૨૮

यथासौम्य ! एकेनमृत्पिण्डेनसर्व्वंमृन्मयंविज्ञातं स्याद्वाचारम्भणं विकारोनामधेयं मृत्तिकेत्येव-सत्यम् । येनाश्रुतंश्रुतंभवत्यमतंमतमविज्ञातंवि-ज्ञातमित्येवंसौम्य ? स आदेशोभवति । आत्मै-वेदमग्रआसीदेकएवाद्वितीयः ॥२२९॥

હે સૌમ્ય ? જ્હેમ એક માટીના ગોળાવડે બધું માટીથી બનેલું જાણી શકાય, વાણીને આરંભવી તેજ વિકાર એટલે કે જૂદાં જૂદાં નામ, બાકી માટી તેજ સત્ય. (તેમ પરમાત્માને જાણવા વડે તમામ પરમાત્મમય જ જાણી શકાય, વાણીના વિકારો એ જૂદાં જૂદાં નામ, પરન્તુ વાસ્તવિકરીત્યા પરમાત્મા જ સત્ય છે.) જ્હેણે કરીને નહિ સાંભળેલું સાંભળેલું, નહિ માનેલું માનેલું, નહિ અનુભવેલું અનુભવેલું થાય છે હે સૌમ્ય એજ પ્રમાણે તે આદેશ છે, અદ્વિતીય એક આત્મમય જ આ બધું પ્રથમ હતું. ૨૨૯

यन्मनसानमनुतेयेनाहुर्मनोमतम् ।
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ॥२३०॥

જે મને કરીને માની શકાતું નથી પણ જે વડે મનનો ધર્મ એમ વિદ્વાનોએ કહ્યું છે તેજ તું બ્રહ્મ જાણ્ય ! જે આ ઉપાસે છે તે આ [બ્રહ્મ] ન હોય. ૨૩૦

योऽसावतीन्द्रियग्राह्यःसूक्ष्मोऽव्यक्तःसनातनः ।
सर्व्वभूतमयोऽचिन्त्यःसएवस्वयमुद्बभौ ॥२३१॥

જે આ અતીન્દ્રિય-અનુભવથી ગ્રાહ્ય, સૂક્ષ્મ, અસ્પષ્ટ જુનામાં જુના સર્વભૂત (પંચમહાભૂત કે પ્રાણિ) મય, ચિન્તવનમાં ન આવી શકે તેવા તે પરમાત્મા પોતેજ પ્રકાશ પામ્યા. ૨૩૧

एषसर्व्वाणिभूतानिपञ्चभिर्व्याप्यमूर्तिभिः ।
जन्मवृद्धिक्षयैर्नित्यंसंसारयतिचक्रवत् ॥२३२॥

એ પરમાત્મા પોતાની પાંચ (પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ) પ્રકારની મૂર્તિયો વડે ફેલાઇને-વ્યાપીને સર્વ પ્રાણિયોને જન્મ, વૃદ્ધિ ને નાશ થકી હમ્મેશ ચક્રની પેઠે ફેરવી રહ્યા છે. ૨૩૨

अथातोब्रह्मजिज्ञासाजन्माद्यस्ययतोयतः ।
एतदात्म्यमिदंसर्व्वंतत्तुशास्त्रसमन्वयात् ॥२३३॥

હવે આ (ધર્મકર્મ) થી પછી બ્રહ્મને જાણવાની ઇચ્છા થાય છે કારણ કે આ વિશ્વના જન્મ ઇત્યાદિ જે થકી છે, આ દેખાય છે તે બધું પરમાત્માથી જ થયું છે. તે તો શાસ્ત્ર અને સમન્વયથી સાબીત થાય. ૨૩૩

यस्मिन्सर्व्वाणिभूतानि-आत्मैवाभूद्विजानतः
तत्रकोमोहःकःशोकएकत्वमनुपश्यतः ॥२३४॥

તત્ત્વજ્ઞાનિ મહાપુરૂષને જે અવસ્થામાં તમામ પ્રાણિયો પોતાનો આત્મા જ છે એમ સ્હમજાયું તો પછી તે અવસ્થામાં દૃઢ થયેલાને, શો મોહ ને શો શોક? ૨૩૪

प्रणवोधनुःशरोह्यात्माब्रह्मतल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेनवेद्धव्यंशरवत्तन्मयोभवेत् ॥२३५॥

ॐकार धनुष्य, આત્મા, બાણ અને તે પ્રસિદ્ધ બ્રહ્મ લક્ષ્ય (નિશાન) કહેવાય છે. સાવધાન થઇને વેધ કરવો બાણની પેઠે તન્મય થવું જોઇએ. જહેમ બાણલક્ષ્યથી સંધાઇને લક્ષ્યરૂપ થઈ જાય છે તેમ આત્માને બ્રહ્મથી સાંધી બ્રહ્મ બનાવવો. ૨૩૫

ओमित्येकाक्षरंब्रह्मव्याहरन्मामनुस्मरन् ।
यःप्रयातित्यजन्देहंसयातिपरमांगतिम् ॥२३६॥

પ્રણવ અક્ષરવાળું બ્રહ્મસ્વરૂપ, મારૂં સ્મરણ કરતાં કરતાં જે યોગી સ્થૂલદેહને છોડી દે છે તે ઉત્કૃષ્ટ ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. ૨૩૬

अनन्यविषयंकृत्वामनोबुद्धिस्मृतीन्द्रियः ।
ध्येयआत्मास्थितोयोऽसौहृदयेदीपवत्प्रभुः ॥२३७॥

મન, બુદ્ધિ ચિત્ત અને ઇન્દ્રિયોને બીજા વિષયોથી રોકીને હૃદયમાં જે દીપકની પેઠે દેદીપ્યમાન રહેલા છે તે સમર્થ આત્માનું ધ્યાન કરવું. ૨૩૭

यस्तुविज्ञानवान्भवतिसमनस्कःसदाशुचिः ।
सतुतत्पदमाप्नोतियस्माद्भूयोनजायते ॥२३८॥

બ્રહ્મને અનુભવી જે તત્વજ્ઞાની મોટા મન (મનની સક્તિ) વાળો તથા નિરંતર પવિત્ર હોય છે તે તો તે (પ-રમાત્મા) ને પામે છે કે જેથી ફરી જન્મ લેતા નથી. ૨૩૮

अशरीरंशरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तंविभुमात्मानंमत्वाधीरोनशोचति ॥२३९॥

શરીરોમાં શરીર વિનાના ને અસ્થિર (પદાર્થો) માં સ્થિતિ કરનારા પરમાત્મા સમર્થ અને મહાન છે એમ ત્હેમને માનીને ધીર પુરૂષ શોક કરતો નથી. ૨૩૯

आसीनोदूरंव्रजतिशयानोयातिसर्व्वतः ।
कस्तंमदामदंदेवंमदन्योज्ञातुमर्हति ॥२४०॥

બેઠેલા છે છતાં દૂર સુધી જાય છે સૂઇ રહ્યા છે છતાં સર્વત્ર ગતિવાળા છે તેવા મદવાળા અને મદરહિત દેવને જાણવાને મ્હારાથી બીજો કોણ લાયક છે. ૨૪૦

नाविरतोदुश्चरितान्नाशान्तोनासमाहितः ।
नाशान्तमानसोवापिप्रज्ञानेनैनमाप्नुयात् ॥२४१॥

ખરાબ આચરણથી વિરામ પામ્યા વિનાનો, શાન્તિ રહિત માનવગરનો અથવા ઉછાંછળા મનવાળો ઉત્તમ જ્ઞાનવડે પણ આ (પરમાત્મા) ને પ્રાપ્ત કરી શકે નહિ. ૨૪૧

यदेवेहतदमुत्रयदमुत्रतदन्विह ।
मृत्योःसमृत्युमाप्नोतियइहनानेवपश्यति ॥२४२॥

જે અહિં છે તેજ ત્યહાં છે ને જે ત્યહાં છે તેજ અહિં છે જે મનુષ્ય આલોકમાં ત્હેને ભેદદ્રષ્ટિથી જૂદે જૂદે પ્રકારે દેખે છે તે મૃત્યુ (અજ્ઞાન) થકી મૃત્યુ (નાશ) પામેછે.૨૪૨

एकएवहिभूतात्माभूतेभूतेव्यवस्थितः ।
एकधाबहुधाचैवदृश्यतेजलचन्द्रवत् ॥२४३॥

પ્રાણિમાત્રનો આત્મા એકજ છે ને તે દરેક પ્રાણિમાં રહ્યો છે વળી તે જળમાં ચન્દ્રની પેઠે એક છતાં અનેક રીતે દેખાય છે-પ્રતીત થાય છે. ૨૪૩

सर्व्वभूतस्थमात्मानंसर्व्वभूतानिचात्मनि ।
संपश्यन्ब्रह्मपरमंयातिनान्येनहेतुना ॥२४४॥

સર્વ પ્રાણિયોમાં રહેલા આત્મા [પોતા] ને તેમજ આત્મામાં રહેલા સર્વ પ્રાણિયોને જોનાર [અનુભવ કરનાર] જ પરમ બ્રહ્મને પામે છે બીજા હેતુએ નહિ. ૨૪૪

सएवसर्व्वंयद्भूतंयच्चब्रह्मसनातनम् ।
ज्ञात्वातंमृत्युमत्येतिनान्यःपन्थाविमुक्तये ॥२४५॥

તે પરમાત્મા જ આ સર્વ જે કું ભૂતરૂપે છે ને જે અનાદિ પ્રાચીન બ્રહ્મ છે ત્હેને જાણીને મનુષ્ય મૃત્યુને ઓળંગી જાય છે મોક્ષને માટે આ થકી બીજો રસ્તો નથી. ૨૪૫

सर्व्वाननशिरोग्रीवःसर्व्वभूतगुहाशयः ।
सर्व्वव्यापीसभगवांस्तस्मात्सर्व्वगतःशिवः॥२४६॥

સર્વનાં મુખ, મસ્તક અને ગ્રીવાવાળા સર્વ પ્રાણિયોની બુદ્ધિમાં રહેલા-સર્વત્ર વ્યાપેલા તે ભગવાન જ છે ને તેથી જ તે કલ્યાણકારક સર્વગત કહેવાય છે. ૨૪૬

विज्ञानंतनुतेयज्ञंकर्म्माणितनुतेऽपिच ।

विज्ञानंदेवाःसर्व्वेब्रह्मज्येष्ठंसमश्नुते ॥२४७॥

જ્ઞાની પુરૂષો જ્ઞાન રૂપી યજ્ઞને વિસ્તારે છે છતાં કર્મો પણ કરે છે તેમજ અનુભવમાં વિહાર કરનારા તે સર્વે શ્રેષ્ટ બ્રહ્મનો આનન્દ ભોગવે છે. ૨૪૭

विज्ञानंब्रह्मचेद्वेदतस्माच्चेन्नप्रमादति ।

शरीरेपाप्मनोहित्वासर्व्वान्कामान्समश्नुते॥२४८॥

જે જ્ઞાની અનુભવ રૂપ બ્રહ્મને જાણે ને તે થકી ભૂલ ન કરે તો તે શરીરમાં રહેલા પાપીઓ-વિષય વિકારોને દૂર કરીને સર્વ કામનાઓનો ઉપભોગ કરે છે ૨૪૮

भीषास्माद्वायुःपवतेभीषोदेतिसूर्य्यः ।

भीषास्मादग्निश्चेन्द्रश्चमृत्युर्धावतिपञ्चमः॥२४९॥

આ પરમાત્માના ભયથી વાયુ પવિત્ર કરે છે, સૂર્ય્ય ઉદય પામે છે ને એમના જ ભયથી અગ્નિ, ઇન્દ્ર તથા પાંચમો મૃત્યુ (કાળ) પોતપોતાની ગતિ કરી રહ્યા છે. ૨૪૯

यतोवाचोनिवर्तन्तेअप्राप्यमनसासह।
आनन्दंब्रह्मणोविद्वान्नबिभेतिकदाचन ॥२५०॥

જ્યહાં મનની સાથે પામ્યા વિના વાણી પાછી વળે છે તે બ્રહ્મના આનન્દનો અનુભવ કરનાર જ્ઞાની મનુષ્ય ક્યારે પણ ભય પામતો નથી. ૨૫૦

स्वतःपूर्णःपरात्माऽत्रब्रह्मशब्देनवर्णितः ।
अस्मीत्यैक्यपरामर्शस्तेनब्रह्मभवाम्यहम् ॥२५१॥

જે સ્વભાવથી જ પૂર્ણ અને શ્રેષ્ઠ આત્મા છે તે અહિં "બ્રહ્મ" એ શબ્દે કરીને વર્ણવ્યા છે તેમની સાથે "હું છું" એ પ્રમાણે ઐક્યનો વિચાર કરવો કે જે થકી સ્હમજી શકાય કે તે હેતુએ હું બ્રહ્મ છું (હોઈ શકું છું). ૨૫૧

यतोवाइमानिभूतानिजायन्तेयेनजातानि-
जीवन्तियत्प्रयन्त्यभिसंविशन्तितद्ब्रह्म ॥२५२॥

જે થકી આ પ્રાણિ માત્ર ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઇ ને જ્હેની સત્તાએ જીવે છે તેમજ વિનાશ સમયમાં જ્હેમાં જઇ રહે (સમાઇ જાય) છે તેજ બ્રહ્મ. ૨૫૨

नवाअरेसर्व्वस्यकामायसर्व्वंप्रियंभवत्यात्मनस्तु-
कामायसर्व्वंप्रियंभवत्यात्मावाअरेद्दष्टव्यः श्रोत-
व्योमन्तव्योनिदध्यासितव्योमैत्रेयि? आत्मनोवा-
अरेदर्शनेनमत्याविज्ञानेनेदंसर्व्वंविदितम् ॥२५३॥

હે મૈત્રેયિ ? અરે ! સર્વની ઇચ્છાએ સર્વ પ્રિય થતું નથી પણ આત્મા (પોતા) ની ઇચ્છાએ જ સર્વ પ્રિય થાય છે, અરે ! તે આત્મા જોવા, સાંભળવા, માનવા તથા ધ્યાન ધરવા લાયક છે. રે ! એ આત્માના દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાન વડે આ સર્વ જાણ્યું એમ સ્હમજ. ૨૫૩

एकोवशीसर्व्वभूतान्तरात्माएकंरूपंबहुधायःकरोति
तमात्मस्थंयेऽनुपश्यन्तिधीरास्तेषांसुखंशाश्वतंने-
तरेषाम् ॥२५४॥

સર્વ ભુવનને વશમાં રાખનાર, સર્વ પ્રાણિયોના અન્તરાત્મા જે પરમાત્મા પોતે એક છતાં પોતાના એક રૂપને બહુ પ્રકારે કરે છે–વિસ્તારે છે, તે ઇશ્વરને જે ધીર પુરૂષો પોતાના આત્મામાં દેખે છે તેઓને સર્વદા સુખ છે બીજાઓને નથી. ૨૫૪

नचक्षुषागृह्यतेवापिवाचानान्यैर्देवैस्तपसाकर्मणावा ज्ञानप्रसादेनविशुद्धसत्त्वस्ततस्तुतंपश्यतेध्यायमानः ॥२५५॥

તે પરમાત્મા ચક્ષુવડે ગ્રહણ કરાતા—દેખાતા નથી તેમ વાણી વડે પણ કહી શકાતા નથી. બીજા દેવોની ભક્તિયે તપ કરવાથી કે કર્મ કરવાથી પણ પામી શકાતા નથી, તેમને તો જ્ઞાન રૂપ પ્રસાદ (પ્રસન્નતા) થકી જહેનું અન્તઃકરણ શુદ્ધ થયું છે તેવો મનુષ્ય સારી રીતે ધ્યાન ધરે ત્યાર પછીજ દેખી શકે છે. ૨૫૫

नित्योऽनित्यानांचेतनश्चेतनानामेकोबहूनांयोविद-धातिकामान्।

तमात्मस्थंयेऽनुपश्यन्तिधीरास्तेषांशान्तिःशाश्व-तीनेतरेषाम् ॥२५६॥

જે અનિત્ય પદાર્થોમાં નિત્યરૂપે રહ્યા છે, જે અચેતન —જડ પદાર્થોના ચેતક છે, ને જે એક છતાં અનેકના અભિલાષોને પુર્ણ કરે છે. તે પરમાત્માને જે ધીર પુરૂષો પોતાનામાં જુએ છે તેઓને સર્વદા શાન્તિ છે, બીજાઓને નહિ. ૨૫૬

इहचेदवेदीदथसत्यमस्तिनचेदिहावेदीन्महतीवि-
नष्टिः ।
भूतेषुभूतेषुविचित्यधीराःप्रेत्यास्माल्लोकादमृता-
भवन्ति ॥२५७॥

આલોકમાં જો જાણ્યું તો ખરૂં છે ને અહિં જો ન જાણ્યું તો મ્હોટી ખોટ; ધીર પુરૂષો તો તે [પરમાત્મા] ને દરેક પ્રાણિમાં ખોળીને આલોકથી ગયા–મરણ પામ્યા પછી અમૃત થાય છે–મોક્ષ પામે છે. ૨૫૭

नतत्रसूर्योभातिनचन्द्रतारकंनेमाविद्युतोकुतोऽय-
मग्निः ।
तमेवभान्तमनुभातिसर्व्वंतस्यभासासर्व्वमिदंवि-
भाति ॥२५८॥

ત્યહાં (તે સ્વયંપ્રકાશ જગદીશ્વર બ્રહ્મમાં) સૂર્ય્ય, ચન્દ્ર તારાઓ કે વિજળીઓ પ્રકાશ આપી શકતાં નથી–શોભતાં નથી, તો આ અગ્નિ ક્યાંથી શોભી શકે ? તે પ્રકાશી રહેલા પરમાત્માની પાછળ બધાં પ્રકાશે છે. રે ! તે સચ્ચિદાનન્દના પ્રકાશ વડે જ સર્વ પ્રકાશવાળું દેખાય છે. ૨૫૮

आश्चर्य्यवत्पश्यतिकश्चिदेनमाश्चर्य्यवद्वदतितथैव-
चान्यः ।
आश्चर्य्यवच्चैनमन्यःश्रृणोतिश्रुत्वाप्येनंवेदनचैव-
श्चित् ॥२५९॥

એ પરમાત્માને કોઇ આશ્ચર્યની પેઠે વિચારે છે, કોઈ આશ્ચર્યની પેઠે કહે છે, તેમજ બીજો કોઈ એ (ઇશ્વર) ને આશ્ચર્યની પેઠે જ સાંભળે છે, અને સાંભળીને પણ એને કોઇ જાણી કે સ્હમજી શકતું નથી. ૨૫૯

यथानद्यःस्यन्दमानाःसमुद्रेऽस्तंगच्छन्तिनामरूपे-
विहाय ।
तथाविद्वान्नामरुपाद्विमुक्तःपरात्परंपुरुषमुपैतिदि-
व्यम् ॥२६०॥

જ્હેમ વ્હેતી નદીઓ પોતાનાં નામ અને રૂપ છોડી દઇને સમુદ્રમાં લીન થાય છે—અસ્ત પામે છે, તેમ જ્ઞાની મનુષ્ય પણ નામ રૂપથી વિમુકત થઇને પર થકી પર એવા દિવ્ય પુરૂષને પામે છે. ૨૬૦

योदेवोग्नौयोऽप्सुयोविश्वंभुवनमाविवेश
यओषधीषुयोवनस्पतिषुतस्मैदेवायनमोनमः।२६१।

જે દેવ અગ્નિ, જળ, સંપુર્ણ ભુવન, ઔષધિયો અને વનસ્પતિયોમાં પ્રવેશ કરી રહ્યા છે—વ્યાપી રહ્યા છે તે દેવને વારંવાર પ્રણામ હો! ૨૬૧

अपाणिपादोजवनोगृहीतापश्यत्यचक्षुःसश्रृणोत्य-
कर्णः ।
सवेत्तिवेद्यंनचतस्यास्तिवेत्तातमाहुरग्र्यंपुरुषंमहा-
न्तम् ॥२६२॥

જે હાથપગ વિનાના છે છતાં ગ્રહણ કરનાર તથા વેગવાળા છે, જે ચક્ષુ અને કર્ણ રહિત છે છતાં જોનાર ને સાંભળનાર છે, જે જાણવાનું જાણે છે છતાં તેને જાણનાર કોઇ નથી, તેને જ વિદ્વાનો પુરાતન મહાપુરૂષ કહે છે. ૨૬૨

अणोरणीयान्महतोमहीयानात्मागुहायांनिहितोऽ
स्यजन्तोः ।
तमक्रतुंपश्यतिवीतशोकोधातुःप्रसादान्महिमा-
नमीशम् ॥२६३॥

જે સૂક્ષ્મથી સૂક્ષ્મ અને મ્હોટાથી અત્યંત મ્હોટો છે તેમ જ આત્મ સ્વરૂપે આ પ્રાણિમાત્રના હૃદયમાં રહ્યો છે તે અકર્તા સમર્થ ઇશ્વરને ગુરૂની કૃપાએ શોકરહિત મનુષ્ય જુએ છે-વિચારે છે. ૨૬૩

नतस्यकश्चित्पतिरस्तिलोकेनचेशितानैवचतस्य-
लिङ्गम् ।
सकारणंकरणाधिपाधिपोनचास्यकश्चिज्जनितान-
चाधिपः ॥२६४॥

તે પરમાત્માનો લોકમાં કોઇ પાલક કે નિયામક નથી તથા ત્હેનું કંઇ ચિન્હ પણ નથી જ, તે પોતે જ જગતને રચવાની સામગ્રિના પતિનો પતિ ને કારણરૂપ છે અને તેનો કોઈ ઉત્પાદક કે ઉપરી-અધીશ્વર નથી જ. ૨૬૪

श्रेयश्चप्रेयश्चमनुष्यमेतस्तौसंपरीत्यविविनक्तिधीरः
श्रेयोहिधीरोऽभिप्रेयसोवृणीतेप्रेयोमन्दोयोगक्षेमा-
द्वृणुते ॥२६५॥

શ્રેય અને પ્રેય એ બે પદાર્થો મનુષ્યને પ્રાપ્ત થાય છે, કે જે પ્રાપ્ત થતાં ધીર પુરૂષ તેનું વિવેચન એટલે કે પૃથક્કરણ

કરે છે વળી પ્રેય કરતાં આ ઉત્તમ છે એમ સ્હમજીને ધીર નર તો શ્રેયની જ કામના કરે છે. પરંતુ મૂઢ મનુષ્ય યોગ અને ક્ષેમથી લલચાઇને પ્રેયને ચ્હાય છે. ૨૬૫

एकोदेवःसर्व्वभूतेषुगूढःसर्व्वव्यापीसर्व्वभूतान्त-
रात्मा ।
कर्म्माध्यक्षःसर्व्वभूताधिवासःसाक्षीचेताकेवलो-
निर्गुणश्च॥२६६॥

એ એક દેવ સર્વ પ્રાણિયોમાં ગુપ્તરૂપે રહેલા સર્વત્ર ફેલાયલા, સર્વ પ્રાણિયોના અન્તરાત્મા, કર્મના અધ્યક્ષ, સર્વ ભૂતોના નિવાસ, સાક્ષી, પ્રકાશક, કેવળ [ઉપાધિ વિનાના] અને નિર્ગુણ છે. ૨૬૬

सर्व्वेवेदायत्पदमामनन्तितपांसिसर्व्वाणिचयद्वद-
न्ति यदिच्छन्तोब्रह्मचर्य्यंचरन्तितत्तेपदंसंग्रहेण-
ब्रवीम्योमिति ॥२६७॥

બધા વેદો જે પદને મનાવે છે, તમામ તપો જે કહી રહ્યાં છે તથા જ્હેને મેળવવા ઇચ્છનારાઓ સ્વાધ્યાયાદિ યુક્ત બ્રહ્મચર્ય પાળે છે એ બધાનો સંગ્રહ કરીને હું ત્હેને તે પદ ૐ એ પ્રમાણે કહું છું. ૨૬૭

सयोहवैतत्परमंब्रह्मवेदब्रह्मैवभवतिनास्याब्रह्म वि-
त्कुलेभवतितरतिशोकंतरतिपाप्मानंगुहाग्रन्थिभ्यो
विमुक्तोऽमृतोभवति। सत्यंज्ञानमनंतमानन्दंब्रह्म-
नेहनानास्तिकिञ्चन ॥२६८॥

જે જ્ઞાની મનુષ્ય હોય તે જો બ્રહ્મને જાણે તો તે બ્રહ્મ જ થાય છે, એના કુળમાં બ્રહ્મને નહિ જાણનાર થતો નથી. શોક અને પાપને તરી જાય છે, બુદ્ધિની ગાંઠોથી મુકત થઇને અમૃત થાય છે–મોક્ષ પામે છે. સત્ય, જ્ઞાન, અને આનંદરૂપ તે બ્રહ્મનો અન્ત નથી–સર્વવ્યાપક છે. આલોકમાં બીજુ ભિન્ન ભિન્ન કૈં પણ નથી. ૨૬૮

अस्तिस्वयमित्यस्मिन्नर्थेकस्यास्तिसंशयःपुंसः
अत्रापिसंशयःश्चेच्चःसंशायिता सएवभवत्यसम्॥२६९॥

"પોતે છે" એ અર્થમાં કયા મનુષ્યને સંશય છે? છતાં એમાં પણ જો સંશય હોય તો જે સંશય કરનાર છે તેજ તું ઠરે છે. ૨૬૯

वायुर्यथैकोभुवनंप्रविष्टोरूपंरूपंप्रतिरूपोबभूव

एकस्तथासर्व्वभूतान्तरात्मा रूपं रूपंप्रतिरूपोब-
हिश्च ॥२७०॥

જહેમ જગતમાં રહેલો વાયુ એક છતાં રૂપ રૂપ પ્રત્યે તેવા રૂપનો થાય છે તેમ સર્વ ભૂતની અંદર તથા બહાર રહેલ એકજ પરમાત્મા રૂપ રૂપ પ્રત્યે તેવા રૂપના થાય છે ૨૭૦

नायमात्माप्रवचनेनलभ्योनमेधयानबहुनाश्रुतेन
यमेवैषवृणुतेतेनलभ्यस्तस्यैषआत्माविवृणुतेतनुं-
स्वाम् ॥२७१॥

વ્યાખ્યાન કરવાથી, બુદ્ધિથી કે ઘણું ઘણું સાંભળવા થકી-બહુ શ્રુત થવાવડે આ આત્મા [બ્રહ્મ] મળી શકતો નથી પણ જહેને તે ચાહ્ય છે ત્હેને જ તે મળી શકે છે ને ત્હેને જ પોતાના સત્યરૂપનો યથાર્થ બોધ આપે છે. ૨૭૧

नायमात्माबलहीनेनलभ्योनचप्रमादात्तपसोवा-
प्यलिङ्गात् ।
एतैरुपायैर्यततेविद्वाँस्तस्यैषआत्माविशतेब्रह्मधाम
॥२७२॥

આ આત્મા બળહીન મનુષ્યે અથવા પ્રમાદ થકી કે તપના ચિન્હો વિના મેળવી શકાતો નથી પણ જે વિદ્વાન આ ઉપાયો વડે યત્ન કરે છે તે જ્ઞાનિ મનુષ્યનો આત્મા જ સુખે સ્વસ્વરૂપને પામે છે—બ્રહ્મમાં ભળે છે. ૨૭૨

चैतन्यंसर्व्वगंसर्व्वंसर्व्वभूतगुहाशयम् ।
यत्सर्व्वविषयातीतंतस्मैसर्व्वविदेनमः ॥२७३॥

સર્વ વ્યાપી, સર્વ, સર્વ પ્રાણિયોના હૃદયમાં રહેનાર, ચૈતન્યરુપ, ને જે સર્વ વિષયોને ઓળંગી ગયા છે તેવા સર્વજ્ઞ પરમાત્માને પ્રણામ હો! ૨૭૩

अचिन्त्याव्यक्तरूप यनिर्गुणायगुणात्मने ।
समस्तजगदाधारमूर्त्तयेब्रह्मणेनमः ॥२७४॥

ચિન્તવનમાં ન આવી શકે તેવા અસ્પષ્ટ રૂપ વાળા, નિર્ગુણ છતાં ગુણોને ધારણ કરનારા, સમસ્ત જગતના આધારને વાસ્તે મૂર્તિને ધારણ કરનારા તે બ્રહ્મને પ્રણામ હો. ૨૭૪

कर्णिकादिष्विवस्वर्णमर्णवादिष्विवोदकः ।
भेदिष्वभेदिगन्तस्मैपरस्मैब्रह्मणेनमः ॥२७५॥

કુંડળ, કંકણ ઈત્યાદિમાં જેહેમ સુવર્ણ રહ્યું છે તથા

સમુદ્ર, સરોવર વિગેરેમાં જ્હેમ જળ રહ્યું છે તેમ ભેદવાળા પદાર્થોમાં અભેદથી વ્યાપેલા તે પરબ્રહ્મ પરમાત્માને પ્રણામ હો. ૨૭૫

तुभ्यंमह्यमनन्तायमह्यंतुभ्यंचिदात्मने ।
नमस्तुभ्यंपरेशायनमोमह्यंशिवायच ॥२७६॥

અનન્ત એવા ત્હને, મ્હને, ચિદાત્મા એવા મ્હને, ત્હને પરમ સમર્થ ત્હને ને કલ્યાણકારક મ્હને પ્રણામ હો. ૨૭૬

यस्यदेवेपराभक्तिर्यथादेवेतथागुरौ ।
तस्यैतेकथिताह्यर्थाःप्रकाशन्तेमहात्मनः ॥२७७॥

જ્હેની પરમાત્મામાં પરમ ભક્તિ છે તેવા, ને તેવી જ ગુરૂમાં હોય તો યોગ્ય છે કે તે મહાપુરૂષને આ કહેલા અર્થો પ્રકાશ આપે-સ્હમજાય ૨૭૭

भिद्यतेहृदयग्रन्थिश्छिद्यन्तेसर्वसंशयाः ।
क्षीयन्तेचास्यकर्म्माणितस्मिन्दृष्टेपरावरे॥२७८॥

તે શ્રેષ્ઠ, પરમાત્માને જોવાથી હૃદયની ગાંઠરૂપ [અજ્ઞાન] જતું રહે છે, તમામ સંશયો નિર્મૂળ થાય છે અને આ [જોનાર] નાં તમામ કર્મો ક્ષીણ થાય છે-ક્ષય પામે છે. ૨૭૮

जंतुनांनरजन्मदुर्लभमतःपुंस्त्वंततोविप्रता,
तस्माद्वैदिकधर्ममार्गपरताविद्वत्वमस्मात्परं,
आत्मानात्मविवेचनंस्वनुभवोब्रह्मात्मनासंस्थिति-
र्मुक्तिर्नोशतकोटिजन्मसुकृतैःपुण्यैर्विनालभ्यते
॥२७९॥

આ સૃષ્ટિમાં બધા જીવો કરતાં માણસનો જન્મ શ્રેષ્ટ છે તેમાં વળી પુરૂષતા તેથી વળી બ્રાહ્મણપણુ તેમાં વૈદિકતા (શાસ્ત્ર પ્રમાણે ચાલવું તેમાં વળી વિદ્યા પ્રાપ્તિ, તેથી પણ આત્મવિચાર કરવો, તેથી અનુભવ કરવો ને તેથી જીવબ્રહ્મની એકતા એક પછી એક શ્રેષ્ઠ છે માટે કરોડો જન્મનુ પુણ્ય હોય ત્યારે મુક્ત થવાનો સંભવ આવે છે. ૨૭૯

वदन्तुशास्त्राणियजन्तुदेवान् कुर्वन्तुकर्माणिभ-
जन्तुदेवताः ।
आत्मैकबोधेनविनापिमुक्तिर्नसिध्यतिजन्मशता-
न्तरेपि ॥२८०॥

દેવોનુ પુજન કરો, યજ્ઞ કરો, ભજન કરો એવું શાસ્ત્રો

કહે છે પણ આત્મજ્ઞાન થયા સિવાય સો જન્મે પણ મુક્તી નથી. ૨૮૦

यथासुवर्णपटुपाकशोधितंत्यक्त्वामलंस्वात्मगुणं-
समृच्छति ।
तथामनःसत्वरजस्तमोमलं, ध्यानेनसंत्यज्यसमे-
तितत्वम् ॥२८१॥

જેમ સોનાને અનેક રીતે શોધવાથી શુદ્ધ સ્વરૂપ થાય છે. તેમ ધ્યાન કરી મનનો મેલ કાઢી–મેલ ત્યાગ કરી મન શુદ્ધ થાય ત્યારે ઇશ્વરરૂપી તત્વમાં જોડાય છે. ૨૮૧

चित्तस्यशुद्धयेकर्मनतुवस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेणनकिंचित्कर्मकोटिभिः॥२८२॥

કર્મ કરવું તે ચીતની શુદ્ધિ માટે છે પદાર્થ પ્રાપ્તિ માટે નથી કરોડો કર્મ કરીએ પણ જ્ઞાન વગર વસ્તુ સિદ્ધિ થતી નથી. ૨૮૨

स्ववर्णाश्रमधर्मेणतपसाहरितोषणात् ।
साधनंप्रभवेत्पुंसांवैराग्यादिचतुष्टयम् ॥२८३॥

પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ પાળવાથી પ્રભુ પ્રસન્ન થાય ત્યારે મનુષ્યને વૈરાગ્ય વિગેરે મુક્તીનાં ચારે સાધન ઉત્પન્ન થાય છે. ૨૮૩

मोक्षकारणसामग्र्यांभक्तिरेवगरीयसी ।
स्वस्वरूपानुसंधानंभक्तिरित्यभिधीयते ॥२८४॥

પોતાના મૂલ સ્વરૂપનુ અનુસંધાન કરવું તેજ ભક્તિ છે મુક્તિના સાધનમાં તેજ ભક્તિ સૌથી મોટી છે. ૨૮૪

वेदान्तश्रवणंकुर्यात्मननंचोपपत्तिभिः ।
योगेनाभ्यसनंनित्यंततोदर्शनमात्मनः ॥२८५॥

વેદાન્તનાં વાક્યો સાંભળવાં પછી યુક્તિ પૂર્વક મનન કરવું ને પછી ચિત્ત વશ રાખી તેનો અભ્યાસ તેથી આત્માનું દર્શન થાય છે [આત્મા ઓળખી શકાય છે]. ૨૮૫

अहंब्रह्मेतिविज्ञानात्कल्पकोटिशतान्वितम् ।
संचितंविलयंयातिप्रबोधात्स्वप्नकर्मवत् ॥२८६॥

જેમ સ્વપ્નામાં ગમે તેટલું (સુખ અથવા દુઃખ) ભેગું કર્યું હોય તે જાગવાથી મટી જાય છે તેમ હું બ્રહ્મ છું એવું જ્ઞાન થાય ત્યારે કરોડો જન્મનાં કરેલાં સંચિત નાશ પામે છે. ૨૮૬

देहोदेवालयंप्रोक्तोदेहिदेवोनिरंजनः ।
अर्चितःसर्वभावेनस्वानुभूत्याविराजते ॥२८७॥

આ દેહ એક દેવાલય છે તેમાં જીવતે પરમાત્માનું સ્વરૂપ છે. તેને સઘળા દેહોમાં સમાન રૂપે દેખવું એવી પૂજા કરવાથી પોતેજ પોતાના પ્રકાશમાં બીરાજે છે. ૨૮૭

ब्रह्मसत्यंजगन्मिथ्याजीवोब्रह्मैवनापरः ।
अनेनवेद्यंसच्छास्त्रमितिवेदांतडिंडिमः ॥२८८॥

આ જગતમાં દેખાતા પદાર્થો મિથ્યા છે ને કેવલ બ્રહ્મજ સત્ય છે. એવું વેદાન્ત શાસ્ત્ર અવાજ કરીને કહે છે માટે તે સારા શાસ્ત્રદ્વારા બ્રહ્મને શોધવું-જાણવું. ૨૮૮

वाग्वैखरीशब्दझरीशास्त्रव्याख्यानकौशलं ।
वैदुष्यंविदुषांमध्येभुक्तयेनतुमुक्तये ॥२८९॥

શબ્દો બોલવામાં કુશળ હોય, વ્યાખ્યાન કરવામાં પણ કુશળ હોય ને પંડિતાઇમાં પુરો હોય પણ એ બધું ભોગનું સાધન છે મુક્તિનું નથી. ૨૮૯

शब्दजालंमहारण्यंचित्तभ्रमणकारणं ।
अतःप्रयत्नाज्ज्ञातव्यंतत्वज्ञात्तत्वमात्मनः॥२९०॥

શબ્દજાલ રૂપી મોટું વન છે તે ચિત્તને ભમાવે છે માટે તત્વજ્ઞાનવાળાઓ પાસેથી મહેનત કરી આત્મતત્વનું જ્ઞાન જાણવું. ૨૯૦

वेदान्तार्थविचारेणजायतेज्ञानमुत्तमम् ।
तेनात्यंतिकसंसारदुःखनाशोभवत्यनु ॥२९१॥

વેદાન્તના અર્થો વિચારવાથી ઉત્તમ જ્ઞાન થાય છે માટે તેથીજ વારંવાર જન્મમરણ રૂપી દુઃખનો નાશ છે. ૨૯૧

लोकानुवर्तनंत्यक्त्वात्यक्त्वादेहानुवर्तनम् ।
शास्त्रानुवर्तनंकृत्वास्वाध्यासापनयंकुरु ॥२९२॥

લોક ચાલ છોડીને તથા શરીરની અનુકુલતા છોડીને શાસ્ત્રને રસ્તે વર્તી હું જીવ છું એવું અજ્ઞાન દૂર કરવું. ૨૯૨

लोकवासनयाजन्तोःशास्त्रवासनयापिच ।
देहवासनयाज्ञानंयथावन्नैवजायते ॥२९३॥

લોકો કરે તે પ્રમાણે તથા લૌકિકશાસ્ત્રો કહે તે પ્રમાણે તથા શરીરને ફાવે તેમ કરવું એવી વાસનાથી યથાર્થ જ્ઞાન થતું નથી. ૨૯૩

तार्किकाणांचजीवे ।।व्यवेतौविदुर्बुधाः ।
लक्ष्यौचसांख्ययोगाभ्यांवेदांतैरेकतातयोः॥२९४॥

ન્યાયશાસ્ત્રમાં જીવ ને ઈશ્વર જુદા છે. યોગ ને સાંખ્યમાં પણ લક્ષ્ય જુદે રૂપે છે એવું કહે છે પણ વેદાન્તમાં તે બેઉ એકજ રૂપે છે એવું સિદ્ધ ને। જાણે છે. ૨૯૪

कर्मशास्त्रेकुतोज्ञानंतर्कैर्नैवास्तिनिश्चयः
सांख्ययोगौभिदापन्नौशाब्दिकाःशब्दतत्पराः।२९५।

કર્મશાસ્ત્રમાં તો જ્ઞાન કયાંથીજ હોય ને ન્યાયશાસ્ત્રમાં અનેક તર્કોથી નિશ્ચય ન હોય, સાંખ્ય ને યોગમાં તો જીવ બ્રહ્મ જુદા જ છે. શબ્દજ્ઞાનવાળા તો શબ્દસિદ્ધિમાં જ રહ્યા છે. ૨૯૫

अन्येपाखंडिनःसर्वेज्ञानवार्तासुदुर्बलाः ।
एकंवेदान्तविज्ञानंस्वानुभूत्याविराजते ॥२९६॥

બાકીના કપોલકલ્પિત માર્ગવાળા તો જ્ઞાન જાણી જ ન શકે. માટે એક વેદાન્તનું જ્ઞાન જ પોતે પોતાના સ્વરૂપમાં શોભી રહેલું છે. ૨૯૬

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणं ।
प्रधानंसर्वधर्माणांवेदोजयतिशासनम् ॥२९७॥

સર્વ મંગલોમાં અતિ મંગલકારી ને કલ્યાણોનું મૂલ કારણ ને બધા ધર્મોમાં મુખ્ય એવું વેદ રૂપી શાસન (આજ્ઞા) સર્વની ઉપર જય કરે છે (ચઢીયાતું છે) ૨૯૭

वेदोक्तमेवकुर्वाणोनिःसंगोऽर्पितमीश्वरे ।
नैष्कर्म्यांलभतेसिध्धिंरोचनार्थाफलश्रुतिः ॥२९८॥

વેદશાસ્ત્રમાં કહેલું કર્મ સંગરહિત થઇ (નિષ્કામતાથી) ઇશ્વરને અર્પણ કરે તો મુક્તિ મળે છે કારણ કે કર્મમાં જે ફલ દેખાડયાં છે તે પ્રીતિ ઉત્પન્ન થવાને માટે. ૨૯૮

एवमग्न्यर्कतोयादावतिथौहृदयेचयः ।
यजतीश्वरमात्मानंमचिरान्मुच्यतेहिसः ॥२९९॥

એ પ્રમાણે અગ્નિનારાયણ, સૂર્ય, જલ, અતિથિ ને હૃદયમાં પરમાત્માનું પૂજન કરે છે તે પ્રાણી થોડા વખતમાં મુકત થાય છે. ૨૯૯

नाचरेद्यस्तुवेदोक्तंस्वयमज्ञोऽजितेंद्रियः ।
विकर्मणाह्यधर्मेणमृत्योर्मृत्युमुपैतिसः ॥३००॥

જે અજ્ઞાનતાથી ઇન્દ્રિયોને વશ નહી રાખીને-વેદોકત કર્મ કરતો નથી તે ઉલટાં કર્મ કરી અધર્મથી વારંવાર મૃત્યુને પામે છે. ૩૦૦

विधर्मःपरधर्मश्चआभासउपमाछलः ।
अधर्मशाखाःपञ्चेमाधर्मज्ञोऽधर्मवत्त्यजेत् ॥३०१॥

૧-વિધર્મ, ૨-પરધર્મ, ૩-આભાસ, ૪-ઉપમા, ૫-છલ આ પાંચ અધર્મનાં ડાળાં છે માટે ધર્મ જાણનારાએ અધર્મની પેઠે પાંચેનો ત્યાગ કરવો. ૩૦૧

धर्मबाधोविधर्मःस्यात्परधर्मोऽन्यचोदितः ।
उपधर्मस्तुपाखण्डोदम्भोवाशब्दभिच्छलः॥३०२॥

ધર્મમાં વાંધા પાડવા તે વિધર્મ, વર્ણાશ્રમ ભિન્ન લોકોએ કહેલું તે પરધર્મ, પાખણ્ડ અથવા દમ્ભ ને ઉપધર્મ ને છલ એટલે કપટ કહેવાય છે. ૩૦૨

यस्त्विच्छयाकृतःपुम्भिराभासोह्याश्रमात्पृथक् ।
स्वभावविहितोधर्मःकस्यनेष्टःप्रशान्तये ॥३०३॥

પોતાની ખુશી પ્રમાણે કરવું તે આભાસ કહેવાય છે. માટે તેમ ન કરવું-કારણ કે શાસ્ત્રમાં બતાવેલો ધર્મ કોનું ભલું

નથી કરી શકતો [અર્થાત્ સર્વનું ભલું કરી શકે છે જ] ૩૦૩

अतिकल्याणरूपत्वान्नित्यकल्याणसंश्रयात् ।
स्मर्तृणांवरदत्वाच्चब्रह्मतन्मंगलंविदुः ॥३०४॥

બ્રહ્મ એ શબ્દ ઘણો મંગલસ્વરૂપ છે કારણ કે અત્યંત કલ્યાણનો આશ્રય તથા સ્મરણ કરનારને ઇષ્ટફલ દેનાર છે. ૩૦૪

सत्यंज्ञानमनंतंयन्निष्कलंनिष्क्रियंपरं ।
अद्वितीयंनिर्विशेषंब्रह्मतत्समुपास्महे ॥३०५॥

બ્રહ્મ એજ છે કે જે સત્યસ્વરૂપ, અનંતસ્વરૂપ, ભેદરહિત, ક્રિયા રહિત, સર્વથી પર, દ્વૈતભિન્ન ને વિશેષ રહિત છે માટે તેની ઉપાસના કરવી. ૩૦૫

अंतर्ज्योतिर्बहिर्ज्योतिःप्रत्यग्ज्योतिःपरात्परः ।
ज्योतिर्ज्योतिःस्वयंज्योतिरात्मज्योतिःशिवोऽस्म्य-
हम् ॥३०६॥

અંદર ને બહાર સર્વત્ર પ્રત્યક્ષ તેજ સ્વરૂપ પરથી પણ પર, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ, તેજનું પણ તેજ, પોતે પ્રકાશભૂત આત્મસ્વરૂપ તેજ શિવ તેજ મારો આત્મા સર્વત્ર છે. ૩૦૬

परोक्षंशास्त्रजंज्ञानंविज्ञानंचात्मदर्शनं ।
आत्मनोब्रह्मणःसम्यगुपाधिद्वयवर्जितं ॥३०७॥

માયા ને અવિદ્યા બેઉ ઉપાધિ છોડીને બ્રહ્મને આત્માનું જ્ઞાન પ્રત્યક્ષ એક કરી આત્મદર્શન કરવું તે વિજ્ઞાન છે બાકી બધું શાસ્ત્રજ્ઞાન પરોક્ષ રહેલું છે. ૩૦૭

ब्रह्मैवास्मितिसद्वृत्यानिरालंबतयास्थितिः ।
ध्यानशब्देनविख्यातापरमानंददायिनी ॥३०८॥

એકનિષ્ઠારાખી હું બ્રહ્મ છું એવું સદાચરણ કરવું તેને અત્યંત આનંદ આપનારૂં ધ્યાન કહે છે. ૩૦૮

देहाभिमानेगलितेविज्ञातेपरमात्मनि ।
यत्रयत्रमनोयातितत्रतत्रसमाधयः ॥३०९॥

જેનું દેહાભિમાન જતું રહ્યું છે ને સર્વત્ર પ્રભુ છે એવું જાણે છે તેનું મન ગમે તે પદાર્થમાં જાય તોપણ ત્યાં સમાધિજ થાય છે. ૩૦૯

प्रणवाभ्यसनोक्तकर्मणःकरणेनापिगुरोनिषेवणात्
अपगच्छतिमानसंमलंक्षमतेतत्वमुदीरितंततः।३१०

ગુરૂનું સેવન કરવાથી ને ૐકારનો જપ કરવાથી ને શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કર્મ કરવાથી મનનો મેલ ત્યાગ થઇ આત્મતત્વનું જ્ઞાન ઉત્પન્ન થાય છે ૩૧૦

नलक्ष्यमेलक्ष्याणिनचापिचित्तबंधोनदेशकालौनचवायु-

रोधः ।

नधारणाध्यानपरिश्रमोवासमेधमानेसतिराजयोगे

॥३११॥

જ્યારે રાજયોગ પ્રાપ્ત થાય છે ત્યારે દ્રષ્ટિ સ્થિર કરવાનું ચિત્ત રોકવાનું તથા અમુક દેશ તથા કાલનું સેવન કરવાનું તથા વાયુ રોકવો તથા એકધારણા કરતાં શીખવું ને ધ્યાન ધરવું એ કશી મહેનતની જરૂર રહેતી નથી. ૩૧૧

रूपंयत्तत्प्राहुरव्यक्तमाद्यंब्रह्मज्योतिर्निर्गुणंनिर्वि-

कारं ।

सतमात्रंनिर्विशेषंनिरीहंसत्वंसाक्षाद्विष्णुरध्या-

त्मदीपः ॥३१२॥

જેને અવ્યક્ત, આદિભૂત, બ્રહ્મ, તેજસ્વરૂપ, નિર્ગુણ-નિર્વિકાર, સત, ભેદરહિત, ક્રિયારહિત એવું કહે છે તે વિષ્ણુ

સ્વરૂપ પ્રકાશમાન આપ પોતે જ છો. ૩૧૨

एकस्त्वमात्मापुरुषःपुराणःसत्यःस्वयंज्योतिरनंत-
आद्यः ।
नित्योऽक्षरोऽजस्रसुखोनिरंजनःपूर्णोद्वयोमुक्तउपा-
धितोऽमृतः ॥३१३॥

હે પ્રભો, આપ એક આત્મા સ્વરૂપ પ્રત્યક્ષ સૌથી જુના સત્ય-સ્વયં પ્રકાશ, અનંત, આદિ, નિત્ય-નાશ રહિત, નિત્યસુખ, મોહરહિત, પરિપૂર્ણ, અદ્વૈત, માયારહિત ને અમૃત સ્વરૂપ છો. ૩૧૩

त्वामात्मानंपरंमत्वापरमात्मानमेवच ।
आत्मापुनर्बहिर्मृग्यअहोऽज्ञजनताऽज्ञता ॥३१४॥

સર્વ પ્રાણી માત્રમાં આપ આત્મ સ્વરૂપે રહેલા છો એમ નહી સમજીને પછી બહાર પ્રભુને ખોળે છે તે અજ્ઞાનીનું અજ્ઞાન છે. ૩૧૪

नमामित्वानन्तशक्तिंपरेशंसर्वात्मानंकेवलंज्ञप्ति-
मात्रम् ।

विश्वोत्पत्तिस्थानसंरोधहेतुंयत्तद्ब्रह्म ब्रह्मलिंगंप्र-
शान्तम् ॥३१५॥

અનન્ત શક્તિવાળા—પરથી પર—સર્વાત્મા કેવળ જ્ઞાનરૂપ જગતનું ઉત્પત્તિ સ્થિતિને લય કરનાર શાન્ત બ્રહ્મ સ્વરૂપને હું નમું છું. ૩૧૫

यथाहिरण्यंबहुधासमीयतेनृभिःक्रियाभिर्व्यवहा-
रवर्त्मसु ।
एवंवचोभिर्भगवानधोक्षजोव्याख्यायतेलौकिक-
वैदिकैर्जनैः ॥३१६॥

જેમ એક સોનાનાં અનેક નામ છે તેમ મનુષ્યો અનેક શબ્દોથી બહુ રૂપે આપનું વર્ણન કરે છે. વસ્તુ જોતાં એક જ છે. ૩૧૬

अहंसर्वेषुभूतेषुभूतात्मावस्थितःसदा ।
तमवज्ञायमांमर्त्यःकुरुतेऽर्चाविडम्बनम् ॥३१७॥

હું દરેક પ્રાણી માત્રમાં રહેલો છું. તેને છોડીને મનુષ્યો પૂજા માટે સદા દોડાદોડ કરે છે તે શોચવા લાયક છે. ૩૧૭

योमांसर्वेषुभूतेषुसन्तमात्मानमीश्वरम् ।
हित्वार्चांभजतेमौढ्याद्भस्मन्यव जुहोतिसः॥३१८॥

કારણ કે સર્વત્ર શ્રીહરીને નહિ ગણુતાં કેવલ મૂર્તિમાં જ બેઠો છું. એવું એકલ જ્ઞાન સમજી પૂજા કરે છે તે રાખોડીમાં ઘી હોમે તેવું છે (નિષ્ફલ). ૩૧૮

तमीश्वराणांपरमंमहेश्वरंतंदेवतानांपरमंचदैवतम् ।
पतिंपतीनांपरमंपरस्ताद्विदामदेवंभुवनेशमीड्यम्
॥३१९॥

તેજ સમર્થના સમર્થ, દેવના દેવ, ઉપરીના ઉપરી ભુવનના અધિપતી સ્તુતિ કરવા યોગ્ય મહાદેવને અમે જાણીએ છીએ.૩૧૯

नमस्तेनमस्तेविभोविश्वमूर्तेनमस्तेनमस्तेचिदा-
नंदमूर्ते ।
नमस्तेनमस्तेतपोयोगगम्यनमस्तेनमस्तेश्रुतिज्ञा-
नगम्य ॥३२०॥

હે વ્યાપક, સમર્થ, તેજસ્વરૂપ, વિશ્વરૂપ ચિદાનન્દ મૂર્તિ, તપ તથા યોગ તથા જ્ઞાનથી જાણુવા ને પામવા યોગ્ય તમને વારંવાર નમીએ છીએ. ૩૨૦

नमस्तेसतेतेजगत्कारणाय नमस्तेचितेसर्वलोका-
श्रयाय ।
नमोऽद्वैततत्त्वायमुक्तिप्रदाय नमोब्रह्मणेव्यापिने-
शाश्वताय ॥३२१॥

હે સત્‌સ્વરૂપ જગતના મૂલ કારણ ને ચિત્તસ્વરૂપ સર્વ લોકોના આશ્રય-અદ્વૈત સ્વરૂપ, મુક્તિ આપનાર, વ્યાપક ને નાશ રહિત બ્રહ્મ તમને નમસ્કાર કરીએ છીએ. ૩૨૧

अजंशाश्वतंकारणंकारणानां शिवंकेवलंभासकं-
भासकानाम् ।
तुरीयंतमःपारमाद्यन्तहीनं प्रपद्येपरंपावनंद्वैतही-
नम् ॥३२२॥

હે અજન્મા-નિત્યરૂપ-કારણના પણ કારણ-સુખસ્વરૂપ એકજ, તેજસ્વી પદાર્થોને તેજ આપનાર, તુરીયાવસ્થા ગમ્ય, અંધકારથી અલગ-આદિ ને અંતરહિત સર્વથી પર તથા શ્રેષ્ઠ પવિત્ર ને બેપણાથી રહિત આપને શરણે પ્રાપ્ત થયો છું. ૩૨૨

भयानांभयंभीषणंभीषणानां गतिःप्राणिनांपावनं-
पावनानाम् ।

महोच्चैःपदानांनियंतृत्वमेकंपरेषांपरंरक्षणंरक्षणा-
नाम् ॥३२३॥

બીકને પણ બીક આપનાર–ભયંકરમાં ભયંકર–પ્રાણીઓને ગતિ કરવા યોગ્ય–પવિત્રમાં પવિત્ર સૌથી ઉંચા પદના અધિકારી–એકજ રૂપ–પરથી પર ને રક્ષણોનું પણ રક્ષણ કરનાર ૩૨૩

वयंत्वांस्मरामोवयंत्वांभजामो वयंत्वांजगत्साक्षि-
रूपंनमामः ।
सदेकंनिधानंनिरालंबमीशं भवांभोधिपोतंशर-
ण्यंव्रजामः ॥३२४॥

અમે તમને સંભારીએ છીએ ને ભજીએ છીએ. ને જગતના સાક્ષી સતને એક સ્વરૂપ પામવા યોગ્ય ભંડાર–સ્વશક્તિમાન ઇશ્વર સંસાર સમુદ્રમાં તરવાને નાવરૂપ શરણે આવેલાનું સારૂં રક્ષણ કરનાર આપને શરણે આવ્યા છીએ. ૩૨૪

अच्युतंशाश्वतंनिष्प्रपंचात्मकं निर्गुणंनिष्कलंनि-
र्मलं॰ापकं ।

निष्क्रियंसच्चिदानंदरूपंशिवं निर्द्वयंकेवलंशुद्धदेवं भजे ॥३२५॥

જીતેન્દ્રિય-નિરંતર પ્રપંચ રહિત, નિર્ગુણ-ભેદ રહિત, સ્વચ્છ, વ્યાપક, ક્રિયા રહિત, સચ્ચિદાનંદ, મંગળસ્વરૂપ, દ્વૈત રહિત એવા એક શુદ્ધ દેવને-આપને હું ભજું છું. ૩૨૫

संगच्छध्वंसंवदध्वंसंवोमनांसिजानताम् ।
देवाभागंयथापूर्वेसंजानानाउपासते ॥३२६॥

જેમ પૂર્વે દેવોએ જ્ઞાન મેળવી ઉપાસના કરી તેમ તમારાં મનો પણ જ્ઞાનથી ઇશ્વરમાં જોડીને તેમાં ગતિકરો.૩૨૬

अग्निरस्मिजन्मनाजातवेदा ।
घृतंमेचक्षुरमृतंमआसन् ॥
त्रिधातुरर्कोरजसोविमानो ।
अजस्त्रंज्योतिर्हविरस्मिसर्वं ॥३२७॥

વેદમંત્રોથી જેને જન્મ સંસ્કાર છે એવા અગ્નિનારાયણ જેનું અમૃતપ્રવાહવાળુ ઘી રૂપી નેત્ર છે તથા રજોગુણથી રહિત સત્યસ્વરૂપ ત્રણ લોકને ધારણ કરનાર સૂર્ય નિરંતર તેજસ્વરૂપ તથા હોમ દ્રવ્ય એ સર્વ બ્રહ્મનુંજ સ્વરૂપ છે.૩૨૭

ईशावास्यमिदं सर्वंयत्किंचजगत्यांजगत् ।
तेनत्यक्तेनभुंजीथामागृधःकस्यस्विद्धनं ॥३२८॥

આ જગતમાં બધુ પદાર્થ ઇશ્વરનુ જ છે માટે તેનો ઉદાસીનતાથી ઉપભોગ કરવો (હું મારૂં છોડી દેવું) ને ખોટી દાનતથી કોઇના ધનની ઇચ્છા કરવી નહિ. ૩૨૮

सपर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरंशुद्धमपाप-
विद्धम् ।
कविर्मनीषीपरिभूःस्वयंभूर्याथातथ्यतोऽर्थान्व्यद-
धाच्छाश्वतीभ्यःसमाभ्यः ॥३२९॥

તે પરમાત્મા શરીરાદિ અવયવોથી રહિત થઇ તેજ-સ્વરૂપે વ્યાપ્ત તે રહેલા છે. તે બુદ્ધિમાન કવિ તથા સર્વ-વ્યાપક ને સ્વયંપ્રકાશ થઇ જગતના પદાર્થોને યથાર્થ પ્રકારે નિરંતર ચલાવ્યા કરે છે. ૩૨૯

प्रजापतिश्चरतिगर्भेऽअन्तर्जायमानोबहुधाविजा-
यते । तस्ययोनिंपरिपश्यन्तिधीरास्तस्मिन्हतस्थु-
र्भुवनानिविश्वा ॥३३०॥

તે હિરણ્યગર્ભ પરમાત્મા બ્રહ્માંડની અંદર અનેકરૂપે ઉત્પન્ન થયેલા છે. જેની અંદર બધાં ભુવનો સ્થિતિ કરે છે તેનું મૂલ કારણ બ્રહ્મને જ્ઞાની લોકો સારી રીતે જાણી શકે છે. ૩૩૦

स एवाधस्तात्सउपरिष्टात्सपश्चात्सपुरस्तात्सदक्षिणतःसउत्तरतःसएवेदꣳसर्वम् ॥३३१॥

તે ઇશ્વર ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર ને બે પાસ બે એમ સર્વત્ર રહેલા છે. ૩૩૧

अथातोऽहंकारादेशएवाहमेवाधस्तादहमुपरिष्टादहंपश्चादहंपुरस्तादहंदक्षिणतोऽहमेवेदꣳसर्वम् ॥ ॥३३२॥

સર્વમાં અહંકારના સંસ્કારવાળું ચૈતન્ય પણ ઉપરનીચે આગળ-પાછળ, અંદર-બહાર વિગેરે સર્વત્ર રહેલુંજ છે.૩૩૨

अथातआत्मादेशएवात्मैवाधस्तादात्मोपरिष्टादात्मापश्चादात्मापुरस्तादात्मादक्षिणतआत्मोत्तरतआत्मैवेदꣳसर्वम् ॥३३३॥

માયાની ઉપાધિ તથા અવિદ્યાની ઉપાધિ કાઢી નાખી

જોઇએ તો કેવલ આત્માજ પોતે સર્વત્ર વ્યાપક રૂપે ચોતરફ અંદર બહાર એકજ રૂપે છે એવી ઇશ્વરની આજ્ઞા છે. ૩૩૩

समाप्तिमगमद्गीतागीतयाऽत्मानमुद्धरेत् ।
गीताब्रह्मर्षिणाप्रेम्णासम्बन्धयंसन्नयान्विता ॥३३४॥

જે ગીતાના જ્ઞાનથી આત્માનો ઉદ્ધાર એવી ગીતા બ્રહ્મર્ષિએ પ્રેમથી ઘટતા વાકયોના સમ્બન્ધથી જોડેલી તે સમાપ્ત થાય છે. ૩૩૪

ॐसहनाववतुसहनौभुनक्तुसहवीर्य्यंकरवावहै ।
तेजस्विनावधीतमस्तुमाविद्विषावहै। ॐ ॐ ॐ॥

સર્વ જીવોએ પરસ્પર સમાનભાવ રાખી એક બીજાનું રક્ષણ કરવું, ખાવું, પીવું, પુરુષાર્થ કરવું ને જ્ઞાન મેળવવું પણ દ્વેષ કરવો નહિ એવી વેદમંત્રની આજ્ઞા છે શિવમસ્તુ ૩૩૫

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ब्रह्मर्षिकृतग्रंथमाला.

१	वेदान्तसमुच्चय	१—४—०
२	ज्ञानचिंतामणि	२—०—०
३	द्विजकर्मसमुच्चय	०—६—०
४	द्विजस्त्रीनित्यकर्म	०—१—०
५	शूद्रदंपतिनित्यकर्म	०—१—०
६	ब्रह्मऋषिगीता	०—८—०
७	विश्वविजयखड्ग (छपाय छे)	
८	ब्रह्मर्षिप्रवास	"

मळवानुं ठेकाणुं—

ब्रह्मर्षिश्री हरेगश गुरुराम शर्मा

सारंगपुर तळीआनी पोळ नं. २१५१ अमदावाद